श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

# શ્રીસિદ્ધચક્ર.

વર્ષ-૧૯-અંક-૮ મો. વૈશાખ-માસ તા. ૧૭-૫-૫૩

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम ॥

ભાવાર્થ:-સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

## શ્રદ્ધાનાં ઓસરતાં પૂર.

આલેખનકાર:—પ૦ પૂ૦ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિવર્ય.

જૈનસંઘના આગેવાનોમાંથી શ્રદ્ધાનાં પૂર ઓસરતાં જાય છે. જૈન કુટુંબનો વડીલ-આગેવાન મંદિર-મૂર્તિ-ગુરૂનું વંદન-પૂજન-સત્કાર-સન્માનમાં કમ્મર કસે છે, અને તે વડીલનો આશ્રિત વર્ગ બૈરાં-છૈયાં-છોકરાં-પુત્ર-પુત્રી-પરિવાર પાછળ ઉભો ઉભો અટ્ટહાસ્ય કરે છે. જૈન કુટુંબના વર્તમાન વડીલો દશ-વીશ-ત્રીસ વર્ષે આયુષ્યની સમાપ્તિ સાથે વિદાય થશે, અને પાછળના શ્રદ્ધાહીન, ક્રિયા-આચારાદિહીન વારસદારોને મુકતા જશે. આ રીતિએ સમસ્ત ભારતવર્ષમાં મોટા ભાગના જૈન કુટુંબો ધર્મહીન-ક્રિયાહીન-શ્રદ્ધાહીન અને શાસનમાન્ય આચાર-વિચાર વર્તન રહિત થતા જાય છે, તો આ સંબંધની જવાબદારી સમજીને ચાલુ નુકશાનકારક પ્રબળ—વેગને રોકવાનું અને ભાવિલાભદાયક-માર્ગને શરૂ કરવાનું સામર્થ્ય કયો શ્રમણ-વર્ગ અને શ્રમણોપાસક-વર્ગ કરવા તૈયાર છે?

**આ સંબંધની ઉપેક્ષા ખતરનાક નીવડશે, અને સમજાશે તો સુધારવાની બાજી હાથમાં નહિં હોય; માટે હજુ સવેળા ચેતવાની જરૂર છે.**

વિ. સં. ૨૪૭૯.
વિ. સં. ૨૦૦૯.
ઈ. સ. ૧૯૫૩.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
C/o ચીમનલાલ સવાઈચંદ સંઘવી.
ઠે. ગોળશેરી, ગલેમંડી-સુરત W. Rly.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના-
રૂ. ૦-૪-૬

[ ટાઈટલ ૩ થી ચાલુ ]

૯૪૬. ભગવંત શ્રી મહાવીરનો ત્રીશ વર્ષથી પણ ઓછા કેવલિ પર્યાયમાં રહીને કરેલો ઉપકાર એકવીશ હજાર વર્ષના આ શાસનમાં ચતુર્વિધ સંઘ સ્મરણ કરીને કૃતાર્થ થશે.

૯૪૭. પદ્માસને અગર કાયોત્સર્ગાને બિરાજમાન થયેલ ભગવંતોની પ્રતિમાને ભગવંતરૂપે સ્વીકારીને દર્શન વન્દન–પૂજન–સત્કાર–સન્માન કરીને કૃતાર્થ થાઓ.

૯૪૮. પાષાણની અગર પંચ ધાતુઓની પ્રતિમાઓ પ્રાણ પ્રતિષ્ઠાદિ પંચ કલ્યાણકોના પુનીત સંસ્કારોની સાથે અત્યુત્તમ અંજનથી ભરપૂર અંજન શલાકાથી અંજિત થાય છે, ત્યારેજ તે પ્રતિમાઓ ભગવંતરૂપે દર્શનીય–વન્દનીય–પૂજનીય બને છે એ ભૂલવા જેવું નથી.

૯૪૯. આ દુઃષમ કાળમાં વિશ્વવન્દ્ય—તીર્થંકરોનો વિરહ હોવા છતાં તીર્થંકરોની પ્રતિકૃતિરૂપ પ્રતિમાઓ એ તીર્થંકરપણાની વાસ્તવિકતાને ઓળખાવીને સમ્યગ્દર્શનને સમર્પણ કરે છે, માટે અવસર પામીને દર્શન કરો અને કૃતાર્થ થાઓ.

૯૫૦. દર્શન કરનારને ઉચ્ચ કક્ષાએ માનવ જીવન જીવવું એની પ્રબળ પ્રેરણાઓ આપનાર ભગવંતની પ્રતિમા છે.

૯૫૧. વીતરાગની વાણીને એટલે વાણીરૂપ સ્થાપનાને સ્વીકારનારાઓ મૂર્તિને સ્વીકારતા નથી, એજ વાસ્તવિક રીતિએ વીતરાગને અને વીતરાગની વાણીને નહિં સ્વીકારવાનો એકરાર કરે છે.

૯૫૨. કાટ ખાધેલી તરવાર, સાકરના રમકડારૂપે બનેલી તરવાર, કાગળમાં ચીતરેલી તરવાર, અને લાકડાની તરવાર રક્ષણ તરીકેના સાધનરૂપે તરવાર કામ કરતી નથી, તેવી રીતે "આજની દુનિયામાં કહેવાતી જ્ઞાન–વિજ્ઞાનની સાધન–સામગ્રીઓ અજ્ઞાનની આંધી ઉભી કરે છે" એ નિર્વિવાદ સત્યને વિવેકિયોજ સમજી શકે છે.

૯૫૩. લાલચ–લોભના લાંબા ખાડામાં ખડકાઇ જનારાઓને દુનિયાનું જ્ઞાન–વિજ્ઞાન એ શ્રાપજનક છે, સ્વ—પર ઘાતક છે.

૯૫૪. પ્રતિજ્ઞા પાળનારાઓને પ્રતિજ્ઞાના મૂળભૂત સિદ્ધાંતોની કિંમત સમજાય નથી, અને તેથીજ પ્રતિજ્ઞાના પ્રાસાદ પરથી તેઓ ગબડી જાય છે.

# સ્વ૦ આગમોદ્ધારકની દેશનાનો સારાંશ.

**નોંધ:**—વિ. સં. ૧૯૯૫ ના વૈશાખ માસમાં અમદાવાદ મુકામે શ્રેષ્ઠિ મોહનલાલ છોટાલાલના ઉજમણાના પ્રસંગે સ્વ૦ આગમોદ્ધારક-આચાર્યદેવેશ-**શ્રીઆનંદસાગરસૂરિશ્વરે** શ્રીજ્ઞાનાષ્ટક પ્રકરણના છઠ્ઠા શ્લોક પર અમોઘદેશના દીધી હતી. તેનો સારાંશ આલેખનકાર તે વખતના મુનિ **શ્રીચન્દ્રસાગરજીએ** (વર્તમાનમાં **શ્રીચન્દ્રસાગરસૂરિજીએ**) લીધેલો હોવાથી તેઓશ્રીની પાસે સારભૂત અવતરણો પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે તૈયાર કરીને અત્ર અપાય છે. સ્વ. દેશનાકારના આશય વિરૂદ્ધ છપાઇ ગયું હોય તો વિવેકિયોને સુધારો કરીને વાંચવાની ભલામણ છે.

લિ૦ **તન્ત્રી.**

## દેશનાના સારભૂત અવતરણો.

**૧. જૈન–શાસને જ્ઞાનને સાધ્ય તરીકે સ્વીકાર્યું નથી.**

**૨. જૈન–શાસને જ્ઞાનને સાધન તરીકે સ્વીકાર્યું છે.**

**૩. ઇષ્ટ પ્રાપ્તિના અને અનિષ્ટ નિવારણાર્થે જ્ઞાનની આવશ્યકતા જૈન શાસને સ્વીકારી છે.**

**૪. બાંધેલા કર્મ કેવી રીતે તૂટે?, નવાં કર્મ કેમ બંધાય છે?, અને ઉદય વખતે કેવાં પરિણામ રાખવા? તે માટે જ્ઞાનની અવશ્યમેવ જરૂર છે.**

**૫. કાંટા પર પગ મુકતાં દેખનારો જીવ મુંઝાય છે, પણ પાપ કરતાં જીવ લવલેશ પણ ગભરાતો નથી; એ એક અજાયબી છે.**

**૬. બાળક પીત્તળ કે સોનાને દેખે છે, છતાં કહેવું પડશે કે પીત્તળને પીત્તળ સ્વરૂપે અને સોનાને સોના સ્વરૂપે દેખતો નથી; તેવી રીતે પાપને પાપરૂપે નહિં દેખનારો કહેવાતો જ્ઞાની અજ્ઞાની એટલે અંધ જેવો છે.**

**૭. પાપના પરિણામ દેખીને પણ પાપ કર્યાં કરનારાઓ પદાર્થ–જ્ઞાની કહેવાયા છતાં પરમાર્થથી જ્ઞાની નથી.**

**૮. હેય–ઉપાદેયનો વિવેક મિથ્યાત્વીઓને થતો નથી.**

**૯. પદની પ્રીતિ અને પદાર્થની પ્રીતિના ફરકને સમજો.**

**૧૦. સંપ શબ્દની (પદની) પ્રીતિ બધાને છે, પણ સંપ નામના પદાર્થની પ્રીતિ અને તેને અનુસરતી કાર્યવાહી બધાને નથી.**

**૧૧. સંપના ત્રણ ઉપાય—**

**૧ ગુન્હો કરવો નહિ, ૨ ગુન્હાની ગાંઠ બાંધવી નહિં, અને ૩ ગુન્હેગાર પર ઉપકાર કરવો; એ ત્રણ વસ્તુને સંપના ચાહકે યાદ રાખવી.**

**૧૨. ગમની ગોળી ખાનારાઓ ક્રોધમાં સપડાતા નથી.**

**૧૩. સમ્યગ્દર્શનના સંસ્કાર વગરનું જ્ઞાન સર્વ વિષય–પ્રતિભાસ જ્ઞાન છે.**

**૧૪. સમ્યગ્ શબ્દની વ્યવસ્થા નહિં સમજનારાઓ મુંઝાય તેમાં નવાઈ નથી.**

**૧૫. તીર્થંકર તો પરોપકારક છે.**

**૧૬. તીર્થંકરે દેખાડેલ માર્ગ નિર્ણીત ફલદાયક છે, પણ અખતરા રૂપ નથી.**

**૧૭. શાસનની સ્થાપના એટલે સંયમ માર્ગની સ્થાપના.**

## ૧૮. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા વગર તીર્થંકરો દેશના દેતાં નથી.

### જ્ઞાનને અગ્રપદ શાથી ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીહરિભદ્રસૂરિજી અષ્ટક નામના પ્રકરણની રચના કરતાં જ્ઞાનાષ્ટકના "સ્વસ્થવૃત્તેઃ"૦ ઈત્યાદિ પદોનું વિવેચન કરતાં પૂર્વે જણાવી ગયાં કે આ જૈનશાસને જ્ઞાનને જ્ઞાન તરીકે અગ્રપદ આપ્યુંજ નથી. વિરતિના સેવનદ્વારા પ્રાપ્ત કરવા લાયકનું કેવળજ્ઞાન અને મોક્ષ ફલની પ્રાપ્તિ માટે જ્ઞાનને સાધન તરીકે-સ્વીકારેલું છે. નિસરણી પર ચઢનારાઓને પૂછો કે નિસરણીના પગથીઆ કેટલા છે ?, પહેરેલા ધોતરના પહેરનારને પૂછો કે તાણાવાણા કેટલા છે ?; આ બંન્ને પ્રશ્નમાં. ઉત્તર મળશે કે ગણવાથી ફાયદો નથી, માટે તે ગણત્રીના જ્ઞાનની જરૂર નથી. આથી એ નિર્ણય થાય છે કે ઈષ્ટ પ્રાપ્તિના સાધન તરીકે અને અનિષ્ટ નિવારણના સાધન તરીકે જ્ઞાનને અગ્રપદ વ્યવહારે અને જૈન-શાસને આપેલું છે. બાંધેલા કર્મ શાથી તૂટે છે ?, નવાં કર્મ શાથી બંધાય છે ?, બાંધેલા કર્મના ઉદય વખતે જીવે કેવા પરિણામ રાખવા ?; વિગેરે પ્રસંગોમાં સમ્યક્‌જ્ઞાન એ અપૂર્વ સાધન છે.

### વિષય-પ્રતિભાસનું સ્વરૂપ.

કાંટાવાળી જમીન છે એ નજરે દેખીને કાંટા પર કોઇ પગ મુકતું નથી, કારણ કે કાંટા પગમાં વાગશે એ સમજ છે, તેવી રીતે સળગતો અગ્નિ, ઝેરી સર્પ, વીંછી, ખાડો-ટેકરો વિગેરે દેખીને સાવધાન થવાની સમજ છે. આ સમજ-રૂપ વ્યવહારિક જ્ઞાનથી અનિષ્ટ પ્રસંગોને નિવારણ કરી શકાય છે, તેથી તે સમજ અનિષ્ટ પ્રસંગના નિવારણમાં સાધનરૂપ બને છે; તેવી રીતે પાપના પરિણામ દેખીને પાપ કર્યાંજ કરીએ અને પાપથી વિરામ ન પામીએ તો તે જ્ઞાન વિષય-પ્રતિભાસ જ્ઞાન એટલે તેને પદાર્થ—વિજ્ઞાન કહેવાય છે. બાળક પીત્તલને અને સોનાને દેખે છે, હીરાને અને કાચને દેખે છે; છતાં કહેવુંજ પડશે કે સોનાને કે હીરાને સોના સ્વરૂપે અગર સાચા હીરા સ્વરૂપે ઓળખતોજ નથી. આવીજ રીતે પદાર્થને દેખ્યા છતાં હેય-ઉપાદેયનો વિવેક મિથ્યાત્વીઓને થતો નથી, અને તેથી મિથ્યા-ત્વીઓની પદાર્થની ઓળખાણ ( હેય-ઉપાદેય વગર) થવી તેનું નામ વિષય—પ્રતિભાસ જ્ઞાન છે.

### જ્ઞાન પદાર્થની પ્રીતિ.

શબ્દની પ્રીતિ અને શબ્દથી કહેવાતા પદાર્થની પ્રીતિ આ બંન્નેના ફરક સમજવાની અવશ્યમેવ જરૂર છે. લાખો મનુષ્યો સંપને ચ્હાય છે, એટલે સંપ શબ્દને ચ્હાય છે, પરંતુ સંપ શબ્દથી કહેવાતા પદાર્થને સમજતા નથી. સંપ નામના પદાર્થને સમજતો થાય એટલે ત્રણ વાત યાદ રાખવી પડે છે. ૧ ગુન્હો કરવો નહિં, ૨ ગુંહાની ગાંઠ બાંધવી નહિં; અને ૩ ગુન્હેગાર પર અવસરે ઉપકાર કરવો. જે સમુદાયમાં રહીને સંપ સાચવવો હોય તેણે લવલેશ પણ ગુન્હો કરવોજ નહિં, અને તે સમુદાયમાં કોઈ ગુન્હો કરે તો સહી લેવામાં તૈયાર થવું. ગુન્હેગારે ગુન્હો કર્યો છે, પરંતુ હમણા શિક્ષા ન કરવી, કરીએ તો કુસંપ થાય તેથી અવસરે શિક્ષા કરશું આવાં વિચારોથી બંધાઈ જવું તેનું નામ ગુન્હાની ગાંઠ બાંધવી. આવી ગાંઠથી બંધાયેલો અવસરે કુસંપનું વાતાવરણ ખડું કરે છે. જ્યારે જ્યારે ગુન્હેગાર આપત્તિમાં ફસાય ત્યારે ત્યારે તન-મન-ધનથી ઉપકાર કરવાનો અવસર જતો

કરેજ નહિં. આવી ત્રણ વાત સાચવનારો અગર સમજનારો એ સંપ પદાર્થને સમજનાર કહેવાય છે. અકબર બાદશાહે વજીર બીરબલને પુછયું કે-હે બીરબલ ! બનીયા શરીરે સાજા—તાજા અને માતા (મદોન્મત્ત) કેમ દેખાય છે ?, સાહેબ ! એ લોકો હંમેશાં ગમ ખાય છે. એ શબ્દ સાંભળીને ગમ ખાવા લાયક પદાર્થ છે. એમ થવાથી બાદશાહને ગમ શબ્દ પર પ્રીતિ થઈ, પરંતુ ગમ શબ્દથી કહેવાતો ગમ પદાર્થ કેવો હોય ? તેની ખબર બાદશાહને નથી. બાદશાહ પૂછે છે કે ગમ કિંહા મીલતી હે ?, સાહેબ ! અવસર પર મીલતી હે. અકબરે કીધું અવસર પર મેરે કો દિખાના જરૂરી હે. બીરબલ કહે સાહેબ ! આપ ગમ મેળવી શકશો નહિં, અને મળે તો પચાવી શકશો નહિ. જુઓ ભર બજારમાં હું તમારો માથા મુગટ ફેંકી દઉં તો તમે શું કરો ? અકબર કહે કે તરવારથી બે ટુકડા કરૂં. હવે જુઓ આ વાણીઆની પાઘડી છોકરાઓ ઉછાળી દે છે, છતાં હસતાં હસતાં તે પાઘડી લેઈને ધૂળ ખંખેરતો પાઘડી પહેરીને સ્મિત ચહેરે પોતાના સ્થાનમાં નિર્ભયપણે ચાલ્યો જાય છે. ક્રોધ કરવાના પ્રસંગમાં ક્રોધ નહિં કરતાં ક્ષમા રાખવી તે ગમરૂપ પદાર્થને વાણીઆઓ પચાવી શકે છે. તેવી રીતે જ્ઞાન શબ્દની પ્રીતિ જગતભરને ભલે હોય પણ જ્ઞાન પદાર્થમાં એટલે જ્ઞાનપદની પારમાર્થિકતામાં ભલભલા પણ ટકી શકતાજ નથી. જ્ઞાન મેળવવામાં, ટકાવવામાં, ધારવામાં, ભણવામાં, ભણાવવામાં બધા તૈયાર હોય છે; પરંતુ જ્ઞાનપદથી પારમાર્થિક હેય-ઉપાદેયના પ્રસંગમાં ટકવાવાળા અને ટકીને પાર ઊતરવાવાળાઓ જવલ્લેજ હોય છે.

## અજ્ઞાનની વ્યાખ્યા.

વિશ્વભરની કોલેજોમાં, નિશાળોમાં, કન્યાશાળાઓમાં કે વિજ્ઞાન પ્રાપ્તિ માટે પરદેશમાં દોડધામ કરતાં અનેક વિદ્યાર્થીઓ જે વિદ્યા પ્રાપ્ત કરે છે તે દુનિયાદારીના તમામ જ્ઞાનને અત્ર શાસ્ત્રકારો તે બધાને વિષય પ્રતિભાસ જ્ઞાનરૂપ માનતા હોવાથી તે જ્ઞાન અજ્ઞાનરૂપ છે. વિશ્વભરમાં મનાતાં જ્ઞાન-જ્ઞાનીઓ અને જ્ઞાનના સાધનોથી જ્ઞાન-અજ્ઞાનનો ફરક પડતો નથી, એટલે તે બધું જ્ઞાન અજ્ઞાનરૂપે છે. જૈન દર્શનમાં ત્રણ અજ્ઞાન જણાવાય છે તે પૈકિ બે ભેદમાં ૧ મતિ-અજ્ઞાનમાં અને ૨ શ્રુત અજ્ઞાનમાં દુનિયાભરના સાહિત્ય વિષયક સર્વ જ્ઞાનાદિ તેમાં સમાય છે. મતિ અજ્ઞાની, મતિ અજ્ઞાન અને મતિ અજ્ઞાન પ્રાપ્તિ-ટકાવ-વૃદ્ધિના સાધનો, તથા શ્રુત અજ્ઞાની, શ્રુત અજ્ઞાન, અને શ્રુત અજ્ઞાન પ્રાપ્તિ-ટકાવ-વૃદ્ધિના સાધનો એ બધાં લગભગ વિષય પ્રતિભાસ જ્ઞાનમાં સમાયેલાં છે, કારણ કે સમ્યગ્દર્શનના સંસ્કાર વગરનું સઘળુંએ જ્ઞાન વિષય પ્રતિભાસ-જ્ઞાન તે લગભગ અજ્ઞાન કહેવાય છે. સમ્યગ્-દર્શનની પ્રાપ્તિ પછીનું જ્ઞાન તે આત્મ પરિણુતિ જ્ઞાન કહેવાય છે, અને તે આત્મ પરિણુતિવાળાને હેય-ઉપાદેયના નિશ્ચયરૂપે થતી પ્રવૃત્તિના અવસરે તત્ત્વ સંવેદન-જ્ઞાન વર્તતું હોય છે.

## સમ્યગ્પદનો સમન્વય.

જૈનદર્શનની શ્રદ્ધાવાળાને **"જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ"** આ સૂત્રથી સમ્યક્જ્ઞાન અને સમ્યક્ક્રિયા લેવાય છે, એ સંસ્કાર જૈન કુલ પરંપરાથી રૂઢ છે, પરંતુ જૈન શાસન માર્ગની રીતિને નહિં

પામેલા જૈનતરો માટે દશ પૂર્વધર ઉમાસ્વાતિ વાચક વર્યે **"सम्यग्दर्शन-ज्ञाग-चारित्राणि मोक्ष मार्गः"** આ સૂત્રમાં સમ્યગ્પદનો નિર્દેશ કર્યો છે. **"पढमं नाणं तओ दया"** એ સૂત્ર-સ્થળે પણ શ્રદ્ધાવાળાને માટે લખાયેલ છે, તેથી તે સૂત્ર—સ્થળે સમ્યગ્પદની જરૂર રહેતી નથી. આથી એ નિર્ણય થાય છે કે યોગ્યતા પામેલ જીવોને ઉદ્દેશીને લખાયેલાં સૂત્રોનો સમન્વય અયોગ્ય જીવો માટે માની લેવો નહિં; કારણ કે અર્થ કરવાના અવસર પ્રસંગ-સ્થળાદિ જોઇને અર્થ કરવો એ નિર્યુક્તિકારનું કથન સ્મૃતિ પ્રદેશમાં સ્થિર કરવા જેવું છે.

## તીર્થંકરનામ—કર્મના ફળ.

શાસનમાન્ય આચાર્ય–ઉપાધ્યાય–સાધુઓએ સ્વ–પર તારક છે, કારણકે આ ભયંકર સંસાર સમુદ્રથી પાર ઉતરવા માટેની મહેનત કરી રહ્યા છે, અને સમાગમમાં આવનારને સંસાર સમુદ્રથી તારવા માટેનો ઉપદેશ–પ્રેરણાઓ આપ્યા કરે છે. પરંતુ શાસન—સંસ્થાપક તીર્થંકર ભગવંતો પર તારક છે. તે તીર્થંકરો, સમાગમમાં આવેલા જીવોને સંસાર સમુદ્રથી તરવાની દેશના આપે છે, પરંતુ પશ્ચાનુ પૂર્વિના ત્રીજા ભવમાં પોતાના આત્માને તરવા માટે નહિં પણ વિશ્વભરના જીવોને તારવા માટેનું તીર્થંકર નામ કર્મ બાંધ્યું છે. પરાર્થ સિદ્ધિ વગર સ્વાર્થ સિદ્ધિ વાસ્તવિક નથી, એ તીર્થંકરના જીવનમાં સ્પષ્ટ દેખાય છે. તીર્થંકર નામ કર્મના બે ફળ છે, ૧ પૂજ્યતા, અને ૨ તીર્થ—પ્રવૃત્તિ છે. તીર્થંકરોને પૂજ્યતાનો ભોગવટો ગર્ભથી એટલે ચ્યવન કલ્યાણકથી મોક્ષ કલ્યાણક પર્યંત હોય છે, પરંતુ તીર્થ પ્રવૃત્તિનું ફલ તો વિશ્વભરને વાસ્તવિક રીતિએ કેવળજ્ઞાન કલ્યાણક પછી શરૂ થાય છે. આ પ્રસંગને **"अगिलाए धम्मदेसणाए"** આ શબ્દો વધુ સ્પષ્ટ કરે છે. તીર્થંકર નામ કર્મને બાંધ્યા પછી અંતર્મુહુર્તનો અબાધા કાળ વીતે તીર્થંકર નામ કર્મનો પ્રદશોદય થઈ જાય, પણ તેઓ વાસ્તવિક લાભદાયિ ફળ તો વિશ્વભરને કેવળજ્ઞાન પછીજ આપે છે એ તીર્થંકરોના જીવનમાં સ્પષ્ટ દેખાય છે.

## કેવળજ્ઞાનની પ્રાપ્તિ ક્યારે ?

ત્રણ જ્ઞાન સહિત જન્મેલા તીર્થંકરો દીક્ષા લે છે ત્યારે ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય છે, તો પછી ઉપદેશ કેમ દેતા નથી ?, આ પ્રશ્નના સમાધાનમાં સમજવાનું કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ વગર છદ્મસ્થોને ભૂલ થવાનો સંભવ છે, અને આથી છદ્મસ્થ અવસ્થામાં છદ્મસ્થો બીજાનું કહેલું કહે પણ કેવળજ્ઞાન દર્શન વગર કથન કરેલા ભાવોને સ્પષ્ટપણે દેખી શકેજ નહિં માટે શાસન સંસ્થાપક તીર્થંકરો કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી દેશના દેતાજ નથી. શાસનની સ્થાપના એટલે સંયમ—માર્ગની ત્યાગ—માર્ગની સ્થાપના છે. પરભારા અખતરા કરીને ફળ મેળવનારા કરતાં સ્વયં અખતરો કરીને, ફળ મેળવીને દેખાડવું એ વિશિષ્ટતા છે સંયમ=ત્યાગ વગર સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્તિ જૈનશાસને સ્વીકારીજ નથી.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના-૩.

નોંધ:—પ્રાતઃ સ્મરણીય પૂજ્યપાદ-આગમોદ્ધારક આચાર્યદેવેશ-શ્રીઆનંદસાગરસૂરિશ્વરજીએ શ્રીસૂત્રકૃતાંગના બીજા અધ્યયન ઉપર આપેલ દેશના છે. ગતાંક ૫-૬-૭ માં બે દેશનાની સમાપ્તિ પછી ત્રીજી દેશનાના સારાંશને વાંચકો વિવેકપૂર્વક વાંચી શકે તે હેતુથી પૂ. શ્રીચન્દ્રસાગરસૂરિજી પાસે સારભૂત અવતરણો તથા પેરેઆદિ સુધારા-વધારા સાથે અત્ર અપાય છે. સ્વ૦ દેશનાકારના આશય વિરૂદ્ધ છપાઇ ગયું હોય તો વિવેકિ વાંચકો સુધારીને વિવેકપૂર્વક વાંચે તેની ભલામણ કરીએ છીએ. લી૦ તન્ત્રી.

દેશનાના સારભૂત અવતરણો.

**૧. કર્મવિદારણની ક્રિયામાં પણ કર્તા-કરણ-કર્મ વ્યવસ્થિત છે.**

**૨. પદાર્થની ચોખવટભરી સમજમાં ચાર નિક્ષેપા વિચારવાની જરૂર.**

**૩. સાધન કરતાં સાવધાનીની અધિકતા.**

**૪. છતી આંખે આંખ મીંચીને ચાલનારો આંધળો કહેવાય છે, તેમ કહેવાતો જ્ઞાની અજ્ઞાનને અનુસરતી કાર્યવાહી કરે તો તે પણ અજ્ઞાની કહેવાય છે.**

**૫. શાસનમાન્ય-માન્યતા આવ્યા વગર ત્યાગની અને સંયમની વાસ્તવિક કિંમત પ્રાપ્ત થતી નથી.**

**૬. આદરવા લાયકનું આદરે અને છાંડવા લાયકનું છાંડે તે બીના વિરતિના ઘરની છે.**

**૭. ખેડેલા ખેતરમાં ધાર્યું અનાજ પકાવી શકાય છે, તેવી રીતે માનવ-જીવન રૂપ ખેતરનું ને વીતરાગની વાણીથી ખેડાણ કરો.**

**૮. હેય-ઉપાદેયના જ્ઞાન વગર વર્તનનો વાસ્તવિક લાભ મળતો નથી.**

**૯. સ્વલિંગે સિદ્ધ એટલે સાધુના વેષે સિદ્ધ થનારો જીવ.**

**૧૦. બે ઘડીથી વધુ આયુષ્ય હોય તો ગૃહિલિંગવાળાને અને અન્યલિંગવાળાને કેવળજ્ઞાન પછી પણ સાધુ વેષ ધારણ કરવો પડે છે, આથી સાધુ વેષની મહત્તા સમજતાં શીખો.**

**૧૧. મોક્ષની ઇચ્છાવાળાએ ચારિત્ર લેવુંજ જોઇએ.**

**કર્તા-કર્મ-કરણની વ્યવસ્થા.**

શાસ્ત્રકાર (ટીકાકાર) મહારાજા શ્રીમત્ શીલાંકાચાર્યસૂરિજી સૂત્રકૃતાંગ સૂત્રની વૃત્તિ રચતાં જણાવે છે કે શાસ્ત્રકાર હવે વિદારક, વિદારણીય બતાવી રહ્યા છે, વિદારણ કરવાની ક્રિયા માટે ત્રણ ચીજ જરૂરની છે. વિદારણ કરનારો તે કર્તા, સાધન તે કરણ, અને ચીજ (વસ્તુ) તે કર્મ; દુનિયામાં એક નીચે મુજબ દૃષ્ટાંત છે.

કોઈ બ્રાહ્મણનો છોકરો વેશ્યાગામી થયો. બ્રાહ્મણને એમ થયું કે વેશ્યાને ઝેર દઇ મારી નાખવી. ઝેરની પડીકી કોઇને આપીને તેને કહ્યું કે—"દીજે તો વેશ્યાકું દીજે, બ્રાહ્મણ દીધે દુર્ગતિ-નર્ક પડીજે, વેશ્યા દીધે વાધે વંશ, બ્રાહ્મણ દીધે જાય નિર્વંશ" શું દેવાનું? ઝેર. ઝેર એ કર્મ આવી ગયું છતાં યોગ્ય ન ગણાયું, પણ ખાનપાનાદિ આપવાનું કહ્યું હોત તો?

અનીતિની પુષ્ટિ થાય, આ પ્રસંગમાં પણ ત્રણમાં-કર્તાની, કરણની અને કર્મની વ્યવસ્થા છે, પરંતુ એક પણ જો ગબડી જાય તો થયેલ કાર્યની સુંદરતાનો અગર અસુંદરતાનો નાશ થઇ જાય. જ્યારે મૂળ વસ્તુ સ્થિતિ સમજે ત્યારેજ બરાબર યોગ્ય હોય તે જણાય.

## ચાર નિક્ષેપા.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપા છે. ઘડીયાળ એ નામ, ઘડીયાળનો આકાર એ સ્થાપના, ઘડીયાળના સાંચા-સ્કુ-વિગેરે ચીજો એ દ્રવ્ય અને બનીને ટાઇમ જોવાના સાધન રૂપ ઘડીઆળ તે ભાવ. ઘડીયાળ શબ્દમાં જેમ ચારે નિપેક્ષા લાગુ થયા, તેમ દરેક પદાર્થમાં ચાર એમ શાસ્ત્રકાર કહે છે. નિપેક્ષા લાગુ થાય છે; કર્તા, કરણ, અને કર્મ એ ત્રણે પણ ચારે નિક્ષેપાથી ઘટાવાય. **त्रीणि चतुष्कानि** એમ બોલાય છતાં તેમાં કુલ્લે એ ત્રણ ચાર નિક્ષેપાથી ઘટાવાય છે. નામ અને સ્થાપના તો પ્રસિદ્ધજ છે.

## ઓજાર અને અગમચેતીમાં મોટું કોણ ?

દ્રવ્યને અંગે પહેલા ત્રણમાંથી વિદારક મુખ્ય હોવાથી તેને પહેલાં લઇએ, બાદશાહે કહ્યું કે, 'બીરબલ ! કયા બડા ? ઓજાર કે ઓસાણ ? ( સાવચેતી )' તે અવસરે બીરબલે જવાબ આપ્યો નહિ, પણ જ્યારે બાદશાહે એક વખત સાઠમારીમાં બીરબલને એકલો મોકલ્યો અને પાછળ હાથીને છોડયો. ત્યારે, તે અવસરે બીરબલ પાસે તે વખતે કંઈપણ હથીઆર નથી, એટલામાં ત્યાં એક મરેલું કુતરૂં નજરે દીઠું. હાજર તે હથીઆર એમ સમજીને તેને ઉપાડીને હાથી ઉપર ફેંકયું, હાથી ભડકીને ભાગ્યો. આ પ્રસંગમાં કહેવાનું તાત્પર્ય એ છે કે કર્તા ઓસાણ (સાવચેતી) વગરનો હોય તો સર્વ સાધન પણ નકામાં છે, અને સાવચેતીવાળો હોય તો સર્વ સાધન કામનાં છે, આવી સાવધાનીવાળો કર્તા હોય તો કરણ અને કર્મ કામ લાગે.

## દ્રવ્યવિદારક અને ભાવવિદારકનું સ્વરૂપ.

કર્તાના બે ભેદ છે. દ્રવ્યવિદારક અને ભાવ-વિદારક. જે કાષ્ઠાદિ ફાડે=ચીરે તે દ્રવ્ય વિદારક, આ વિદારણા સંસારના પદાર્થો અંગે છે, પણ આત્માને અંગે ફાયદાકારક નથી. ફાડવાની ક્રિયા તો છે પણ ફાડે છે લાકડાં માટે દ્રવ્ય વિદારક. ભાવ વિદારક કોને કહેશો ? જેઓ કર્મરૂપ-ભાવને વિદારે તે ભાવવિદારક. જે વસ્તુ કહેવા માંગી હોય તે વસ્તુજ લેવાય. જે કર્મને વિદારી નાંખે તે ભાવ વિદારક. રસોડામાં કોઇ હાથે રોટલા ઘડે છે અને ઓરસીયા પર ટીપીને રોટલા ઘડે છે, છતાં અહીં, "ટપટપનું કામ નથી પણ રોટલા થવા જોઇએ." એ ભાવાર્થ છે. અશુભ ભાવોના કારણભૂત કર્મોને વિદારે તે ભાવ વિદારક કહેવાય. કર્મ એ દ્રવ્ય છે, પણ અહીં દુનિયાદારીના દ્રવ્યાદિ પદાર્થના હિસાબે કર્મને વિદારવાનું હોવાથી અહીં કર્મ એજ વિદારક તે ભાવ વિદારક સમજવું. કર્મને વિદારનારા જીવો બધા ભાવવિદારક કહેવાય છે. ભાવ સાધુપણું ફરસે (સ્પર્શે) ત્યારેજ મોક્ષ થાય.

## માન્યતાનો મહાન્ લાભ.

દર્શન વિના સમ્ગ્જ્ઞાન નથી. આંખ છતાં ચાલતી વખતે મીંચીને ચાલે તો ? છતી આંખે આંધળોજ કહેવાય, તેમ જે જ્ઞાનથી જાણે છતાં

જ્ઞેય, હેય અને ઉપાદેયને માને નહિં તો તે જ્ઞાનવાળો કહેવાયજ નહિં.

**પ્રશ્નો**—શાસનમાન્ય પદાર્થો માને એમાં માનનારાઓનું શું વળ્યું ?

**સમાધાન**—પદાર્થો માને એમાંજ બધું વળ્યું. જમવાના ભાણામાં દૂધપાક તો કડછો પીરસે છે, પણ કડછાનો ઉપકાર કોઇ માને છે? નહિ. કેમ? કહો કે તે દેવાના પરિણામ કડછાના નથી, પણ માણસના હતા; કડછાના નહોતા. નાતમાં જમવાવાળાને પીરસે પીરસણીયા-માણસો પણ નાત પીરસણીઆએ જમાડી કહેવાય કે શેઠે જમાડી કહેવાય? કહેવું પડશે કે-શેઠે જમાડી. આદરવાના પરિણામ ન થાય ત્યાંસુધી આપણે કડછા અને પીરસણીયા જેવાજ છીએ.

આદરવાનું આદરે અને છાંડવા જેવું છાંડે તેને માટે સંસાર નિયત નથી, કારણ કે આદરવામાં અને છોડવામાં શાસનમાન્ય માન્યતા આવી નથી. કિંતુ માન્યતા સુધરે તોજ અર્દ્ધ પુદ્ગળ પરાવર્ત માત્ર સંસાર રહે.

## મિથ્યાદૃષ્ટિ સર્વવિરતિ કરતાં સમ્યગ્દૃષ્ટિ અવિરતિની કિંમત વધુ છે.

સમકિતી છએ કાયનો આરંભી હોય તો પણ ચારિત્રવાળા મિથ્યાદૃષ્ટિ કરતાં સારો જાણવો. આથીજ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ તે પણ શાસનમાન્ય મોક્ષમાર્ગનો મુસાફર છે, પણ મિથ્યાદૃષ્ટિ સર્વવિરતિ હોય તો પણ તે યોગ્યતાને પાત્ર નથી. અવિરતિ છતાં જેની માન્યતા શુદ્ધ છે તેનો એકડો છે, માટે તે પાત્ર છે. જેની શ્રદ્ધા નથી તે ગમે તેટલું ચારિત્ર લે અને પાલન કરે પણ મીંડુંજ છે. ખેડેલા ખેતરમાં બી વવાય એટલે અનાજ વાવતાં આઠ દશ દીવસે અંકુરો બહાર આવે અને નકામું ઘાસ તો વરસાદ આવ્યો કે તુરત ઉગ્યુંજ પડયું છે. ખેતર ખેડવામાં વાર લાગે પણ અનાજ તો ખેડેલા ખેતરમાંજ થાય. અણખેડેલા ખેતરમાં અનાજ થાય નહિ, પણ ઘાસ થાય છે. મિથ્યાત્વીમાં પ્રથમ એટલે શરૂઆતમાં લીલું છમ જેવું દેખાય ત્યારે સમકિતીમાં પહેલું કોરૂં ધાકોર દેખાય, પણ અનાજરૂપી વ્રતાદિ મોલની ઉત્પત્તિ સમકિતીમાં થાય. વ્રત પચ્ચખાણનો મિથ્યાદૃષ્ટિને લાભ તો મળે પણ મોક્ષ મળે નહિં.

સમ્યગ્દૃષ્ટિ અવિરતિ છતાં પણ મિથ્યાત્વીથી તો સારો. જેને સમ્યક્ત્વ નથી, એટલે જેને હેય, ઉપાદેયનું જ્ઞાન નથી તેની ક્રિયાની વાસ્તવિક કિંમતજ નથી. ચારિત્રને અંગે જે નિર્જરા, રૂપ આત્માની શુદ્ધતા જોઈએ તે? હેય, ઉપાદેયના જ્ઞાન વિના ન થાય. કોઈ એમ કહે છે કે 'ચારિત્રના ગુણો ન આવે તો અમારૂં ગયું શું?' નાગાને આબરૂનો ખપ ન હોય, આબરૂને સમજનારાઓ તો કહે છે કે, "લાખ રૂપીઆ જજો પણ કુળ પરંપરાની શાખ ન જજો." નોકરને પણ શાખના આધારે રખાય છે. પણ શાખ વિનાનાને પગાર વગર મફત પણ કોણ રાખે? વ્યવહારમાં અને જૈનશાસનમાં શાખ ગઈ એટલે બધું ગયું. હલકામાં હલકા નોકરમાં પણ શાખ ન હોય તો તે નકામો, ભંગીઆને પણ શાખ વિના નથી રખાતો અથવા રાખેલો હોય તો પણ કાઢી મૂકવામાં આવે છે.

જ્યારે ભંગીપણું પણ શાખ વિના નથી બનતું, ત્યારે બીજા ધંધાનું તો કહેવુંજ શું? શ્રદ્ધા નહિં તો જ્ઞાન પણ નહિં, અને શ્રદ્ધાવાળું જ્ઞાન નહિં તો ચારિત્ર પણ નહિં. મોક્ષ તો ચારિત્રની સાથેજ બંધાયેલ છે. યાદ રાખો કે ચારિત્ર વિના મોક્ષ થયો નથી, થતો નથી; અને થશે પણ નહિં.

## ચારિત્ર એજ મોક્ષનું લિંગ છે.

શંકા—"અન્યલિંગે અને ગૃહીલિંગે પણ મોક્ષ માનો છો" તો ચારિત્રથીજ મોક્ષ મળે છે એમ કેમ કહો છો? સમાધાન—કવચિત્ અને કથંચિત્ બનવાવાળા બનાવોને રાજમાર્ગ કહેવાતો નથી. માણસ પેટ ભરે છે, અને કાગડા કૂતરા પણ પેટ ભરે છે, પણ પેટ ભર્યું તેને કહેવાય કે ન્યાયથી ઉપાર્જન કરીને પેટ ભરે છે, તે પેટ ભર્યું કહેવાય છે. તેવી રીતે જૈનશાસનમાં પંદર લિંગે સિદ્ધ હોવા છતાં ખરેખરો મોક્ષનો માર્ગ તો સ્વલિંગે છે. સલિંગ એટલે સ્વલિંગ, સ્વલિંગ તેજ મોક્ષનું લિંગ છે, અને બીજા લિંગો મોક્ષના માટે અકિંચ્યકર છે. આથી 'અન્ય' 'ગૃહી' વિગેરે શબ્દોના પ્રયોગે ઓળખાવવા પડયા, ચારિત્રને તો સ્વલિંગ એટલે પોતાનુંજ લિંગ કહ્યું. મહાનુભાવ! ચારિત્ર વિના મોક્ષ નથી અને આ વેષ વિના ચારિત્ર નથી. જે મનુષ્યને આકસ્મિક લેવો ભાવ થઇ જાય, કેવલજ્ઞાન પ્રાપ્ત થાય, અને તે કેવલિને બે ઘડીથી વધારે આયુષ્ય હોય તો ચારિત્ર લેવુંજ પડે છે. કેવળજ્ઞાનીને પણ ગૃહસ્થપણામાં કે અન્યલિંગમાં કેવળજ્ઞાન થયું છે તેવાઓને બે ઘડીથી વધુ આયુષ્ય હોય તો મોક્ષનું લિંગ માનીને મોક્ષના વેષ રૂપ ચારિત્ર ગ્રહણ કરવુંજ પડે છે. ગૃહીલિંગે અગર અન્યલિંગે જે સિદ્ધ થવાની હોય એટલે કે કેવળજ્ઞાન થાય તે પછી બે ઘડીથી વધારે આયુષ્ય હોય તો તેને સાધુપણાનો વેષ લેવોજ પડે. ગૃહસ્થ મોક્ષે ગયા કોણ?, ગૃહસ્થપણામાં નોકારસી પણ નહિં કરેલી એવાઓ પણ સાધુપણું લઇને મોક્ષે ગયેલા અનેક છે; ત્યારે કેવળ ગૃહસ્થ પણામાંજ રાચ્યામાચ્યા રહેનારા સિદ્ધ થવામાં કોઇ નહિં. કેટલાકનો સ્વભાવ હોય છે કે સીધું ન માને પણ આડું વળીને માને. ભલે સંસારમાં રખડે પણ ચારિત્ર લે નહિ, પણ અંતે તો લીધા વિના છુટકોજ નથી. ભવ્યને એટલે મોક્ષની ઇચ્છાવાળાએ, ચારિત્ર લીધા વિના છુટકોજ નથી. સાધુ પાસે કર્મ વિદારવાનું સાધન છે, અને તે સાધનો કયા?, તે હવે પછી અગ્રે વર્તમાન.

## આવતા અંકમાં શું વાંચશો?

૧. અમોઘ દેશના. ૨. દેશનાનો સારાંશ. ૩. આનંદ સમાધાન સિન્ધુ. ૪. સુધાવર્ષા. ૫. માનવતાના સોપાન. ૬. વર્તમાન સમાચાર વિગેરે.

### સમિતિ પત્ર વ્યવહાર.

તા. ક:—ગ્રાહકોને નિયમિત અંક ન મળતો હોય અગર નવીન ગ્રાહક થવું હોય તેઓએ પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**
**C/o. ચીમનલાલ સવાઇચંદ**
ગલેમંડી ગોળશેરી સુરત.

હવેથી પત્રવ્યવહાર—
**આ. ચન્દ્રસાગરસૂરિશ્વરજી**
C/o જૈન ઉપાશ્રય, મુ. છાણી
વડોદરા થઇને

# માનવતાનાં સોપાન!

લેઃ-પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ-૧૩૯ થી ચાલુ )

ઇન્દ્રિયોને જિતે તે શૂર, આ વાત આપણે વિચારી ગયા. હવે આવે છે પંડિત, પંડિત કોણ? શાસ્ત્ર ભણે, શ્લોકો પોપટની જેમ બોલી જાય કે ભડભડ સંસ્કૃત બોલવા માંડે એટલા માત્રથી તે પંડિત ન કહેવાય. પંડિત તેજ કહેવાય કે જે ધર્મને વિવેક પૂર્વક આચરતો હોય, પોતાની ફર્જ જે સમજતો હોય, અને અત્યારે પોતાનું પ્રાપ્ત કર્તવ્ય શું છે એનો વિચાર કરી, અયોગ્યને (હેયને) છોડી, યોગ્યનો (ઉપાદેયનો) આદર કરતા હોય; તે પંડિત કહેવાય. આવો પંડિત આ દુનિયાના ભોગમાં રાચે ખરો? એ વિલાસનાં સાધનો મેળવી નાચે ખરો? એ જગતની સંપતિમાં રાચે એમ તમે માનો છો? ત્યારે સાચો પંડિત આ દુનિયાને શું માને? કહો જોઇએ? સાચો પંડિત આ દુનિયાને એક વિશાળ મુસાફરખાનું માને. આ મુસાફરખાનામાં રોજ લાખો આવે છે, અને લાખો જાય છે. માણુસ માને છે હું કંઇક છું. એ હું-પદના ઘમંડમાં ડોલનારા પણ ધૂળમાં મળી ગયા. જેઓ એક ફુંક મારી જગતની રાખ કરી શકતા હતા, એમની રાખ આજે શોધીએ જડતી નથી. જગતના ગમે એવા સત્તાધીશ કે ધનવાન માણસને પણ આ જગતમાંથી જવાનું.

માણુસ મોટો છે માટે કંઇ મૃત્યુ એની વાટ જોઇને ઉભું રહેતું નથી. મૃત્યુની ગાડી તો રાતદિવસ ચાલી જ જાય છે. અને જે એના ઝપાટમાં આવે તેને ઉપાડતી જ જાય છે. જગતની ગાડી તો મોટા માણુસની શરમને લીધે કદાચ થંભાવી શકાય, પણુ આ મૃત્યુની ગાડીને ગમે એવા સત્તાધીશ પણુ થંભાવી શકે એમ તમને લાગે છે? શું તમારો પૈસો મૃત્યુની ગાડીને એક સેકન્ડ પણુ રોકી નહી શકે? એમ માથું ડોલાવે નહિ ચાલે. જરા સ્પષ્ટ શબ્દોમાં કહો તો આ સામાન્ય માણુસોને પણુ ખબર પડે કે આ શેઠ આટલા શ્રીમંત હોવા છતાં પણુ કહે છે કે અમારો પૈસો ને અમારી આવડત અમને બચાવશે તો નહિ, પણુ એનો સદુપયોગ ન થયો તો અમને ખેંચીને નર્કમાં લઇ જશે. કેમ આ વાત ખરી છે ને? 'જી' નહિ, જરા ખૂંખારો ખાઇને જોરથી બોલો કે આ માનવ મેદની સાંભળી શકે? સુખી માણુસોએ તો આ વાત ઉપર ખૂબ વિચાર કરવો જોઇએ કે, સંસાર એ મુસાફરખાનું છે. અહિં ગમે એટલું ભેગું કરીશું તોય છોડયા વિના છૂટકો નથી. હું આ વૈભવને નહિ છોડું તો એ મને છોડશે. હસતાં હસતાં નહિ ત્યજું તો રડતાં રડતાં ત્યજવું પડશે. બાપડા થઇને છોડવા કરતાં બહાદૂર થઇને છોડો ને! કે જેથી લોકો પણુ તમારી પાછળ એમ કહે કેઃ-ખરો ભડનો દિકરો નીકળ્યો. ભોગોએ એને નથી છોડયો પણુ એણે ભોગોને લાત મારી છોડી દીધા. ધન્ય છે આના ડહાપણને! સંસારમાં રહ્યો પણુ એમાં ફસાણો નહિ. ધન મળ્યું પણુ એમાં મુંઝાણો નહિ. સંસારને મુસાફરખાનું માની નીકળી ગયો.

શ્રી રામના વનવાસની વાત તો જગપ્રસિદ્ધ છે ને? રામાયણુનો એ સોહામણો પ્રસંગ વિચારવા જેવો છે. આખી અયોધ્યામાં આનન્દની

હવા જામી છે. શ્રીરામચન્દ્રજીના રાજ્યાભિષેકની તૈયારી ઘણા જ ઉત્સાહ પૂર્વક ,પૌરજનો કરી રહ્યા છે. આ ઉત્સાહ એકલા રાજાનો નહિ, પણ પ્રજાનો પણ ખરો. કારણ કે આવા ભલા રાજાના રાજ્યાભિષેકથી પ્રજાને પણ શાન્તિ ને સુખ મળવાનું છે. એટલે આજની જેમ કેવળ રાજ્યને જ ખર્ચે એ ઉત્સવો નહોતા થતા, પણ પ્રજાનાં તન-મન અને ધન પણ એમાં મળતાં. એટલે એ ઉત્સવનો આનન્દ પણ કોઈ ઓર જ આવતો! આ સમયે શ્રીરામ શૃંગારગૃહમાં વસ્ત્રાલંકાર પહેરી રહ્યા છે. મસ્તક ઉપર હીરા જડેલો મુગટ મૂકતાં એ વિચાર કરે છે કે-આ મુગટના ભારને વહન કરવા હું સમર્થ છું ખરો? આજ હું નાગરિક છું, આવતી કાલે હું રાજા થઇશ અને, આખી અયોધ્યાની જવાબદારીનો બોજો મારા શિરે આવશે. તો આ વિશાળ જવાબદારીના ભારને ઉપાડવા હું સમર્થ છું ખરો?-રાજ્યાભિષેકના આનન્દ ભર્યા પ્રસંગે, ગંભીર બની, શ્રીરામ વિચાર કરે છે. આવા પ્રસંગે પોતાની જવાબદારી ને લાયકાતનો વિચાર કરનારા કેટલા? આજકાલ પોતાની લાયકાતનો વિચાર કર્યા વિના સત્તાની પડાપડી માટે જે દોડાદોડ કરે છે. એનું જ આ પરિણામ છે. સૌને સત્તા જોઇએ છે, શક્તિનો કે સંયમનો વિચાર કોઇનેય કરવો નથી. જ્યાં સત્તાની જ ભૂખ જાગે ત્યાં કેવું કારમું પરિણામ આવે, તેનો જ અહિં જ વિચાર કરવાનો છે. જે સમયે શ્રીરામ પોતાની વિચારણા કરી રહ્યા છે, તે જ પ્રસંગે કૈકયી પોતાના તુચ્છ સ્વાર્થનો વિચાર કરે છે. શ્રી દશરથજી પણ આજ આનન્દમાં છે. પોતાના લાયક પુત્રનો રાજ્યાભિષેક થવાનો છે. પોતે આજ દિવસ સુધી ઉપાડેલી રાજ્ય ધૂરા પોતાના યોગ્ય ઉત્તરાધિકારીને ખાંધે મૂકાય છે તે જાણી, એ મનમાં મલકાય છે. પોતે મુક્ત બને છે અને યોગ્યના હાથમાં રાજ્યની દોર સોંપાય છે. રાજ્યની દૃષ્ટિએ જીવનનો આ છેલ્લો પ્રસંગ શાન્તિથી પતી જાય તો પોતે હવે જીવનના ઉત્તરાર્ધમાં કંઇક આત્મ સાધના કરી શકે, એમ એ માને છે. એટલે જ સુંદર વસ્ત્ર પહેરી મહેલમાંથી બહાર નીકળવા જાય છે ત્યાં બારણામાંજ કૈકયી આવી ઉભાં રહ્યાં. આ ચતુર સ્ત્રીએ આખરે સોળે શણગાર સજ્યા છે. માણસને મત્ત બનાવી દે એવો એનો શૃંગાર છે. સ્વાર્થની મદિરાથી એની મસ્ત આંખો ઘૂમી રહી છે. આકર્ષણ વૃદ્ધ પર પણ શું કામ કરે છે તે તમે વિચારી જોજો. જ્ઞાનીઓ કહે છે કે, પ્રલોભનકારી પદાર્થોથી દૂર રહો. એનો મારકણો સ્વભાવ જતો નથી ઝેર તે ઝેર જ છે. તે વૃદ્ધનેય મારે ને યુવાનનેય મારે, ભણેલાનેય મારે ને અભણનેય મારે. જે ખાય તે મરે! ઘણા કહે છે ને કે-અમે તો હવે વૃદ્ધ થયા, ઘરડા થયા, એટલે ઇન્દ્રિયો શિથિલ થઈ. હવે અમને વિષયની ભૂખ ન જાગે. અમે તો હવે અનાસક્ત છીએ—પણ હું કહું છું કે જવા દો એ દંભને! તમે કેવા અનાસક્ત છો તે જ્ઞાનીઓ અને માનસ શાસ્ત્રીઓથી અજાણ્યું નથી. પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો અને બસોને બાવન વિકારોમાં મગ્ન રહેવું અને પાછી અનાસક્તિની વાતો કરવી!

કેટલાક વૃદ્ધો માટે તો કહેવાય છે કે શારીરિક શિથિલતાને લીધે બાહ્ય દૃષ્ટિએ શાન્ત દેખાતા હોય પણ સીનેમામાં કે નાટકમાં જાય એટલે નટીઓને જોઈ વેંતવેંત ઊંચા થઇ જાય! જોઈને આ બુઢાઓની અનાસક્તિ! વૃદ્ધ થવા છતાં વાસના ન જાય તો એ આખા કુળને કુમાર્ગે લઇ જાય. જેમ જેમ વાળ ધોળા થતા જાય તેમ તેમ હૈયું પણ ધોળું થવું જોઇએ. શ્રી દશરથજી ઉપદેશ સાંભળ્યા પછી વિરાગી બન્યા છે. એમણે પોતાના હૈયાને હવે કેળવ્યું છે. એટલે એ વિચાર કરતા આવે છે કે—હવે રાજ્યનો ભાર ઉતારી હું હળવો બનું ને સંયમની સાધના કરૂં—એ જ પ્રસંગે બારણા-માંજ ઉભેલા કૈકયીને જોઇ એમણે પૂછયું: કાં બારણામાં કેમ? આજે તમે ઉદાસ કાં જણાઓ છો? આજ તો આનન્દનો દિવસ છે જે જોઇએ તે માંગો. આજે કંઈ જ મોંઘું નથી. ત્યારે કૈકયીએ કહ્યું શું માંગુ? મારે બીજું માંગવાનું શું હોય? તમારી જેમ મારો ભરત પણ ત્યાગના રંગે રંગાણો છે, મારા હાથમાંથી તો પતિ ને પુત્ર બંને જાય છે. એટલે પુત્રને રોકવાનો માર્ગ એક છે. રામને બદલે ભરતનો રાજ્યાભિષેક કરો, અને તમે લગ્ન કાળે આપેલું વચન પાળો; એજ પ્રાર્થના-કૈકયીના આ વચનો સાંભળતાં શ્રી દશરથજીને પોતાની છાતી પર મોટી શિલા પડી હોય એવો કારમો આઘાત થયો. આનન્દ ઉડી ગયો. લોહી થીજી ગયું. એકદમ મૂર્છા આવી ને ધરણી પર ઢળતાં ઢળતાં કહ્યું. તથાસ્તુ....” મોહનું સામ્રાજ્ય કોઇ અજબ છે. મોહ એ વૈરાગ્ય વાસિત હૈયાઓના બંધને પણ તોડી નાંખે છે. નાવિક સાવધાન ન રહે તો કિનારે આવેલી નૌકાને પણ મોહના મારકણા વાયરા, મધ્ય દરિયે ખેંચી જાય!

શ્રી દશરથજીની મૂર્છાના દુઃખદ સમાચાર અન્તઃપુરના માણસે શ્રી રામચન્દ્રજીને આપ્યા. આ સમાચાર સાંભળતાં વિનયી શ્રીરામ સ્તબ્ધ બની ગયા. આ વખતે શ્રીરામચન્દ્રજીને એક જ વિચાર આવ્યો: “મારૂં કર્તવ્ય શું? મારો ધર્મ શું? પુત્ર તરીકેની મારી ફરજ શું? પિતાજીની ઇચ્છા એ જ મારી ઇચ્છા. પિતાજીના વચનનું પાલન કરવું એ જ સુપુત્રનો ધર્મ! પિતાના વચનનો ભંગ કરે તે પુત્ર નહિં પણ પથ્થર! એ સપૂત નહિ પણ કપૂત! પંડિતાઇ ભર્યો આ દીર્ઘ વિચાર કરી એમણે તેજથી ઝળાંહળાં થતો રત્ન મુકૂટ હાથમાંથી નીચે મૂકયો. અને વિચાર કર્યો કે-હું જયાંસુધી અયોધ્યામાં હોઉં ત્યાંસુધી શ્રીભરતનો રાજ્યાભિષેક થાય નહિ, અને એ રાજ્યને સ્વીકારે પણ નહિ. અને એ રાજ્ય ન સ્વીકારે તો પિતાજીના વચનનું પાલન કઇ રીતે થાય? અને વચન ભંગ જેવું બીજું પાપ કયું? વચનભંગ જેવો બીજો ભયંકર દ્રોહ કયો? એ વચન ભંગના પાપમાં હું નિમિત્ત બનું? એ કદી ન બને. બસ, ત્યારે રાજ્ય છોડી વનમાં જાઉં અને ભરતનો માર્ગ નિષ્કંટક બનાવું. પિતાજીની પ્રતિજ્ઞા અખંડ રહો.”

વીર માતા શ્રી કૌશલ્યાજીના પવિત્ર આશીર્વાદ લઈ શ્રી રામચંદ્રજી ચાલી નીકળ્યા. આગળ શ્રીરામ, પાછળ પુણ્યવતી શ્રી સીતાજી અને એની પાછળ શ્રી લક્ષ્મણજી આ ત્રિમૂર્તિને જંગલની વાટે જતી જોઇ અયોધ્યાનાં નરનારીઓ રૂદન કરવા લાગ્યાં. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. આનન્દના સૂરને છોડતી શરણાઇઓ બંધ પડી ને શોકનું વાતાવરણ જામતું ગયું. પ્રજા શ્રીરામની પાછળ ચાલવા લાગી. ત્યારે એમણે સૌને પ્રેમથી સમજાવી પાછા વાળ્યા અને એ વન ભણી ચાલી નીકળ્યા.

ધર્મ કોણ આચરી શકે? પંડિત હોય તે! પંડિત ધર્મનો-કર્તવ્યનો વિચાર કરે, મૂર્ખ હક્કની માથાકૂટ કરે. શું શ્રી રામ ધારત તો રાજ્યના માલિક ન બની શકત? એ તમારી જેમ કહેત કે. "ચાલો ચુંટણી કરો. મતદાન કરાવો. બહુ મત કોને મળે છે? મને કે ભરતને! મેં પ્રજાનો પ્રેમ કેટલો સંપાદન કર્યો છે એની કસોટી કરવી છે—" એમ કહી શ્રીરામે ચુંટણી જંગમાં ઝંપલાવ્યું હોત તો? તો શું? આજ ચુંટણીવાળાઓ પ્રત્યે જે નજરથી પ્રજા જુએ છે એ જ નજરથી શ્રી રામને પણ જોત! બીજી એક વાત વિચારો! શું શ્રીરામ એમ ન કહી શકત કે-આ ડોહાની તો હવે બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે. એણે શું કરવા બીજી પત્ની કરી? અને શું કરવા આવું વગર વિચાર્યું વચન આપ્યું? એને આપ્યું છે તે એ જાણે. મારા હક્કના રાજ્યને ભરતને આપનાર એ કોણ? એ બુઢ્ઢાના વચનને પાળવા કંઈ હું બંધાયો નથી." આવી દલીલ કરી હોત તો? પણ એ જમાનામાં આજના જેવા સ્વાર્થી વકીલો ન હોતા, એ જમાનામાં આજના જેટલી હક્કની મારા-મારી નહોતી. સૌને પોતાના ધર્મની પડી હતી. સૌને પોતાનું કર્તવ્ય યાદ આવતું. એટલે શ્રીરામચંદ્ર તો એક જ વાત સમજતા હતા કે ત્યાગ કરવો એ મારો ધર્મ છે. પિતાના વચનને અભંગ રાખવું એ મારૂં કર્તવ્ય છે. અને એની જ અસર શ્રી સીતાજી પર પણ પડી, અને એટલે જ એમણે પણ પોતાના પતિના કાન ન ભંભેર્યા ને પતિને પગલે ચાલી નીકળવું એ સતીનો ધર્મ! પતિના સુખે સુખી ને પતિના દુઃખે જે દુઃખી થાય તે સતી! સતી તરીકે મારે અત્યારે બીજું કઇ જ કરવાનું ન હોય. પતિનો માર્ગ એ મારો માર્ગ! શ્રી લક્ષ્મણજીને થયું. વડિલ ભાઈ વનમાં જાય ને હું અહિં પડયો રહું? એ ઘોર અરણ્યમાં ભાઇ-ભાભીની સેવાનો લાભ લેવાનો અપૂર્વ અવસર ફરી નહિ મળે! અને એ ગુણિયલ ભાઇનો વિયોગ કેમ વેઠાય? અને શ્રી લક્ષ્મણજી પણ ચાલી નીકળ્યા જોયું? સૌએ પોત પોતાનો ધર્મ બજાવ્યો. તમે તમારી દુકાન આ રીતે ભાઇને આપી ચાલી નીકળો તો તમને તમારી પત્ની શું કહે? તમારે ઘેર પત્ની તો હશે ને? જો કે તમારો સ્વભાવ જોતાં તમે કંઈ આવું અર્પણ કરો એમ લાગતું નથી. છતાં પણ ધારો કે આ ઉપદેશ સાંભળ્યા પછી તમે કંઈક એવું અર્પણ કરી બેસો તો એ સમાચાર સાંભળી તમારી સ્ત્રી પ્રસન્ન થાય કે થયેલા રોટલા પણ ચુલામાં ફેંકી મોંઢુ ચઢાવી બેસી જાય? આ ત્યાગની વાત વિચારવા જેવી છે.

(અપૂર્ણ.)

# દેવદ્રવ્યનો પ્રાચીન-શીલાલેખ.

આજે દેવદ્રવ્યની ઉપજો અને સંગ્રહતા-રક્ષણતાના પ્રશ્નો કેટલાકોને નવીન લાગે છે; પહેલાં પણ દેવદ્રવ્યનું રક્ષણ થતું હતું, અને સંગ્રહ પણ થતો હતો તેને પૂરવાર કરતો અજમેરના મુઝિયમમાં એક શીલાલેખ છે.

"इदं चाक्षय धर्मसाधनशासनं श्रीविदग्धराज्ञा (जेन) दत्तं ॥

संत्रत ९७३ श्रीमंमटराज्ञा (जेन) समर्पितं संवत ९९६॥"

( ગુજરાતના ઐતિહાસિક લેખો પૃ. ૨૪૫ )

હથુંડીના રાઠોડ રાજાઓ જૈનધર્મીઓ હતા, વિદગ્ધરાજે શ્રીબલભદ્રસૂરિજીને કેટલાંક દાનપત્રો અને શાસન પત્રો અર્પ્યા હતાં, વિગ્ધરાજે વિ. સં. ૯૭૩ માં શાસન પત્ર અર્પેલું એજ શાસનપત્રને તેમના પુત્ર મમ્મટરાજે વિ. સં. ૯૯૬ માં આનું સમર્થન કરેલું છે તે શાસનપત્રના શીલાલેખની પંક્તિઓ આ છે.

પંક્તિ ૨૯-૩૦

(१३) आदानादतेस्माद् भागद्वयमर्हतः कृतं गुरुणा। शेषस्तृतीयभागो विद्याधनमात्मनो विहितः॥

(१४) राज्ञा तत्पुत्रपौत्रैश्च गोष्टया पुरजनेन च गुरुदेवधनं रक्ष्यंनोपे (क्ष्यंहितमि (भी) प्सुभिः)

(१५) दत्ते दाने फलं दानातपालिते पालनात फलं (भक्षितो) पेक्षिते पापं गुरुदे (३०) वधनेधिकं (१६)

શિલાલેખનો સારાંશ-'રાજાએ આપેલા ધનમાંથી ગુરૂએ એવી વ્યવસ્થા કરી હતી કે— બે ભાગ જિનમન્દિરમાં વપરાય અને એક ભાગ પોતાના જ્ઞાનધન તરીકે ઉપયોગમાં લેવાય.' હવે હિતશિક્ષા જણાવતાં જણાવે છે તેનો સારાંશ—'રાજાએ, તેના પુત્ર પૌત્રોએ, ગોષ્ઠિકોએ અને નગરજનોએ ગુરૂદ્રવ્ય અને દેવદ્રવ્યના રક્ષણમાટે પ્રયત્ન કરવો, હિતની ઇચ્છાવાળાએ તેના રક્ષણમાં ઉપેક્ષા ન રાખવી,' દાન આપવાથી દાનનું ફળ મળે છે, રક્ષણ કરવાથી રક્ષણનું ફળ મળે છે. ગુરૂદ્રવ્ય અને દેવદ્રવ્યનું ભક્ષણ થતું જોઇને ઉપેક્ષા કરવાથી અધિકપાપ લાગે છે.

( સત્યપ્રકાશ વર્ષ ૧૫ મું અંક પાંચમાના આધારે )

## શ્રીસિદ્ધચક્ર માસિકને ઉદાર ભેટ.

પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિશ્વરજીની શીતલ છાયામાં શ્રી સુરેન્દ્રનગરમા શ્રી સંઘ તરફથી શ્રીસિદ્ધચક્ર આરાધક સમાજની નિશ્રામાં થયેલ શ્રી સિદ્ધચક્રની પવિત્રતમ આરાધનાના નિમિત્તે શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ તરફથી રૂા. ૨૦૦) નો ભેટ મળી છે જેનો સાદર સ્વીકાર કરવામાં આવે છે.

તંત્રી.

# સમાચાર.

**અમદાવાદ**—શ્રી માંડવીનીપોળમાં નાગજીભુદરની પોળના ઉપાશ્રયના આગેવાનોની આગ્રહભરી વિનંતિને માન આપી ચૈત્ર વદી ૧૧ પધારતા **પ. પૂ. ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી ગણીવર આદિઠાણાનું** સામૈયાપૂર્વક સ્વાગત કરેલું હતું, પ્ર. વૈ. સુદિ ૩ ના પ. પૂ. **પં. પ્રવર હીરસાગરજી ગણી આદિ ઠા. ૩** પધારેલા. અત્રેના શ્રી સંઘના આગ્રહથી **પ. પૂ. આચાર્ય દેવશ્રી ચન્દ્રસાગરસૂરિજી આદિ ઠા. ૬** સુરેન્દ્રનગરથી ઉગ્ર વિહાર કરી પ્ર. વૈ. સુદિ ૫ વચ્ચે એલીસબ્રીજ, મરચંટ સોસાયટીથી શેઠ શ્રી ગીરધરલાલ છોટાલાલના બંગલે પધારતાં સામૈયા સહિત સ્વાગત કરેલું. મંગળ દેશનાના અંતે શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. સુદિ ૬ ના શહેરમાં પ્રવેશ થતાં, શહેરના પ્રતિષ્ઠિત આગેવાનો સહ શ્રી સંઘ સ્વસમુદાયના બધા ઠાણાં તથા બીજા સમુદાયોના સાધુ ભગવંતો તેમ પૂજ્ય સાધ્વીજી મહારાજો વાજતે ગાજતે સ્હામા આવ્યા હતાં. તેમજ સુરત, બુહારી, વઢવાણ, ચાણસ્મા ઉજ્જૈન વગેરે શહેરોમાંથી ખાસ સામૈયામાં લાભ લેવા માટે ગૃહસ્થો આવેલા હતા, સામૈયુ ખમાસાની ગેટથી ચાલુ થયેલું તે જાહેર લત્તાઓમાં ફરી માંડવીનીપોળમાં નાગજીભુદરની પોળના ઉપાશ્રયે આવેલ, ગહુંળીઓ કરી વધાવવામાં આવ્યા હતા, પૂજા, પ્રભાવના આદિ કાર્યો કર્યાં હતાં. વ્યાખ્યાનમાં જનતા મોટી સંખ્યામાં લાભ સારો લઈ રહી હતી. સુરેન્દ્રનગરથી વિહાર કરી પૂ. જ્ઞાનસાગરજી ગણીવર, તથા પૂ. મુનિ શ્રી સુબોધસાગરજી આદિ ઠાણા ત્રણ પ્ર. વૈ. સુદિ દ્વી. ૧૩ ના દિને સવારેમાં પૂજ્ય આચાર્ય દેવશ્રીની નિશ્રામાં પધાર્યાં હતા, **અમદાવાદથી ભરુચ** માટે તુરત પ્ર. વૈ. વદી ૭ નો વિહાર કરતાં મોટી સંખ્યામાં ચતુર્વિધસંઘ વળોટાવા આવ્યો હતો.

**પં. પૂ. આ. દેવશ્રી ચન્દ્રસાગરસૂરિજી આદિ** ઠાણા ૧૧ પ્ર. વૈ. વદી ૬ બારેજા ખેડા-માતર-નડીયાદ **ઉપર થઈ** શ્રી ભરૂચ-વેજલપોર પ્રતિષ્ઠા ઉપર જવા વિહાર કરતાં શ્રી સંઘ વળોટાવા ગયો હતો.

પ. પૂ. **પં. પ્ર. હીરસાગરજી ગણીવર આદિ ઠા. ૩** શ્રી રાજપરા થઈ શ્રી ભરૂચ-વેજલપોર પ્રતિષ્ઠા ઉપર જવા વિહાર કર્યો છે, **પ. પૂ. મુનિ શ્રીજ્ઞાનસાગરજી ગણી આદિ ઠા. ૨** શ્રી મણિનગર થઈ શ્રી ભરૂચ-વેજલપોર પ્રતિષ્ઠા ઉપર જવા વિહાર કર્યો છે. **પ. પૂ. ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી ગણી આદિ ઠા. ૬** શ્રી પાનસર મુકામે સ્વ. શિષ્યોના પારણા અંગે રાજપુરા થઈ પાનસર તરફ વિહાર કરી ગયા છે.

**પેટલાદ**—પૂ. મુનિ શ્રી લબ્ધિસાગરજી મ. આદિ ઠા. ૩ અત્રે વિહાર કરી ગચ્છનાયક પ. પૂ. આ. શ્રી માણેકયસાગરસૂરિશ્વરજીને વંદના કરવા છાણી પધારી રહ્યા છે.

**છાણી—પ. પૂ. ગચ્છનાયક આચાર્ય દેવેશ્રી માણિક્યસાગરસૂરિશ્વરજી મહારાજ** શ્રીઆદિ ઠાણા વડોદરાથી છાણી પધાર્યા છે, અત્ર પ્રાયઃ માસ કલ્પની સ્થિરતા છે.

**વડોદરા**—પૂ. મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મ. તથા પૂ. મુનિ શ્રી ચિદાનંદસાગરજી મ. આદિ ઠા. ૪, અત્રે જાની શેરીના ઉપાશ્રયે પધાર્યા છે.

## ચાતુર્માસ નિર્ણય.

**વડોદરા—પ. પૂ. ગચ્છનાયક આચાર્ય દેવેશ્રી માણિક્યસાગરસૂરિશ્વરજી** આદિ ઠાણાંનું જાનીશેરીના ઉપાશ્રયે.

**ગોધરા**—પ. પૂ. મુનિ શ્રી ચિદાનંદસાગરજી મ. આદિ ઠાણા ૩ નું.

**લુણાવાડા**—પ. પૂ. મુનિ શ્રીસૌભાગ્યસાગરજી મ. આદિ ઠાણાં ૨) નું.

**કપડવણજ**—પ. પૂ. મુનિ શ્રી લબ્ધિસાગરજી મ. આદિ ઠાણાં ૨) નું.

**વીશનગર**—પ. પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી દેવેન્દ્રસાગરજી ગણીવર આદિ ઠા. ૬)

**સાબરમતી**—પ. પૂ. મુનિ શ્રી ચારિત્રસાગરજી મ. પૂ. શ્રી ચન્દ્રોદયસાગરજી આદિ ઠા. ૪) નું.

**વીરમગામ**—પ. પૂ. મુનિ શ્રી દર્શનસાગરજી ગણીવર આદિ ઠાણાં

**સુરેન્દ્રનગર**—પ. પૂ. મુનિ શ્રી ચન્દ્રકાન્તસાગરજી મ. તથા પ. પૂ. મુનિ શ્રી ચન્દ્રપ્રભસાગર મ.

**વઢવાણ શહેર**—પ. પૂ. મુનિ શ્રીશાન્તિવિજયજી મ. તથા પ. પૂ. મુનિવર્ય શ્રી રૈવતસાગરજી મહારાજ.

# પૂજ્ય મુનિવર્ય શ્રીસુબોધસાગરજી મહારાજશ્રી કાલધર્મ પામ્યા

પ. પૂ. આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિવરજીના શિષ્ય રત્ન મુનિરાજશ્રી સુબોધસાગરજી મહારાજશ્રી સં. ૨૦૦૯ના પ્ર. વૈશાખ સુદિ દ્વી. ૧૩ ના સાંજના સવા છ વાગતાં અમદાવાદ મધ્યે માંડવીની પોળમાં નાગજી ભુદરની પોળના ઉપાશ્રયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

સ્વર્ગસ્થ મુનિશ્રી સુબોધસાગરજી મહારાજની જન્મભૂમિ વીશનગર શહેર હતું, તેમનું સંસારી નામ શનાલાલભાઈ હતું, પાલીતાણા તીર્થે તેઓશ્રી તેમના સંસારીપણે લઘુબન્ધુ હાલમાં ઉપાધ્યાયજી મ. શ્રી દેવેન્દ્રસાગરજી ગણીવરને વંદના અર્થે આવેલા તે સમયે પ પૂ સ્વ૦ આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરિ પુરંદરશ્રીના ઉપદેશથી વિ. સં. ૧૯૮૫ના ચૈત્ર સુદિ ૪ ના દીને દીક્ષા ગ્રહણ કરી હાલના પૂ આ. શ્રીચન્દ્રસાગરસૂરિજીના શ્રીસુબોધસાગરજી નામે શિષ્યરત્ન થયા હતા, અને ચાલુ વર્ષમાં નવપદજીની (તેમ ગત વર્ષમાં વર્ધીતપની) આરાધના કરી હતી, છેલ્લાં સુરેન્દ્રનગરમાં નવપદજીની છેલ્લી આરાધના કર્યા બાદ કંઇક તબીયત નાતંદુરસ્ત થતાં પૂ૦ મુનિશ્રી જ્ઞાનસાગરજી ગણીવર તથા પૂ૦ મુનિશ્રી ઇંદ્રસાગરજી મ૦ સાથે તેઓશ્રી ધીમા વિહારે અમદાવાદ આવી રહ્યા હતા, વચ્ચે વધુ તબીયત નરમ થતાં ડોળીમાં તેઓશ્રી પ્ર. વૈશાખ સુદિ દ્વી. ૧૩ ની સવારમાં છ વાગતાં આવ્યા હતા, આ સમયે શુદ્ધિ ઠીક હતી, પરન્તુ બેચેની હતી. બપોરના ત્રણ વાગતાં શ્વાસ વધ્યો અને સાથે ગભરામણ પણ વધી અને બેશુદ્ધિ રહી વચ્ચે વચ્ચે શુદ્ધિ પણ આવતી રહી પરન્તુ અંતકાળ નજીક આવતાં શુદ્ધિ ઠીક રહેતાં નવકાર મંત્ર-સંથારાપોરિસી શ્રવણ કરતાં આરાધના કરતાં કરતાં કાળધર્મ પામ્યા.

પ. પૂ. આ. દેવશ્રી ચન્દ્રસાગરસૂરિજીએ વોસરવા વિગેરે વિધિ કરાવીને શ્રીસંઘને મૃતક સોંપવામાં આવ્યું હતું. ગામોગામ તારથી કાલધર્મ પામ્યાની ખબરો શ્રીસંઘે આપી હતી. શહેરમાં વીજળી વેગે ખબર પડતાં અંતિમ દર્શન અર્થે સાંજના દશ વાગ્યા સુધી મેદની ઉલટી હતી. શ્મશાન યાત્રામાં ભાગ લેવા સુરત, ચાણસ્મા, વગેરે શહેરોથી ભાવિકો આવ્યા હતા, દ્વિ૦ ૧૩ મંગળવારની સવારે સવાનવ વાગતાં વિશાળ શ્મશાન યાત્રા નીકળી હતી. જૈન જનતાએ મોટી સંખ્યામાં શ્મશાન યાત્રાનો લાભ લીધો હતો, સ્વર્ગસ્થના દેવવંદનાર્થે શહેરમાંથી પૂ૦ આ૦ શ્રીવિજયનેમિસૂરીશ્વરજીનો સમુદાય, પૂ૦ આ૦ શ્રીવિજયભક્તિસૂરિજીનો સમુદાય, પૂ૦ આ૦ શ્રીબુદ્ધિસાગરજીસૂરિજીનો સમુદાય, તેમ પં. શ્રી લલીતવિજયજી ગણી, પં. શ્રી રંગવિમળ ગણી, પં. શ્રીતીર્થવિજયજી મ. શ્રીના શિષ્ય મુનિશ્રી ક્ષમાવિજયજી મ૦ વગેરે પૂજ્ય શ્રમણવર્ગ તથા સાધ્વીજીઓનો વિશાળ સમુદાય આવ્યો હતો, અને શ્રમણ-શ્રમણી શ્રાવક શ્રાવિકાઓના સમુદાયે એટલે ચતુર્વિધ સંઘે પૂ૦ આ૦ શ્રીચન્દ્રસાગરસૂરિજીની નિશ્રામાં દેવવંદન કર્યું હતું. દીલગીરીના અને દેવવંદન થયાના સમાચારો તાર તથા ટપાલથી મુંબઇ, સુરત, ભરૂચ, વીશનગર, વડોદરા, છાણી, સાવરકુંડલા, પાલીતાણા, કપડવણજ, ચાણસ્મા, ભાવનગર, વીરમગામ, જામનગર, ઇસ્લામપુર, પાનસર, ઇન્દોર, નંદરબાર, ઉજ્જૈન વગેરે અનેક સ્થળોએથી દીલગીરી વ્યક્ત કરતા અને દેવવંદના કર્યાના સમાચારો આવ્યા છે. સંયમની સૌરભ મુકીને સ્વર્ગે જનારનું જીવન અતીવ અનુમોદનીય હતું.

# હમારૂં-નૂતન પ્રકાશન.

| | કિંમત |
|---|---|
| શ્રીજ્ઞાતાસૂત્ર ભા. ૧-૨ નો સારાંશ તથા શ્રીસૂત્રકૃતાંગ ભા. ૧ નો શારાંશ | ૨-૮-૦ |
| શ્રી આનંદચન્દ્રસુધાસિન્ધુ ભાગ બીજો-ત્રીજો દરેકની કિંમત ૩-૦-૦ (પ. પૂ. આગમોદ્ધારકશ્રીનાં મનનીય વ્યાખ્યાનો) | ૨-૮-૦ |
| શ્રી સિદ્ધચક્ર માસિકની બાંધેલી ફાઇલ વર્ષ ૧૪ | ૪-૦-૦ |
| ” ” વર્ષ ૧૫ | ૩-૮-૦ |
| ” ” વર્ષ ૧૬ | ૪-૦-૦ |
| ” ” વર્ષ ૧૭ | ૪-૦-૦ |
| ” ” વર્ષ ૧૮ | ૪-૦-૦ |
| શ્રી જ્ઞાતાસૂત્ર સટીક સારાંશસહ ભા. ૧ પત્રાકાર | ૮-૦-૦ |
| ” ” ” ભા. ૨ ” | ૭-૦-૦ |
| શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્-આનંદબોધિની ટીકા ભા. ૧ | ૩૦-૦-૦ |
| શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્ અઢી અધ્યાય-દશપાદપર્યંત ભા ૧ | ૯-૦-૦ |
| શ્રી ચન્દ્રપ્રભાસ પાટણ તીર્થ મહાત્મ્યમ્ | ૦-૬-૦ |
| શ્રી દેશના આનંદ સુધાસિન્ધુ (શ્રી ભગવતિસૂત્ર ઉપર ૧૦૮ પૂ. આગમોદ્ધારકની ૧૦૮ દેશનાઓ) | ૬-૧૨-૦ |
| સિરિસિરિવાહ કહા— પત્રાકાર— | ૩-૦-૦ |

તા. ક:—શ્રી સિદ્ધચક્ર માસિકની ફાઈલો જુજ છે તો લેવા ઈચ્છનારે તુરત મંગાવી લેવી તેમ સંપૂર્ણ ફાઇલો બાઈંડીંગ કરેલી ખલાસ થયે એક અથવા બે અંક ઓછાવાળી ફાઇલ મોકલવામાં આવશે તેના દર અંક દીઠ ૦-૪-૦ ઓછા લેવામાં આવશે.

પ્રાપ્તિ સ્થાન—

**શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.**

C/o. ચીમનલાલ સવાઈચંદ સંઘવી

ઠે. ગોળશેરી, ગલેમંદી સૂરત. W. R.

[ ટાઇટલ પેજ ૪ થી ચાલુ ]

૯૩૭. જીવનમાં જેણે કદીપણ ભૂલ ન કરી હોય એવો માનવી મળવો દુર્લભ છે. યાદ રાખવું જોઈએ કે મહાપુરૂષોએ પણ ભૂલો કરી છે; આથી ભૂલો ઉપર ભૂલો કરીને નિર્બળ થતા જવું એ અત્ર કથન નથી, પણ થતી ભૂલથી શિખામણ લેવાની કાળજી દરેકે રાખવી એ અત્ર કહેવું છે.

૯૩૮. ભૂલ કરનારાઓમાં ભૂલ કેમ થઈ ?, ફરી ભૂલ કેમ ન થાય; એ વિષેની ઝંખના છે, અને આગળ વધવાના અંતરાય–ભૂત માર્ગમાં ખડક સમાન ભૂલોને દૂર કરી વિકાસ કેમ સાધી શકાય ?; એ ઝંખનાની અને વિકાસની તમન્ના એ માર્ગદર્શક માપક છે.

૯૩૯. અઢાર પાપસ્થાનકના હાર્દને વિચારીએ તો સત્તર પાપસ્થાનક કરતાં અઢારમું મિથ્યાત્વ–શલ્ય એ વધુ ભયંકર પાપસ્થાનક છે, અને આ મિથ્યાત્વની શલ્યના સદ્ભાવમાં પામવા–લાયકની ચીજ-સમ્યકત્વની–પ્રાપ્તિ થઈ શકતીજ નથી.

૯૪૦. મિથ્યાત્વ શલ્યના પાપને વાસ્તવિક રીતિએ સમજાય ત્યારે મિથ્યાત્વ એ પાપ છે એટલે પાપરૂપ ભયંકર આત્મિક ગુન્હો છે.

૯૪૧. વ્યાખ્યાન કર્યા પછી શ્રોતાઓ યોગ્ય છે કે અયોગ્ય છે ? એ તપાસવું તે "પાણી પીને ઘર પુછવા જેવું છે."

૯૪૨. વીતરાગના વચનથી નિરપેક્ષ અને પોતાના વિચારને પોષણ કરવાની દેશના દેવી તે પાપદેશના છે.

૯૪૩. વર્તમાનમાં વી. સં. ૨૪૭૮ ના વર્ષ ઉપરાંતના સમયમાં ચતુર્વિધ સંઘ ઉપર વીતરાગની વાણીરૂપ સ્થાપના તરીકે મનાતાં આગમો ઉપકાર કરી રહ્યા છે, ઉપકાર કર્યો છે, અને કરશે એ ભૂલવા જેવું નથી.

૯૪૪. વીતરાગની આકૃતિનો વાસ્તવિક સાક્ષાત્કાર કરાવનાર જેમ ભગવંતોની પ્રતિમા છે, તેમ વીતરાગની વાણીનો સાક્ષાત્કાર કરાવનાર જૈનાગમાદિ ગ્રંથો છે.

૯૪૫. લગભગ ત્રીશ વર્ષના કેવલિ પર્યાયમાં રહીને શ્રી મહાવીર વિભુએ વાણીદ્વારાએ જે જે ક્ષેત્રમાં જે જે સમયે વિશ્વ ઉપર ઉપકાર કર્યો, તેજ સમયે અને લગભગ ત્રીશ-વર્ષ સિવાયના કાળમાં બાકીના ક્ષેત્રોમાં સર્વદા ઉપકાર કરનારી ચીજો બે છે—૧ જિનેશ્વરોની પ્રતિમાઓ, અને ૨ જિનેશ્વરોની વાણીની સ્થાપનારૂપ આગમાદિ ગ્રંથો.

[ વધુ માટે જુવો ટાઈટલ પેજ ૨ જું. ]

# સુધા-વર્ષા.

આલેખનકારઃ—પૂ. આચાર્યદેવશ્રી ચન્દ્રસાગરસૂરિ.

કૈલાસસાગરસૂરિ ज्ञान... महावीर जैन आराधना ... (गांधीनगर)

૯૩૦. ધર્મ તરફની વાસ્તવિક લાગણી ઉત્પન્ન ન થાય ત્યાંસુધી સંસાર—રસિક—આત્માઓની લગભગ ઉછૃંખલ દશા હોય છે, કે જે દશામાં સ્વ-પરનું હિત ધવાય છે.

૯૩૧. ધર્મરંગથી રંગાયેલો પ્રદેશી રાજા ગળે નખ દેઈને મારનાર પોતાની સ્ત્રી સૂર્યકાન્તાને ખમાવે છે, ખરેખર! ધર્મનું જોમ ધિક્કારને બદલે ક્ષમાનો બોધપાઠ શીખવે છે.

૯૩૨. મોક્ષમાર્ગના અભિલાષિઓને સાધન સામગ્રી પૂરી પાડનારા આચાર્ય ભગવંતો છે, કારણ કે એકવીશહજાર વર્ષ પર્યન્તની શાસન-સંચાલનની કરણીમાં વધુ પડતી જવાબદારી અને જોખમદારી તેઓની છે તે ભૂલવા જેવું નથી.

૯૩૩. માટીની પુતળીનો પગ ભાંગે તો બાળક રડે છે, અને પાંચ હજાર ખર્ચીને લાવેલ જાગતી-જીવતી પુતળીરૂપ સ્ત્રીને નવું જુનું કંઈક થાય તો કહેવાતો સમજુ યુવાન રડે છે; હવે આ બંન્ને પ્રસંગમાં વધુ પડતી અજ્ઞાનતા ક્યાં છે?, તે સત્વર તપાસો.

૯૩૪. લોખંડના તીક્ષ્ણ બાણો કરતાં વાક્બાણો (શબ્દબાણો) એ વધુ પડતાં તીક્ષ્ણ છે, કારણ કે લોખંડી બાણોના ઘા તુરતમાં રૂઝાય છે, અને વચનોના (શબ્દોના) ઘા કેમે કરી (કાળાંતરે પણ) પણ રૂઝાતાં નથી.

૯૩૫. વક્તૃત્વ કળામાં નિષ્ણાત બનેલા વક્તાઓએ વારંવાર આત્મ નિરક્ષણ કરવું, અને પોતાના દેખાતા અલ્પ દોષોને દૂર કરવા કટીબદ્ધ થવું; કારણકે "બોલવાનું શીખ્યા પછી મ્હારે કંઇ કરવાનું રહેતું નથી" આ વિચારો અધઃપતન માટેની પ્રથમતઃ આવશ્યક ભૂમિકારૂપ છે.

૯૩૬. "મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે" આ કહેવત ભૂલોની પરંપરા વધારવા માટે નથી, પણ થતી ભૂલોમાંથી અથવા થઈ ગયેલી ભૂલોમાંથી બોધપાઠ લેવા માટે છે; એ યાદ રાખો.

[ વધુ માટે જુવો ટાઇટલ પેજ ૩ જું. ]

મુદ્રકઃ—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઇ.

[illegible]वीर जैन आराधना [illegible]
[illegible] (गांधीनगर) पि. [illegible]

# શ્રીસિદ્ધચક્ર.

વર્ષ-૧૯-અંક-૯ મો. જ્યેષ્ઠ-માસ તા. ૧૭-૬-૫૩.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

## પ્રજાધીશોના પરાક્રમો.

આલેખનકાર:—પ૦ પૂ૦ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિવર્ય.

કુદરતના કેટલાક બળો પર મનગમતો કાબુ મેળવવામાં પાશ્ચાત્મ્ય વૈજ્ઞાનિકોની (પોતાની શક્તિઓની) વિશ્વ પ્રસિદ્ધિ આજે પણ જગમશહૂર છે. ગ્રામોફોન, રેડીયો, વાયરલેસ, આગગાડી, મોટર, વિમાન, ટેંકો, મશીનગન, અણુબોમ્બ વિગેરે વિગેરે આજના વિશ્વપ્રસિદ્ધ-વૈજ્ઞાનિકોની શક્તિઓના પ્રતીકો છે. સાગરમાં સફર કરનારા સફરી વહાણોને-સ્ટીમરોને ટોરપીડો વિગેરે માહત કરી શકે છે, આકાશ યુદ્ધમાં ઉતરેલા વૈજ્ઞાનિકોને ફાઇટર વૈજ્ઞાનિકો માહત કરી શકે છે. ઈ. સ. ૧૯૩૯ માં શરૂ થયેલ સંગ્રામ પાંચ વર્ષ ઉપરાંત શરૂ રહ્યો અને વિજય-પરાજયના ત્રાજવાને સ્થિર કરીને વિજય મેળવવાની ધુનમાં લાખોની વસ્તીવાળા જાપાનનાં ગામોને એટમ બોંબથી ભસ્મીભૂત કર્યાં, છતાં સુલેહની સોડમાં સંતાયેલા ઇર્ષ્યા-દ્વેષ-લોભ-લાલચો તો આજે પણ અનેક રીતિએ દેખાવ દેઇ શકે છે; આ બધાં સુધરેલ પ્રજાધીશોના પરાક્રમો છે.

શાસનમાન્ય શ્રમણ સંસ્કૃતિના રંગથી રંગાયેલો શ્રમણ કહી શકે છે કે દુર્ગમ-દુર્ભેદ્ય શીખરો પરથી ઉડતાં શીખ્યા છો, અગાધ-અરણ્યમાંથી પસાર થતાં શીખ્યા છો, મહાસાગરોની મુસાફરી કરતાં શીખ્યા છો, ઘેર બેઠાં વેશ્યાઓના વિલાસિ સંગીત સાંભળતાં શીખ્યા છો, અને બીજાઓને ગુલામ બનાવીને તે તે પ્રજાપર વર્ચસ્વ જાળવતા શીખ્યા છો; પણ મનુષ્યપણું પામીને કેવી રીતે જીવવું અને બીજાને જીવવા દેવું એ કળા શીખવા માટે શ્રમણ સંસ્કૃતિની સ્યાદ્વાદ પીઠનો આશ્રય લેવાની જરૂર છે, તે શિક્ષણ શીખવાનો ઉદ્યમ કરો!

વિ. સં. ૨૪૭૯.
વિ. સં. ૨૦૦૯.
ઈ. સ. ૧૯૫૩.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
C/o ચીમનલાલ સવાઈચંદ સંઘવી.
ઠે. ગોળશેરી, ગલેમંડી-સુરત W. Rly.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના—
રૂ. ૦—૪—૬

(ટાઈટલ પેજ ૪થી ચાલુ)

૯૬૫. તપોધર્મના સેવન વગર ઇષ્ટ સિદ્ધિ નથી એ શ્રમણ સંસ્કૃતિનો પ્રધાન-સૂર છે.

૯૬૬. તપશ્ચર્યા-સેવનના પ્રબળ પ્રભાવે કાણી કોડીની કિંમતવાળા જીવોએ પોતાની કિંમત કોડોથી પણ કેઈક ગુણી બનાવી છે, અને સાથે સાથે તપોધર્મ સેવનના સનાતન-સૂત્રને જીવનમાં ઓતપ્રોત બનાવવાનું કહી ગયા છે.

૯૬૭. દીર્ઘકાળની તપશ્ચર્યાના પ્રારંભકાળમાં અને પરિસમાપ્તિ કાળમાં તપસ્વીઓના આંતરિક-જીવનમાં અકથ્ય તોફાનો આવિર્ભાવ પામે છે, આ તોફાનોથી બચી શકે તેજ મહાતપસ્વી છે.

૯૬૮. લાલચ-લોભના લાંબા-પહોળા પ્રલોભનોના પ્રચંડ-પૂરો તપસ્વીઓના હૃદય મંદિરમાં ઉછળે છે, ત્યારે નિર્જરાના નિર્મળ ધ્યેયને અનુસરતું જીવન જીવી શકાતું નથી; એ એક તપસ્વીની કઠોર કસોટી છે.

૯૬૯. આશાની આંગળીએ ચાલી આવનારા આશાંધ-જીવોને નિરાશાની નિર્મળ દિશા નજરે પડતી નથી, એ વિચારણીય પ્રસંગ વિવેકિયોએ સમજવા જેવો છે.

૯૭૦. શ્રમણ સંસ્કૃતિની ઉંડાણમાં અને શ્રમણોપાસક સંસ્કૃતિની ઉંડાણમાં વિચાર-વાણી-વર્તનમાં અનેક અમૂલ્ય-ઘટનાઓ પડેલી છે કે જેનો સાક્ષાત્કાર ભાગ્યશાળીઓજ કરી શકે છે.

૯૭૧. આકરી તપશ્ચર્યા એ ક્ષમા-નમ્રતા-સરળતા-સંતોષ-મૈત્રી આદિ ભાવનાઓને કેળવવાનું પરમ સાધન છે.

૯૭૨. સંસાર હંમેશાં સીધી ગતિએ નથી ચાલતો, જીવન નૌકા સંસાર સમુદ્રને કાંઠે આવવાની તૈયારી કરે છે, એક બે ક્ષણનો વિલંબ હોય એટલામાં કોણ જાણે ક્યાંથી આકસ્મિક કાળાં વાદળ ઘેરાય છે, તોફાની પવન ફુંકાય છે; અને કાંઠે આવતી જીવન નૌકા પાછી ધકેલાય છે; માનવીની મહર્દ્ધિક આશાઓ અને કલ્પનાઓ વેરવિખેર થાય છે. ખરેખર આ પ્રસંગનું પુનિત શીક્ષણ અગ્નિશર્માની ત્રિમાસિક તપશ્ચર્યા શીખવે છે.

૯૭૩. તપશ્ચર્યાના મહાત્મ્ય કરતાં મનઃસંયમ અને આંતરિક શુદ્ધિ મહામૂલ્યવાન છે, અને ખરેખર શુભાશુભ ગતિ વિગેરેમાં એજ નિયામક છે.

૯૭૪. શરણાગતિને સૌભાગ્ય કે ગૌરવ નહિં સમજનાર જર્મનીએ ઈ. સ. ૧૯૧૮ની સુલેહમાં પડકાર ફેંકયો છે તે વિચારો. એટલે તે અવસરે હિન્ડનબર્ગ બોલ્યો છે કે હમે બધું ગુમાવ્યું છે, પણ એક ચીજ ગુમાવી નથી, તે ચીજ એ છે કે શત્રુ પ્રત્યેનો ધિક્કાર પ્રજાના જીવનમાં જાગતો જીવતો છે; તેવી રીતે દરેક જીવે કર્મ-શત્રુ પ્રત્યે ધિક્કાર કેળવવાની જરૂર છે.

# ૨૪૦ આગમોદ્ધારકની અમોઘ-દેશનાનો-સારાંશ: ૧.

**નોંધઃ**—વિ. સં. ૧૯૯૫ ના વૈશાખ માસમાં અમદાવાદ મુકામે શ્રેષ્ઠિ મોહનલાલ છોટાલાલના ઉજમણાં પ્રસંગે શ્રી હરિભદ્રસૂરિ વિરચિત જ્ઞાનાષ્ટકના છઠ્ઠા શ્લોકપર આગમોદ્ધારક **શ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ** અમોઘ-દેશના આપી હતી, અને તે દેશનાનો સારાંશ તે વખતના **મુનિ શ્રીચંદ્રસાગરજીએ** (વર્તમાનમાં **પૂ. આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરિજીએ**) લીધેલો હોવાથી તેઓશ્રીની પાસે પેરેગ્રાફાદિ સુધારા-વધારા અવતરણો સાથે તૈયાર કરીને અત્ર અપાય છે.

લી૦ તન્ત્રી.

## દેશનાના દિવ્ય-અવતરણો.

**૧. રહેવાનું મકાન અને ગુન્હેગારોને રહેવાની જેલ, આ બંનેની બનાવટ એક સરખી છતાં; બુદ્ધિમાનો તે બંન્નેને સ્વરૂપે જુદાં માને છે.**

**૨. શાહુકારો માટે રહેવાના મકાન છે, અને ગુન્હેગારો માટે જેલ છે.**

**૩. કર્મરાજાએ અનેક જન્મ-મરણની પરંપરા રૂપ પત્થરમયદિવાલો પાછળ આ જીવને કેદ કર્યો છે.**

**૪. જન્મ મરણની પરંપરા રૂપ પત્થરમય દિવાલરૂપ સંસારને સમજતાં શીખો!**

**૫. બંને જણની લડાઇમાં દાંત પાડે અગર લોહી નીકળે તો મહાવ્યથાનો કેસ નોંધાવીએ છીએ, પણ કર્મરાજાના અતીવ જુલમથી બાર દાંત પડી ગયા તો કેસ કયાં નોંધાવશો?**

**૬. કર્મરાજા પર કેસ કરતાં શીખો!**

**૭. સંસાર-રસિક-આત્માઓ કર્મરાજા પર કેસ કરી શકતા જ નથી.**

**૮. કર્મના હલ્લાને ઓળખતાં શીખો! અને સાવધાની પૂર્વક તે હલ્લાને હઠાવો!**

**૯. સાપનું ભયંકરપણું સમજનારાઓ પાપનું ભયંકરપણું સમજતા નથી એ આશ્ચર્ય છે.**

**૧૦. સર્પનું ભયકંરપણું સમજ્યા પછી ગફલતમાં રહેનારાઓ સર્પના પંઝામાં ફસાય છે, તેવી રીતે મોહ સર્પની લીલાને સમજતાં શીખો!**

**૧૧. મોહ સર્પને પકડીને જંગલમાં રવાના કરો, નહિંતર મોહ સર્પને પકડીને છોડનારાઓને મોહસર્પ ક્રૂર રીતિએ હેરાન કરે છે.**

**૧૨. દીક્ષાર્થીઓ એ મોહસર્પને પકડનારા છે, અને દીક્ષા છોડનારાઓ મોહસર્પને પકડી છોડનારા છે.**

**૧૩. મોહસર્પને નહિં પકડનારાઓ કરતાં મોહસર્પને પકડીને છોડનારાઓની દુર્દશા સેંકડો ગુણી વધારે હોય છે.**

**૧૪. દીક્ષાના પરિણામ થવા એ દુર્લભ છે, અને થયા પછી તે પરિણામને સફલ કરવા તે અતીવ દુર્લભ-અશક્ય છે.**

**૧૫. કબજામાં આવેલા મોહ શત્રુને વિનાશ કરવાની તાલીમ લો!**

**૧૬. કબજામાં આવેલા મોહશત્રુને છોડવામાં મહા મુર્ખાઈ છે.**

**૧૭. મોહ શત્રુ અનંત પુદ્દગલ પરા-**

વર્તે પણ કબજામાં આવી શકતો નથી એ ધ્યાનમાં રાખો!

૧૮. કબજામાં આવેલા શત્રુને શિક્ષા કરવામાં ભૂલ ખાધી તો જરૂર માર ખાવો પડશે.

૧૯. લશ્કરની નબળાઇમાં સુલેહની વાટાઘાટ કરનારાઓ ઘણા છે, તેવી રીતે ૬૯ ક્રોડાક્રોડ તૂટે એટલે મોહનીય કર્મરાજા જીવને લાંચ રૂશ્વત આદિમાં સપડાવે છે, અને પુન: સીત્તેર બાંધવામાં તે ફસાય છે, તે પ્રસંગનું પરિશીલન કરો!

૨૦. અંતર્મુહૂર્તની ઢીલ થવાથી અનંતકાળ સુધી આ જીવને રખડવું પડયું છે તે સમજાતું નથી.

૨૧. ટીપુ સુલતાને સુલેહની વાટાઘાટમાં લશ્કરની તૈયારી કરીને અંગ્રેજોને ત્રણ વખત હરાવ્યા તેવી રીતે મોહનીયકર્મની મુંઝવણ ભરી વાટાઘાટને સમજતાં શીખો!

૨૨. મોહનીયકર્મે આ જીવને અનંતી વખત મુર્ખ બનાવ્યો છે, છતાં આ જીવ સમજતો જ નથી.

૨૩. વાયદાનો વેપાર કરનાર સટોડીઆઓ વાયદા વખતે સાવધાન રહે છે, તેટલી ચોકસાઈ આ જીવ રાખી શકતો નથી.

૨૪. ૬૯ ક્રોડા ક્રોડ તોડનાર જીવને અંતર્મુહૂર્તની ઢીલ કરવી પાલવે તેમ નથી.

૨૫. અંતર્મુહૂર્તની ઢીલ નહિં કરવાનું કથન કરનાર જૈનશાસન સમય માત્ર પણ પ્રમાદ નહિં કરવા જણાવે છે.

૨૬. અંતર્મુહૂર્તથી ઓછો ઉપયોગ ન હોય તો પછી સમય–ક્ષણની વાતો કેમ સંગત થાય? તે સમજતાં શીખો!

૨૭. સમજુ ઝવેરીઓ વાત વાતમાં ચવના ફેરફ સમજી શકે છે, પણ કાપડીઓ, કણીઓ, કાછીઓ અને કોળી ચવના ફેરફ ન સમજે તેથી ચવના ફેરફની ચતુરાઇ ભરી વાતો નકામી છે એમ સમજવું નહિં.

૨૮. સમ્યક્ત્વના સંસ્કાર વગરનું જ્ઞાન તે જ્ઞાન નથી, પણ અજ્ઞાન છે.

૨૯. દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવનું એક સરખાપણું નથી, માટે દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવે જે પરિણામ થાય તેને સફલ કરતાં શીખો!

૩૦. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની સંગતિને નહિં સમજનારાઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને આગળ કરીને મનગમતું કરનારાઓ અજ્ઞાન શિરોમણિ છે.

૩૧. માર ખાનારના હાથ પકડી રાખવા તે મારનારને મદદ કરવા જેવું છે.

૩૨. જેલનો કેદી જગતના વ્યવહારોને દેખી–સમજી શકતો નથી, તેવી રીતે વર્તમાન સંસારરૂપી જેલમાં કેદી બનેલો સંસારી પોતાની ભૂતકાળની–ભવિષ્યકાળની વાતોને સમજી શકતો જ નથી.

૩૩. ભવાભિનંદી જીવોને સંસાર

સંબંધિનું જે જ્ઞાન તે વિષયપ્રતિભાસ જ્ઞાન કહેવાય છે, અને તે લગભગ અજ્ઞાનના ઘરનું છે.

૩૪. "अत्थि मे आया उववाइए" આ સૂત્રની સમજણમાં જ્ઞાની-અજ્ઞાનીનો નિર્ણય થાય છે.

૩૫. શૂરા સરદારોનું ધ્યેય શત્રુને હરાવવો અને વિજય મેળવવો એજ.

૩૬. સમ્યગ્દૃષ્ટિ આત્માઓનું ધ્યેય શૂરા સરદારો જેવું હોય છે.

૩૭. સંસારનો કેદી સમ્યગ્દૃષ્ટિ અરિહંતાદિદેવને ત્રિકરણયોગે ઝુકે છે, બીજે સ્થળે ઝુકતો જ નથી.

---

स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्यादि निश्चयम् ।
तत्त्वसंवेदनं सम्यक्, यथाशक्ति—फलप्रदम् ॥ ६ ॥

## સમજણનો અભાવ.

શાસ્ત્રકાર મહારાજા શ્રીહરિભદ્રસૂરિજી મહારાજા શ્રીજ્ઞાનાષ્ટકની રચના કરતાં થકાં "स्वस्थवृत्तेः प्रशान्तस्य०" એ શ્લોકના પદોનું વિવેચન કરતાં પૂર્વે જણાવી ગયા કે જ્ઞાનને જ્ઞાન તરીકે અગ્રપદ જૈનશાસને આપ્યું નથી, કારણ કે ઇષ્ટ પ્રાપ્તિના સાધન તરીકે અને અનિષ્ટાદિ પ્રસંગના નિવારણાર્થે જ્ઞાનને અગ્રપદ આપેલ છે. રહેવાનું મકાન અને ગુન્હેગારને પુરવાની જેલ એ બન્ને ઇંટ-ચુના-પત્થર-લક્કડ-લોખંડના બનેલા છે, એટલે બનાવટ એક સરખી છે, પણ બુદ્ધિમાનો તે બંન્નેને સ્વરૂપે જુદા માને છે. બનાવટ એક સરખી છતાં શાહુકારો માટે મકાન છે, અને ગુન્હેગારો માટે જેલ છે; એ વિવેકિઓને સમજાવવું પડે તેમ નથી. તેવી રીતે કર્મરાજાએ અનેક જન્મ-મરણની પરંપરારૂપ પત્થરમય દિવાલો પાછળ આ જીવને કેદ કર્યો છે. એ સમજણ સમ્યગ્જ્ઞાનીઓને હોય છે, અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીઓ આ શાસનમાન્ય સમજણના અભાવમાં જન્મ મરણની પરંપરારૂપ દિવાલોમય આ સંસારને સમજી શકતા નથી.

## ભયંકર મોહ-સર્પ.

બન્ને વચ્ચે તકરાર થાય અને મુક્કા મુક્કી લડે અને મારામારીમાં જે બળવાન હોય તે નિર્બલના દાંત પાડે અને લોહી નીકળે તો મહાવ્યથાનો કેસ નોંધાવીએ છીએ, પણ કર્મરાજાના અતીવ જુલમ થયે બત્રીસ દાંતમાંથી બાર દાંતો પડી ગયા. દાંત પડવાના અવસરમાં ન સહન થાય તેવી વેદનાઓ ભોગવીને રડયા, છતાં તેનો ન્યાય કયા સ્થળે માંગીએ? બીજો કોઇ દાંત પાડે લોહી કાઢે તો મહાવ્યથા ગણી કેશ કરનારા સેંકડો છે, પણ કર્મના તીવ્ર જોરે દાંત પડી ગયા તો શું કર્યું? એટલે કર્મ ઉપર કેશ કરનાર એક પણ વ્યક્તિ નથી. પુણ્યના ઉદયમાં પાગલ બનનારાઓ ઘણાં છે, પણ પાપના હલ્લામાંથી બચનારાઓની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય તેટલી જવલ્લેજ છે. ધાડપાડુઓ ધાડ પાડે તે અવસરે મિલ્કતનો માલીક ધાડપાડુઓથી સાવધ ન રહે અને ધાડને રોકી શકે નહિં, તો તે ધોળે દહાડે લુંટાઇ જાય છે. કર્મનો હલ્લો રોકીશ નહિં, અને તે અવસરે સામો થઇશ નહિં તો રોકવાનો હક હે આત્મા! તું ગુમાવીશ અને ભાવિમાં રડવું પડશે, કર્મ તરફથી પાપનો હલ્લો શરૂ થાય તે અવસરે આત્માએ તૈયાર રહેવું. કર્મના હલ્લાને રોકવામાં ઉદ્યમવંત તીર્થંકર-ગણધરો હોવા છતાં પણ ઇતર જીવોના પાપના

હલ્લાને તેઓ પણ રોકી શકતા નથી. પાપને પાપ તરીકે સમજ્યા પછી અને પાપનું ભયંકરપણું સમજ્યા પછી પાપરૂપી સાપથી લવલેશ પણ ગફલતમાં રહેતો નથી, ભવોભવ ભયંકરપણું મોહસર્પથી જાણ્યા પછી ગફલતમાં રહેનારા તેમજ મૂર્ખ છે.

## અનુકૂળ પરિણામને સફળ કરો !

મોહ સર્પને પકડ્યા પછી પકડનારે છોડવોજ નહિં, અને મોહ સર્પને પકડનાર છોડે તો તેની દુર્દશા થાય છે. દીક્ષા લેનારે મોહસર્પને પકડ્યો છે, હવે તે સર્પને સંસાર અટવીમાં મૂકીને સંયમ-તપોધર્મની આરાધના સાથે મોક્ષમાં પહોંચી જવું, નહિંતર પકડનાર (મોહ સર્પ પકડનાર=દીક્ષા લેનારના) હાથમાંથી છટકી જાય તો તે મોહ સંસારના રસિક-આત્માઓને જે મુંઝવણ કરે છે તેના કરતાં ક્રોડ ગુણી મુંઝવણમાં દીક્ષા છોડનારો મુકાય છે. આથી જે દીક્ષા લેવા આવેલો હોય, અને તે મહિનાનો વાયદો કરે અને એ વાયદામાં હા કહીને વાયદાની વાંસલી વગાડનાર સાધુઓ હોય, તો તેઓને રોજના એક ઉપવાસ એટલે ત્રીસ ઉપવાસનું પ્રાયશ્ચિત આવે છે તે પ્રસંગ સમજવા જેવો છે. દીક્ષા લેવાના પરિણામ થવા એ દુર્લભ છે, અને થઈ ગયા પછી તે પરિણામને સફળ કરવામાં વિલંબ કરનારો-કરાવનારો ભયંકર ભૂલ કરે છે. તે ઉપર એક દૃષ્ટાંત વિચારવા જેવું છે. એક તળાવ ઉપર સજ્જડ સેવાળોના થર જામ્યા છે, એટલે લગભગ ચાર આંગળ જાડી સેવાળના થર છે, અને પવનના જોરે તે સેવાળના થર ફાટી ગયાં. ફાટેલી ફાટ ક્યારે પુરાઈ જાય તેનો ભરોસો નથી, એમ જાણીને એક કાચબો ચંદ્રાદિ દર્શન કરાવવા માટે કુટુંબને બોલાવવા ગયો, ત્યાં તો પવનના જોરે ફાટેલી ફાટ પુરાઈ ગઈ અને હૃદયની ભાવના ફળીભૂત ન થઈ. આ રીતિએ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની સાધન સામગ્રી સંયોગોના સદ્‌ભાવમાં આત્માને હિતકર-અનુકૂલ પરિણામ થઈ જાય તો દૃઢ નિશ્ચયપણે તે પરિણામ પ્રવૃત્તિરૂપે મૂર્તિમંત કરો નહિં તો ઠેરના ઠેર !! કબજામાં આવેલા શત્રુનો નાશ કરવો એજ હિતકર છે, છોડવામાં ભયંકર ભૂલ છે, વિલંબમાં મુર્ખાઈ છે.

## અંતર્મુહૂર્તની ઢીલ.

અનંતા પુદ્‌ગલ પરાવર્તે પણ જે કબજામાં આવ્યો નથી, કબજામાં આવે એવો નથી, છતાં તેવો શત્રુ કબજામાં આવ્યો અને શત્રુને કબજામાં આવી ગયા પછી માહત કરવામાં ભુલ ખાશો તો સમજવું કે માર ખાવોજ પડશે. આ પ્રસંગમાં એક દૃષ્ટાંત વિચારવા જેવું છે. દક્ષિણમાં ટીપુ સુલતાને લડાઈ અંગ્રેજો સાથે શરૂ કરી. લડાઈ લડતાં નબળાઈ આવે એટલે સુલેહનો વાવટો ચઢાવીને વાટાઘાટ શરૂ કરે, અને વાટાઘાટ દરમ્યાન વેરવિખેર લશ્કરને એકઠું-તાલીમબદ્ધ કરવા લાગ્યો. લશ્કર તૈયાર થઈ જાય એટલે વાટાઘાટ પડતી મુકીને પુનઃ સંગ્રામ પર લડવાનું શરૂ કરે. આવી રીતે લશ્કરની નબળાઈમાં સુલેહની વાટાઘાટ અને લશ્કરની તૈયારીમાં લડાઈ ચાલુ રાખે, એક અંગ્રેજ અમલદારને જાણવા મળ્યું ત્યારે સુલેહની વાટાઘાટમાં પણ લડાઈ ચાલુ રાખીને ટીપુ સુલતાનને જીતી નમાવ્યો. તેવી રીતે ૬૯ કોડાકોડની સ્થિતિ તૂટે એટલે વાટાઘાટ કરવાનું મોહનીય કર્મરાજા કરે અને લોભ-લાલચાદિમાં સપડાવે અને પુનઃ સીત્તેર કોડાકોડ બાંધવામાં ઉદ્યમી થાય. રાગદ્વેષની ગ્રંથીના ભેદ વગર આ આત્મા અનંતી વખત ૬૯ કોડાકોડ ખપાવે છે, પણ

બાકી રહેલ મોહનીયના કિલ્લાને ભેદે તે ફાવે. કારણુ કે અનંતાકાળથી અનંતી વખત મોહનીયે મુંઝવણમાં મુકીને આ જીવને હાર ખવરાવી છે, આથી સમ્યક્ત્વની પ્રાપ્તિ રૂપ વિજય વરમાળ વરવા આ જીવ ભાગ્યશાળી થયો નથી, અને અનંતી વખત ઠગાયો છે. મોહનીય કર્મની મુંઝવણુભરી ઠગાઇને સમજવાની જરૂર છે. અંતર્મુહૂર્તની ઢીલ થવાથી મોહનીય કર્મ આ જીવને અનંતકાળ રખડાવે છે તે સમજવાની અવશ્યમેવ જરૂર છે. મોહનીય કર્મે અનંતી વખત મૂર્ખ બનાવ્યો છતાં સમજતો નથી. ટીપુ સુલતાને અંગ્રેજ અમલદારને બે ત્રણ વખત મૂર્ખ બનાવ્યો તે વાત તે તૂરત સમજી ગયો, આ જીવે હવે જાગ્રત થવાની જરૂર છે. વાયદાનો વેપાર કરનાર સટોડીયો વાયદા વખતે સાવધાન રહે, અંત મુંહૂર્તના વાયદાવાળો સટોડીયા જેવો આ જીવ સાત્વિક શિરોમણિ બનવાનું કાર્ય એક વખત પણુ સાવધાનીથી કરતો નથી. લેડી સ્મીથનો ઘેરો ઢીલો કરીને અંગ્રેજો ટ્રાન્સવાલ ગયા, અને પછી જબરૂં જોર કર્યું, તેવી રીતે આ જીવે ૬૯ કોડા કોડ તોડીને અંત મુંહૂર્તની ઢીલ કરવી તે જૈન શાસનને પાલવતું નથી.

## પાપના હલ્લાને રોકનારા.

અંતર્મુહૂર્તની ઢીલ કરનારો જીવ સમ્યક્ત્વ પામ્યા વગર અનંતકાળે પણુ જીવ સત્યને સમજી શકતો નથી. અહીં તો અંતર્મુહૂર્તની વાત થાય છે, પણુ શ્રી વીરવિભુ તો શાસન સંચાલક પ્રથમ ગણુધર શ્રી ગૌતમને કહે છે કે-હે ગૌતમ! **समयं मा पमाअए** (એક સમય માત્ર પણુ પ્રમાદ કરીશ નહિં). એટલે એક સમય માત્ર પણુ નકામો જવા દેશો નહિં. સમ્યગ્દ્રષ્ટિનું સમ્યક્ત્વ ઉપાશ્રય મંદિર પુરતું નથી, કારણુ કે આયુષ્ય બાંધવાનું ઉપાશ્રય-મંદિરમાં નથી પણુ હરકોઇ જગોએ બંધાય છે માટે સમ્યક્દ્રષ્ટિએ હંમેશા શુભ લેશ્યામાં રહેવું જોઇએ. સમ્યક્દર્શન થયું એટલે હંમેશની જોખમદારી. ચોથા ગુણુસ્થાનકવાળો શુભ બાંધે એ અનુમાનથી કીધું, જેમ જતી હાથણીને કાણી કહી તે એક બાજુના પાંદડા ખાધેલા દેખ્યાં તેથી અનુમાન કર્યું; તેવી રીતે અહીં પણુ એજ સમજવું. હવે મૂળ વાતને વિચારીએ કે છદ્મસ્થોને અંતર્મુહૂર્તથી ઓછો ઉપયોગ હોતોજ નથી, તો પછી "**समयं मा पमाअए**" "**क्षण विग्घो मुहुत्तो**" આ બે પદોથી શું સમજવું? સમાધાન એ છે કે-ઉપદેશ્યની પ્રધાનતાને લીધે આ વાત જણાવી છે. આ પદોમાં ઉપદેશક=વક્તા કેવળજ્ઞાની છે એટલે સમય શબ્દથી ગણુધરોને સંબોધી શકે છે. પક્કો ઝવેરી વાતવાતમાં મોતીની લેવડદેવડમાં ચવનો ફરક નહિંજ ચાલે એમ બોલે છે, પણુ દાણાવાળો, શાકવાળો, ભાજીવાળો અને મીઠાઇવાળો ચવની વાત બોલશેજ નહિં; કારણુ કે તે ચવના ફરકને સમજતોજ નથી. સમ્યક્ત્વના સંસ્કાર વગરનું જ્ઞાન તે જ્ઞાન નથી, પણુ અજ્ઞાન છે, અને તેથીજ મહિનાની મુદ્દતનો વાયદો માગનારા દીક્ષાર્થિને સંમતિ આપતોજ નથી. કારણુ કે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ એક સરખા રહી શકતા નથી, માટે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી શુભ પરિણામ થાય તે શુભ પરિણામને અનુસરીને પ્રવૃત્તિ કરી લેવી એ હિતચિંતકોનું આવશ્યક કાર્ય છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાલ ભાવથી થવાવાળા ભાવોને મૂર્ત સ્વરૂપ આપવાની તૈયારીમાં આવેલા દીક્ષાર્થિઓને વાયદો કરવાની સંમતિ આપનારાઓ અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને ધક્કો મારનારા છે. એક પ્રસંગ યાદ રાખો કે બન્ને લડે છે તેમાં એક

મારે છે, અને બીજો માર ખાય છે; હવે આ પ્રસંગમાં માર ખાનારના હાથ પકડી રાખવા એ મારનારને મદદ કરવા જેવું છે. મારનારના હાથ પકડવાને બદલે માર ખાનારના હાથ પકડવા જવું તે મૂર્ખાઇ છે; તેવી રીતે તમે પાપનો હલ્લો રોકી શકતા નથી અને પાપનો હલ્લો રોકનારાઓને રોકવા તૈયાર થવું તે પાપનો હલ્લો કરનારા કર્મોને મદદ કરવા જેવું છે.

## સમ્યક્દૃષ્ટિનું વર્તન.

જેલ અને મહેલની બનાવટ એક સરખી છતાં જેલમાં રહેલો કેદી જગતના વ્યવહારોને દેખવા, જાણવા કે સાંભળવા ભાગ્યશાળી થઇ શકતો નથી, તેવી રીતે આ જન્મનું, આ જન્મ સંબંધિના કુટુંબનું, સ્થાવર-જંગમ મિલ્કતનું શું થશે? એવી દ્રષ્ટિવાળાને આ ભવના કેદી માનવા જેવા છે. આ ભવના કેદીને આ ભવ પુરતીજ ધમાલ હોય છે અને આ ભવ સુધીનો જન્મ-જરા-મરણ સુધીનો વિચાર હોય છે, અને આવા ભવાભિનંદી જીવને જે જ્ઞાન હોય છે તે જ્ઞાનનું નામ વિષયપ્રતિભાસ જ્ઞાન કહેવાય છે. આવા જ્ઞાનીઓ (વિષય પ્રતિભાસ જ્ઞાનિઓ) વર્તમાનનું વિચારે છે, પણ અતીતકાળ-અનાગતકાળ સંબંધિ ભવોના કારણોને અને ફલ-સંયોગોને વિચારતા નથી. આત્મપરિણુતિનું જ્ઞાન જેને થયું હોય તે આત્માઓને ગણધર રચિત આચારાંગના પ્રથમ અધ્યાયનું આ સૂત્ર યાદ રહેવું જોઇએ. "अत्थि मे आया उववाइए" મારો આત્મા ચાર ગતિના કોઇક સ્થાનથી ચ્યવીને અહિં ઉત્પન્ન થયો છે, અને અહીંથી ચ્યવીને બીજા ભવે જવાનો છે." આવું જ્ઞાન થાય તેને આત્મપરિણતિજ્ઞાન થયું કહેવાય છે. શૂરા સરદારો રણાંગણમાં ઉતરે લડે, ખાય, પીએ, હરે, ફરે પણ દુશ્મનને હરાવવાની અને વિજય મેળવવાની કિંમતના રંગમાં નિશ્ચિંત બન્યા છે, તેવી રીતે સમ્યક્દૃષ્ટિ જીવો કાયા-કુટુંબ-કંચન-કામિની-કીર્તિના વ્યવહારમાં ઉતરે-દોડ ધામ કરે પણ કર્મ સંહારવાની અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની અથવા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત થવાની ઇચ્છાથી રંગાયેલા હોય છે. દક્ષિણ આફ્રિકાની લડાઇમાં હારેલા કેદીઓને અહમદનગરના કિલ્લામાં કેદ કર્યા. કેદમાં રહેવાનું, ખાવાનું, પીવાનું, દવા વિગેરે લેવાનું બ્રિટીશો તરફથી ચાલુ હતું અને બ્રટીશ શહેનશાહની વર્ષગાંઠના દિવસે સલામી ભરવાના અવસરે હારેલા કેદ થયેલા કેદીઓએ કીધું કે આ મસ્તક ક્રુગર સિવાય બીજાને નહીં જ નમે તેવી રીતે સંસાર કેદનો કેદી સમ્યગ્દ્રષ્ટિ આત્મા પણ અરિહંત સિવાય બીજાને મન-વચન-કાયાથી ઝુકે જ નહિં. આ આત્મપરિણુતિજ્ઞાનથી કેટલી હદે આગળ વધેલો હોય તે વિચારો! તેજ આત્મા તત્ત્વસંવેદન જ્ઞાનનું આસ્વાદન કેવી રીતે કરે? તે અગ્રે વર્તમાન.


**શ્રી સિદ્ધચક્રના છૂટક અંકો માટે—**

શ્રી ચન્દનસાગર જ્ઞાન ભંડાર-વેજલપુર-પંચમહાલથી વર્ષ ૧ થી યાવત્ ૧૮ મા વર્ષ સુધીના છૂટક અંકો જે શીલીકમાં હશે તે અંકો દરેક અંકની ચાર આના કીંમતથી આપવામાં આવશે. તો જેને જરૂર હોય તેણે નીચેના શીરનામે જણાવવું.

**શ્રી ચન્દનસાગર જ્ઞાન ભંડાર**

વ્યવસ્થાપક-શા. શાન્તિલાલ ગુલાબચંદ

વેજલપુર (જી-પંચમહાલ)

સ્ટે ખરસાલીઆ. W. R.

# શ્રી આનન્દ-સમાધાન સિન્ધુ:

**નોંધ:**—આ કોલમમાં આગમોદ્ધારક પ. પૂ. આચાર્યદેવેશશ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ વ્યાખ્યાનાદિ પ્રસંગમાં ઉઠાવેલી શંકાઓના અગર પૂર્વ પક્ષો કરીને સમાધાન આપેલાં છે તેનો સંચય છે. **સંચય કરનાર પૂ. આચાર્ય શ્રીચન્દ્રસાગરસૂરિજી છે.**

૧. શંકા—સમગ્ર-જૈન સાહિત્યનું રહસ્ય સમજનારે શ્રવણ-વાંચન અભ્યાસાદિક્રમ કેવી રીતે સાચવવો ?

સમાધાન—સમગ્ર જૈન સાહિત્યનું હાર્દ સમજવાના અર્થિ શ્રમણોપાસક-વર્ગે જૈનાગમોનું શ્રવણ કરવાનું અને શ્રમણ વર્ગે તે જૈનાગમોને વાંચવાનું-વિચારવાનું અને અભ્યાસરૂપે સર્વ પ્રસંગોને પચાવવાની જરૂર છે, કારણ કે શ્રમણોપાસક વર્ગને "लद्धट्ठा" પદોથી શાસ્ત્રકારોએ અર્થ ગ્રહણ કરવાના અધિકારી જણાવ્યા છે.

૨. શંકા—દ્વાદશાંગી શા માટે રચવામાં આવી છે ?

સમાધાન—ભવ્ય જીવોના ઉપકાર માટે જૈન શાસનની પ્રવૃત્તિ છે આથી મોક્ષનો માર્ગ દુનિયા સાધી શકે તે માટે દ્વાદશાંગી રચવામાં આવેલી છે.

૩. શંકા—સૂત્ર દષ્ટિએ અને અર્થ દષ્ટિએ આગમોના વિભાગો કેટલા છે ?

સમાધાન—સૂત્ર દષ્ટિએ અને અર્થ દષ્ટિએ આગમોના ત્રણ ત્રણ વિભાગ છે. ૧ આત્માગમ, ૨ અનંતરઆગમ અને ૩ પરંપર આગમ.

૪. શંકા—દરેક આગમમાં સૂત્ર-અર્થ બન્ને પ્રકારની દષ્ટિએ વ્યવસ્થાની સંમતિ કઈ રીતિએ છે ?

સમાધાન—સૂત્ર દષ્ટિએ આત્માગમ શ્રી સુધર્માસ્વામિજીને, અનંતરાગમ શ્રીજંબુસ્વામિજી અને પરંપર આગમ શ્રીપ્રભવસ્વામિ આદિ શિષ્યોને અને અર્થ દષ્ટિએ આત્માગમ પ્રભુ શ્રીમહાવીરને, અનંતરાગમ પંચમગણધર શ્રી સુધર્માસ્વામિજીને અને પરંપર આગમ શ્રી જંબુસ્વામિજી આદિ શિષ્ય પરંપરાને.

૫ શંકા—વર્તમાનમાં સૂત્ર-અર્થ દષ્ટિએ શ્રમણ ભગવંતોને આગમો વર્તે છે તે કયા વિભાગથી ?

સમાધાન—વર્તમાનકાલના સર્વ શ્રમણ ભગવંતોને સૂત્રથી-અર્થથી આગમ પરંપર આગમ વિભાગે પ્રવર્તે છે.

૬. શંકા—વર્ગીકરણની વ્યવસ્થાવાળા ક્યા આગમો છે ?

સમાધાન—ત્રીજું સ્થાનાંગસૂત્ર અને ચોથું સમવાયાંગસૂત્ર એ બન્ને અંગોમાં વર્ગીકરણની વિશિષ્ટતા છે.

૭. શંકા—બૌદ્ધ દર્શનમાં આવી વર્ગીકરણની વ્યવસ્થા છે ?

સમાધાન—બૌદ્ધ દર્શન માન્ય-અંગુત્તર નિકાયમાં વર્ગીકરણની વ્યવસ્થા જોવામાં આવે છે.

૮. શંકા—વર્ગીકરણ એટલે શું ?

સમાધાન—પ્રરૂપેલા પદાર્થો એક સંખ્યા વાચિ, બે-ત્રણ-ચાર વિગેરે સંખ્યાવાચિ કેટલા ? અને કયા કયા છે ? તે જણાવવાની વ્યવસ્થાને વર્ગીકરણ કહેવાય છે.

૯. શંકા—પ્રથમ આચારાંગમાં મુખ્યતા શાની છે ?

સમાધાન—મુખ્યતયા પાંચ આચારાદિની

વ્યવસ્થાનું દિગ્દર્શન કરાવનાર શ્રી આચારાંગ સૂત્ર છે.

૧૦. શંકા—બીજું સૂત્રકૃતાંગ છે તેમાં મુખ્યતા શાની ?

સમાધાન—શાસનમાન્ય વિચારોની વ્યવસ્થા કરનાર મુખ્યતયા આ અંગ છે.

૧૧. શંકા—દ્વાદશાંગીની રચનાનો અને રચ્યા પછી સ્થાપનાના ક્રમમાં ફરક છે કે કેમ ?

સમાધાન—પૂર્વોની રચના પહેલી થાય છે માટે તેને પૂર્વ કહેવાય છે, પણ સ્થાપનાના ક્રમમાં આચારાંગનો નંબર પ્રથમ છે, અને ચૌદ પૂર્વનો નંબર છેલ્લો છે.

૧૨. શંકા—ચૌદ પૂર્વોમાં બધી વાતો આવે છે, તો પછી આચારાંગ-સૂત્રકૃતાંગ આદિ રચવાનું પ્રયોજન શું ?

સમાધાન—બધા શ્રમણ ભગવંતો સરખી બુદ્ધિવાળા હોતા નથી, અને પૂર્વોને ધારણ કરવામાં અતીવ તીક્ષ્ણ બુદ્ધિની જરૂર છે; આથી મંદ-મદંતર બુદ્ધિવાળા માટે આચારાંગાદિની રચનાની જરૂર છે.

૧૩ શંકા—દ્વાદશાંગી પ્રત્યેનું બહુમાન વર્તમાનકાળના ચતુર્વિધ સંઘ માટે છે કે પૂર્વે પણ સંઘમાં બહુમાનની રીતિ તે પ્રમાણે હતી ?

સમાધાન—તીર્થંકર ભગવંતો ગણધર થનારા જીવોને દીક્ષા આપે છે ત્યારે સામાન્યથી વાસક્ષેપ નાંખે છે, પરંતુ દીક્ષિત થનારા ગણધરો દ્વાદશાંગીની રચના કરે છે અને ગણધર પદે પ્રતિષ્ઠિત કરે છે ત્યારે ઈન્દ્રમહારાજ રત્નમય થાળ વાસક્ષેપાદિનો લઈને ઉભા રહે છે તથા ભગવંત ઉભા થઈને ગણધરોના મસ્તકે વાસક્ષેપ નાંખે છે. આથી દ્વાદશાંગીની રચના કરનાર પ્રત્યે પૂજ્ય તીર્થંકરો બહુમાન કરે તો પછી તેને અનુસરનારો ચતુર્વિધ સંઘ ભૂતકાળમાં બહુમાન કરતો હતો તે અને વર્તમાનમાં કરે છે તે સુસંગત છે.

૧૪. શંકા—ઠાણાંગમાં અને સમવાયાંગમાં વ્યવસ્થારૂપ વર્ગીકરણ છે તો તેમાં શું ફરક છે ?

સમાધાન—હા, સ્થાનાંગમાં એકથી દશ સુધીના પદાર્થોની વ્યવસ્થારૂપ વર્ગીકરણ છે અને સમવાયાંગમાં તો અનંત પદાર્થોનું વર્ગીકરણ કરેલું છે.

૧૫. શંકા—આચારાંગાદિ અગીઆરને અંગ કહેવાય છે, અને ઉવવાઇ આદિને ઉપાંગ કહેવાય છે; તો શું કોઇ પુરૂષની કલ્પનાને આશ્રીને આ અંગ-ઉપાંગની વ્યવસ્થા છે ?

સમાધાન—હા, સમય પુરૂષને આશ્રીને આ અંગ-ઉપાંગની કલ્પના શાસ્ત્ર સંગત છે. નંદીસૂત્ર ૪૪ માં શ્રીજિનદાસગણિ મહત્તરવિહિત ચૂર્ણિમાં पाद दुगं जंघो रू० ઇત્યાદિ પાઠ છે. આ પદ્યમાં આચારાંગ-સૂત્રકૃતાંગ એ બે પગ છે, અને સ્થાનાંગ-સમવાયાંગ એ બે જંઘા છે, આ રીતિએ આખા પદ્યને વિચારવાથી સમય=સિદ્ધાંત પુરૂષના આ અંગો છે, અને ઉવવાઈ વિગેરે તે પુરૂષના ઉપાંગો છે.

૧૬. શંકા—સંસારિક દુઃખોથી દુઃખી થયેલાઓને અને મુંઝાયેલાઓને ધર્મની આરાધના યથાર્થ ફળવતી થાય ?

સમાધાન—શાસનમાન્ય ધર્મનું યથાર્થ ફળ લેનારે પ્રથમ શીખવું જોઇએ. યાદ રાખવું જોઇએ કે સાંસારિક દુઃખની અંશે કિંમત જેના હૃદયમાં નથી અને પ્રતિજ્ઞાની પૂર્ણ કિંમત છે તેઓજ ધર્મની યથાર્થ આરાધના કરે છે.

# માનવતાનાં સોપાન!

લેઃ-પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ.

(ગતાંક પૃષ્ઠ ૧૬૨ થી ચાલુ)

શ્રીભરતજી માતાજીને પ્રણામ કરવા જાય છે. પુત્રને આશીર્વાદ આપતાં કૈકયીએ આનન્દથી કહ્યું: "વત્સ! તારી માતા તારા હિતની કેટલી ચિન્તા કરે છે! આજની વાત સાંભળતાં તું હર્ષથી નાચી ઉઠવાનો! આજ મેં મારા વરદાનની માંગણી તારા પિતા પાસે કરી લીધી છે. હવે રાજ્યાભિષેક રામનો નહિ, પણ તારો થવાનો."

શ્રીભરતે કહ્યું: "મા, મા! તું આ શું બોલે છે! ઇક્ષ્વાકુકૂળમાં આ સ્વાર્થાન્ધતા! તને હજુ મારામાં અને શ્રીરામમાં ભેદ લાગે છે? મા, હું માનતો હતો કે તું મારી કલ્યાણકારી માતા છો, પણ આ જ મેં જાણ્યું કે તું માતાના વેષમાં પૂર્વનું વેર લેવા આવેલ કોઇ વેરણ છું! આહ! આ ઉત્તમ કૂળમાં સત્તાની દુર્ગન્ધ! મા, તું તારો ધર્મ ચૂકી! સ્વાર્થમાં અન્ધ બની, તેં મારા જીવનમાં ઝેર રેડવા પ્રયત્ન કર્યો! ધિક્કાર હો આ સ્વાર્થાન્ધતાને!" આટલું કહેતાં કહેતાં તો એ મૂર્છા પામ્યા. દાસદાસીઓ દોડી આવ્યા. ચંદનનું વિલેપન અને ગુલાબજળનું સિંચન એમના પર કરવા લાગ્યા.

આ પ્રસંગ ચાલે છે ત્યારે, આપના હૈયાને પણ તપાસવાની જરૂર છે. આવા સુખદ સમાચાર તમારી માતાએ તમને આપ્યા હોય તો તમે શું કહો? આવી વાત સાંભળીને માતાને ઉપાલંભ દેવાની વાત તો દૂર રહી પણ સાંભળતાં જ નાચવા માંડો "હેં અયોધ્યાનું રાજ્ય મને મળશે?" આમ બોલતાં જ ડગલી ચસકી જાય. રાજ્યાભિષેકની વાત દૂર રહે અને ગાંડાઓના દવાખાના ભેગા કરવાની ધમાલમાં ઉતરવું પડે! કારણ કે આજ સૌને સત્તાની લાલસા જાગી છે! અન્યનું પડાવીને ભોગવવાની લાલસાવાળાને પહેલાં તો મળે નહિ, અને કદાચ મળે તો ટકે નહિ, અને ટકે તો ભોગવી શકે નહિ!

આજ જગતમાં જોશો તો થોડીશી સંપત્તિ માટે સગાભાઇઓ કોર્ટે ચઢે છે, વર્ષો સુધી લડે છે, વકીલો, સોલિસીટરો અને બેરીસ્ટરોનાં ઘર ભરે છે. પોતે ફના થઇ જાય પણ નમતું જરાય ન આપે! આનું કારણ એ જ કે સૌ પોતપોતાનો ધર્મ ભૂલ્યા છે. ધર્મને આચરે તે પંડિત અને ધર્મને ચૂકે તે મૂર્ખ!

શું ભરતને ભાષાનું નાટક ભજવતાં નહોતું આવડતું? એ પ્રજાને એમ ન કહી શકત કે, "પ્રજાજનો! હું શ્રીરામચન્દ્રના વિયોગથી અતિ દુઃખી છું. મારે રાજ્યની કંઇ પડી નથી, પણ શું કરૂં? મારી માતાએ આવી ફરજ પાડી છે, એટલે રાજ્યનો આ કાંટાળો મુગટ મારે અનિચ્છાએ પણ વહન કરવો પડે છે?"

આવી ભાષાની ભવાઈ શું એ ન કરી શકત? અને રાજ્ય ન પચાવી શકત? પણ ભરતજી ધૂર્ત નહોતા. ધૂર્ત હોય તે આવી રમતો રમે! એક કવિએ કહ્યું છેઃ—

मुखं पद्मदलाकारं वाचा चंदनशीतला ।
हृदयं कर्तरीतुल्यं त्रिविधं धूर्तलक्षणम् ॥

દંભીઓ કેવું નાટક ભજવે છે તે આમાં કહ્યું છે. મોં કેવું ઠાવકું રાખે તો કે' સૌમ્ય કમળ જેવું રાખે. અને વાણી તો ચંદનથીય શીતળ, પણ હૃદય? હૃદય તો કે' કાતર જોઈલો કાતર! જ્યાં જાય ત્યાં ધીમે રહીને કાપવાની જ વાત કરે. એકના બે કરે, બેના ચાર કરે અને ચારના

આઠ કરે! ભાગલા સિવાય વાત જ નહિ! છતાં મોંથી તો સંપ અને ઐકયતાની જ વાત કરતા હોય! કોઇ સભામાં તમે ગયા હો તો તમને ખ્યાલ હશે, સભાનો પ્રમુખ કહે છે, 'હું આ ઉચ્ચ સિંહાસન માટે લાયક નથી. પણ તમે મને આ જવાબદારી ભર્યું સ્થાન સોંપ્યું છે તો મિત્રોના આગ્રહને હું કેમ નકારી શકું?' આમ બોલનાર વ્યક્તિને એ સભાનો પ્રમુખ ન બનાવ્યો હોય તો, એ સભાનુ કેવું દુઃખદ પરિણામ આવે એ માટે મારે કહેવાની જરૂરીયાત ખરી? તમે જ કહો. તમે તો આવી ઘણી સભાઓ જોઇ છે. રણસંગ્રામમાં જેમ મ્યાનમાંથી ચમકતી તલવાર નીકળે તેમ એના મુખમાંથી પણ તીખીને તમતમતી ઝેરી વાણી જ નીકળે ને? વાણીની તલવાર એવી વીંઝે કે સભાના કાર્યના ટુકડે ટુકડા થઇ જાય! ઘણીવાર તો આવા દંભીઓ, 'મારામાં કંઇ નથી'-એમ કહી જગતને છેતરે છે! અને આડકતરી રીતે એમ સૂચવે છે કે જે છે તે અમારામાં છે અને અમારામાં જે નથી તે જગતમાં કયાંય નથી! પણ ભરતજી આવા ન હતા. એ તો મહાપુરૂષ હતા.

મૂર્છા ઉતરી એટલે શ્રીભરતે પૂછયું, "શ્રી રામ કયાં છે?' ઉત્તર મળ્યોઃ 'એ તો વનમાં ચાલ્યા જાય છે!' આ શબ્દો સાંભળતા એમનું હૃદય ધ્રૂજી ઉઠયું, અને શ્રી રામને મળવા, એ અયોધ્યાની ઉભી શેરીએ દોડવા લાગ્યા. લોકોની આંસુભીની આંખો, ઉઘાડા પગવાળા અને વિખરાયેલા વાળવાળા ભરતને જોઈ જ રહી. શું એમનો ભાઇ પ્રત્યેનો શુદ્ધ પ્રેમ! શું એમનો ત્યાગ! સૂની શેરીઓમાંથી એક જ અવાજ આવતો હતોઃ આનું નામ ભ્રાતૃભાવ! સગાભાઇ ન હોવા છતાં કેવો અદ્ભૂત પ્રેમ! શ્રીભરત તો શ્રી રામની પાછળ દોડયા જ જતા હતા.

દૂરથી શ્રી ભરતને જોતાં જ શ્રી રામનું હૃદય ભરાઇ આવ્યું. वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि તે આનું નામ. કર્તવ્યને પંથે કઠોર રીતે ચાલનાર કૃતનિશ્ચયવાળા રામનું હૃદય, ભાઇના સ્નેહ આગળ મીણ જેવું બની ગયું. ભરતે પોતાનું માથું જેવું શ્રી રામના ચરણે મૂકયું, તે જ પળે શ્રી રામ ભરતને ઉંચકીને હૈયે હૈયું દબાય એ રીતે ભેટી પડયા. બંને ભાઇઓના આંખમાંથી આંસુનાં ઝરણાં વહેવા લાગ્યાં. બંને દિલોમાં એક બીજા માટે કોઇ અદ્ભૂત લાગણીઓ છલકાતી હતી! આ પવિત્ર ઊર્મિઓના સાગરને ઝીલવા તો સમર્થ કવિનું પાત્ર પણ નાનું પડે! એ મિલનમાં શું ભાવનાના તરંગો ઉછળે! અરસપરસ એમજ થાય કે અમે એક બીજામાં સમાઇ જઇએ. આ પ્રેમભીના દશ્યને જોનાર શ્રીલક્ષ્મણ અને શ્રીસીતાજીની આંખો પણ ધન્ય બની હશે ને? શ્રી લક્ષ્મણજી મનમાં એમ બોલ્યા હશે ને કેઃ—

જાઓ ભૈયા પ્યારે ભૈયા, રહેગા નામ તુમ્હારા,
જબ તક ચમકે ચાંદ સિતારે, ચમકે નામ તુમ્હારા.

કહો, તમેજ કહો, શ્રોતાજનો! આ વિરલ દશ્યને જોતાં માતા ધરતીને કેટલો આનન્દ થયો થયો હશે? આ ઘરડી ધરતી માતાના હૈયામાં પોતાના કુપાત્ર સંતાનોના વેરઝેરના કેટકેટલા દાવાનળો બળતા હશે, એમાં આ વાત્સલ્યભીના દશ્યે જોનારને કેવી અપૂર્વ શાન્તિ આપી હશે? કહો, ધરતી ત્યારે કેવી હરિયાળી ને નવપલ્લવિત બની હશે? ભાઈ ભાઈ વચ્ચેના વાત્સલ્યનો આ આનન્દજામ પીને તો આ વૃદ્ધ ધરતી પણ ત્યારે નવયૌવના બની ગઈ હશે ના? એને પણ એમ થયું હશે કે, ના, ના; મારા પરવસતા બધા સંતાનો કુપાત્ર નથી, આવા સુપાત્ર પણ છે!

આંખનાં આંસુ લૂછીને શ્રી ભરતે કહ્યું: "બન્ધવા! આપ આ શું કરો છો? મને અહિ એકલો મૂકી આપ વનમાં જશો? તમારા વિયોગે હું કઈ રીતે રહી શકું? આપ વનમાં તડકામાં ભમતા હો ત્યારે હું મહેલની શીળી છાયામાં આનન્દ કરું? આપ જંગલમાં સૂકાં ફળફૂલ પર આજીવિકા ચલાવતા હો ત્યારે હું ઉત્તમ રસવાળાં ભોજન કરું? આપ જમીન અને ઘાસ પર આળોટતા હો ત્યારે હું પલંગમાં અને શય્યામાં પોઢું? ભાઇ, ઓ ભાઇ! આવું કદી બન્યું છે? શું તમે મને આટલો હલકો માન્યો? શું તમે મને રાજ્યનો લોભી માન્યો? ભાઈ, તમારા વિના આ અયોધ્યાનું તો શું પણ ત્રણ ભુવનનું રાજ્ય મળે તો પણ હું એને તુચ્છ માનું! મારું મન તો સંયમના રંગે રંગાયું છે, આ રાજ્યના કીચડમાં મને કાં નાખો? માટે કૃપા કરી આપ અયોધ્યામાં પધારો અને મને મારા માર્ગે જવાની અનુજ્ઞા આપો!" એ પછી શ્રીરામે એમને ઘણી રીતે સમજાવ્યા પણ એ ન માન્યા. એ વખતે શ્રીરામના હૈયામાં કર્તવ્ય અને લાગણીઓનું યુદ્ધ જામ્યું હતું. એક બાજુ ભાઇનો નિર્મળ પ્રેમ, માતાની મીઠી મમતા, સ્નેહીઓની લાગણી ભરી હૂંફ-આ સૌ ખેંચી રહ્યાં હતાં. બીજી બાજુ કર્તવ્યનો કઠોર પંથ હતો. પ્રેમ, મમતા અને લાગણીઓ આ સૌને કચડી કર્તવ્યના કઠોર પંથે જવાનું હતું. શ્રીરામ સમજતા હતા કે આજ હું પોતે જ જો કર્તવ્યનો પાઠ નહિ ભણું તો પછી ભવિષ્યમાં કુટુમ્બીઓને કર્તવ્યનો પાઠ કઇ રીતે ભણાવી શકીશ?

મમતાથી આર્દ્ર બનેલા હૈયા પર કુમળી લાગણીઓનાં બાણોની અસર તીવ્ર થાય છે. પણ જેણે કર્તવ્યનું બખ્તર પહેર્યું હોય છે, એ તો આવા આકરા ઘા પણ સમતાથી સહી લે છે, અને કર્તવ્યને પંથે આગળ વધે છે. પણ જે અસમર્થ છે એ તો કુમળી લાગણીઓમાં ખૂંચી જાય છે અને એમાં જ અટવાઇ પડે છે. જે કર્તવ્યને કઠોર બની સ્વીકારે છે તેનો વિકાસ થાય છે અને જે તરંગોમાં તણાય તેનો વિનાશ!

શ્રી રામે કર્તવ્યનો કઠોર પંથ સ્વીકારતાં કહ્યું, 'ભાઇ, ભરત! તારાથી વિખુટા પડતાં મને કેટલું દુઃખ થાય છે, એ હું અત્યારે નહિ વર્ણવું. હું તો તને અત્યારે કઠોર બની આજ્ઞા કરું છું. નાના ભાઇએ મોટા ભાઇની યોગ્ય આજ્ઞા માનવી જોઇએ એ આ રઘુકૂળની મર્યાદા છે. તો હું આજ્ઞા કરૂં છું કે પિતાજીના વચનને અખંડ રાખવા માટે તારે આ માર્ગ સ્વીકાર્યા વિના આરો નથી. હું પાછો ન આવું ત્યાંસુધી, મારી ગેરહાજરીમાં, તારે અયોધ્યાનુ સિંહાસન સાચવવું અને રાજ્યધૂરાને તારે વહન કરવી, એ મારી આજ્ઞા છે." આટલું બોલતા તો શ્રી રામના હૈયાના બંધ તૂટી રહ્યા હતા. એમની આંખના ખૂણાઓમાં બે આંસુ છલકાયાં અને શ્રી ભરતના મસ્તક પર પડયાં. વન ભણી જવા ડગલાં ઉપાડતા શ્રી રામના ચરણોમાં માથું મૂકી શ્રી ભરતે કરુણ સ્વરે કહ્યું, "ભાઇ, પ્યારા ભાઇ! હું રઘુકૂળની મર્યાદા જાણું છું અને **आज्ञा गुरूणामलङ्घनीया** એ નીતિ વચનને પણ જાણું છું. પણ સ્નેહને આધીન બનેલું હૈયું કાબુમાં રહેતું નથી."

માનવીના મનનું માપ આવા પ્રસંગે જ

નીકળે છે. વાતોમાં તો સૌ ભાઈ ભાઈઓના માટે શુભેચ્છાઓ વ્યક્ત કરતા હોય છે, પણ જ્યારે ત્યાગનો આવો કોઈક વિષમ પ્રસંગ આવે છે ત્યારે એના ભ્રાતૃપ્રેમની કસોટી થાય છે. હમણાં અહિ ટીપ કરીએ અને એમાં માત્ર રૂપિયા નોંધાવવાના જ હોય અને ભરવાના ન હોય તો ટીપ કેટલે પહોંચે ? લાખ, ક્રોડ કે અબજ કંઈ માપ રહે ? કારણ કે રૂપિયા લખાવવામાં કોણ કંજુસ બને ? ભરવવા હોય તો ચિંતા. તેમ ભ્રાતૃભાવ, વિશ્વવાત્સલ્ય, નિર્દોષ પ્રેમ વગેરે શબ્દો વાપરવા સહેલા છે, પણ એ જ્યારે કસોટી પર ચઢે છે ત્યારે જ એની કિમ્મત થાય છે. આજે શબ્દો સોંઘા બન્યા છે. કર્તવ્ય મોંઘું બન્યું છે, કર્તવ્યનો દીવડો પ્રગટશે તો જ પ્રકાશ મળશે, કર્તવ્ય વિનાના ભાષણોથી તો છે એના કરતાં અંધારું વધશે એમ આજના યુગના આંદોલનો પરથી લાગે છે !

હૃદયના ઊંડાણમાં કોતરાઈ જાય એવી ગંભીર વાણીથી શ્રીરામે કહ્યું: "ભાઈ ! હું જાણું છું કે પ્રેમ બળવાન છે. પણ એ તું કેમ ભૂલી જાય છે કે પ્રેમ કરતાં પણ કર્તવ્ય મહાન છે ! કર્તવ્યની વેદી પર પ્રેમનું બલિદાન આપવું એમાં જ માનવની મહત્તા છે !

ધર્મ સમરમેં કભી ભૂલકર, ધૈર્ય નહીં ખોના હોગા,
વજ્ર પ્રહાર ભલે શિરપર હો, કિન્તુ નહીં રોના હોગા.

માટે કહું છું કે શોક કર્યા વિના કર્તવ્યના પંથે લાગી જા."

આ વચનો સાંભળતાં શ્રીભરતથી ન રહેવાયું. એમનો આત્મા મમતાથી દ્રવી ગયો. એમણે કહ્યું. "ભાઈ ! આ વાત હું જાણું છું. પણ માનવીનું મન એ નિર્બળતાના પરમાણુઓથી ઘડાયેલું છે. એટલે કો'કવાર એ દ્રવી જાય છે. છતાં હું આપની આજ્ઞા શીરોવંદ્ય ગણું છું. આપ મને આ રાજ્યધૂરા વહન કરવાની આજ્ઞા કરો છો તો હું પણ પ્રતિજ્ઞા કરું છું કે આ અયોધ્યાના મહાન સિંહાસન પર હું નહિ બેસું પણ શ્રીરામની પાદુકાઓ બિરાજશે. રાજ્યાભિષેક ભરતનો નહિ પણ શ્રીરામના ચરણની ચાખડીઓનો થશે. આજથી ભરત એક રાજા તરીકે નહિ, પણ શ્રીરામના ચરણોની પાદુકાઓની આજ્ઞા ઉઠાવનાર સેવક તરીકે રહેશે" એમ કહી શ્રીરામના પગની ચાખડીઓ ખેંચી લીધી. ( અહિ સભામાં તાળીઓનો જોરદાર ગગડાટ થતાં પ્રવચન-કારે કહ્યું ) તમે શાન્ત થાઓ. તાળીઓ ન પાડો. શાન્તિથી સાંભળો. આ તો તમને લાગણીઓનો ઉછાળો આવ્યો છે એટલે તમે તમારો હર્ષ વ્યકત કરો છો. પણ આ પ્રસંગ ઉપર તો તમારે તાળીઓ પાડવા કરતાં, ઊંડો વિચાર કરવાની જરૂર છે. આપણા જીવનમાં આવો ભ્રાતૃભાવ અને સાચો ત્યાગ આવી જાય તો આજ સંસાર જે સળગતો લાગે છે એને બદલે એ સ્વર્ગનું નન્દનવન બની જાય ને ?

કલહના અંગારા ઝરતા આ સંસારમાં પ્રેમનાં આવા સુધાબિન્દુઓ વર્ષવા માંડે તો સંસાર કેવો મધુર અને ભવ્ય લાગે ? પણ વિષય અને સત્તાના કીડાઓએ આ સંસારમાં અર્થને કામના અંગારા ભરીને આ સંસારને દાવાનળ જેવો બનાવી દીધો છે. જીવન દ્રષ્ટાઓ કહે છે કે, તમે આ સંસારમાં નન્દનવન જોવા ઇચ્છતા હો તો આ સંસારને એક મુસાફરખાનું સમજીને જીવો રહો ત્યાંસુધી સૌ સાથે મૈત્રી ભર્યા સમ્બન્ધોથી રહો અને જવાની પળ આવે

તો ગભરાઓ નહિ અને મૃત્યુને પણ કહો કે, "દોસ્ત! કંઈ જ વાંધો નથી. હું તૈયાર જ છું. ચાલો, હવે વિલંબ કરવાની કંઈજ જરૂર નથી." બોલો, મૃત્યુ માટેની આવી તૈયારી છે? નથી. કારણ? કારણ કે માણસ જીવનનો ધર્મ સમજ્યો નથી. ધર્મ સમજ્યો હોય તો એ કહે કે, મરણ એ તો પ્રકૃતિ છે, અને જન્મ એ જ વિકૃતિ છે. જે પ્રકૃતિ છે, સ્વભાવ છે, એથી ગભરાવવું શા માટે? જે અનિવાર્ય છે તેથી ડરે શું વળે? મૃત્યુ ન જોઈતું હોય તો જન્મને અટકાવો. અને જન્મને અટકાવવા માટે જીવનનો ધર્મ સમજો. જે માણસ મનુષ્ય બનવા છતાં પોતાનો ધર્મ સમજતો નથી તે કેવો કહેવાય? સભામાંથી અવાજ આવ્યો: "પશુ જેવો" અરે પશુમાંય ભયંકર સિંહ જેવો જ કહોને. સિંહ સાથે માણસની સરખામણી કરું તો તમે બહાર જઈને મારે માટે શું કહો? કહોને કે "માણસ જેવા માણસને જંગલી સિંહ સાથે સરખાવ્યો." પણ તમે ગમે તે કહો તેનો મને વાંધો નથી. આજ તો હું તમારે જ મોંઢે કબુલ કરાવવાનો છું કે ધર્મને ભૂલે તો માણસ સિંહ જેવો ક્રૂર ખરો કે નહિ! માણસે સિંહને ત્રણ હલકાં વિશેષણો આપ્યાં: જંગલી, હિંસક અને ક્રૂર. અને એના જ પ્રતિસ્પર્દ્ધિ ત્રણ શ્રેષ્ઠ વિશેષણો પોતાની જાત માટે વાપર્યાં: શહેરી, અહિંસક અને સૌમ્ય-પણ આ વિશેષણો કોના માટે કેટલાં સાર્થક છે એનો વિચાર તો કરવો જ રહ્યો ને? સિંહ શિકાર ક્યારે કરે? ભૂખ્યો થાય ત્યારે. ભૂખ ન હોય તો એ કોઈનોય શિકાર ન કરે. એની બાજુમાં થઈને એક નાનું બાળક પસાર થાય તોય એની સામે એ મીટ પણ ન માંડે એમ કહેવાય છે. કારણ કે એનું પેટ ભરેલું છે. પેટ ભરેલું હોય તો વ્યર્થ શિકાર શા માટે કરે? કારણ કે એને સંગ્રહ કરવાની જરૂર નથી. હવે તમે મનુષ્યનો વિચાર કરો. મનુષ્ય શિકાર ક્યારે કરે? ભૂખ્યો હોય તો જ એ શિકાર કરે કે પેટ ભરેલું હોય તોય એ જગતને લૂટયા જ કરે? આજે લોકોને નીચોવનારા, કાળા બજાર કરનારા, વસ્તુઓનો અપરિસિત સંગ્રહ કરનારા, બજારને ઊંચો નીચો કરનારા શું બધા ભૂખ્યા છે? લોકોને ચૂસીને કરોડોના માલિક બન્યા છતાં એમની લૂટ અટકતી નથી. જેમ ધન વધતું જાય તેમ શિકારીવૃત્તિ વિકસતી જાય. આનું કારણ શું? કારણ કે, માણસને પેટ નથી ભરવું પણ મોટા પટારા ભરવા છે. છતાં માણસ શહેરી અને સિંહ જંગલી! સંતોષમાં મગ્ન રહેનારો સિંહ જંગલી ગણાય અને અસંતોષથી જગતને લૂટનાર શહેરી ગણાય.

હવે બીજી વાત પર આવો. સિંહ શિકાર ક્યારે કરે કે ભૂખ લાગી હોય ત્યારે; પણ એ શિકાર કરે કોનો? નાનકડા ઊંદર કે શશલાનો એ શિકાર કરે એમ માનો છો? ના, ના. એ નાના ક્ષુદ્ર પ્રાણીઓનો શિકાર કદી ન કરે. એ પોતાના સમોવડિયા હોય એવા પ્રાણીઓનો જ શિકાર કરે. મદોન્મત્ત હાથી કે એવા મોટા પ્રાણીઓને જ એ પકડે. હવે, મનુષ્ય કોનો શિકાર કરે? શું પોતાના જેવા સમૃદ્ધ માણસને એ છેતરી શકે ખરો? એ તો કોઈ ભોળા, નિર્દોષ અને ઓછું ભણેલાને છેતરવાનો. પોતાથી મોટા માણસનો શિકાર કરવા જાય તો એના દાંત ખાટા થઈ જાય! એવા મોટાના તેજમાં

તો માણસ પતંગિયો થઈને પડતો હોય છે. એમનો શિકાર કરવા જાય તો એ પોતે જ એનો શિકાર થઈ જાય. માણસ તો પોતાથી ઉતરતો હોય, એને શીશામાં ઉતારવાનો અને ભોળાને છેતરી મનમાં મલકાવવાનો, છતાં માણસ અહિંસક અને સિંહ હિંસક. હલકા જંતુ પર ત્રાપ નહિ મારનારો સિંહ ભયંકર ગણાય અને નાના માણસોને જ છેતરવામાં બહાદૂરી માનનારો માણસ દયાળુ ગણાય !

હવે ત્રીજી વાત. સિંહ શિકાર ક્યારે કરે ? એ જાણ્યું. શિકાર કોનો કરે ? એ પણ જાણ્યું. હવે શિકાર કઈ રીતે કરે ? એ વિચારીએ. સિંહ અણધાર્યો કોઈનાય પર ન ત્રાટકે. ત્યારે એ કઈ રીતે ત્રાટકે ? પહેલાં એ ગર્જના કરે, ત્રાડ નાખે, પૂછડું પછાડે, સામાને ચેતવણી આપે, અને સાવધાન કરી એ ત્રાટકે ! ત્યારે માણસ, સામા માણસને છેતરતો હોય છે ત્યારે ચેતવણી આપે છે ખરો ? એ ઘરાકને એમ કહે ખરો કે-"અમારે ત્યાં અસત્ય બોલાય છે, નવો માલ બતાવી જૂનો માલ અપાય છે, કાળા બજાર કરાય છે; અમારે ત્યાં આવનારે સાવધાન થઈને આવવાની જરૂર છે." એમ કહેનારો વેપારી તમને કોઇ મળ્યો ? મને તો હજુ સુધી કોઇ મળ્યો નથી. જો કે નહિ હોય એમ ન કહેવાય, પણ હોય તો એવા કેટલા ? એવો કોઈ આ સભામાં છે ખરો ? નથી ? ત્યારે વેપારી પોતાની દુકાન પર શું રાખે ? પ્રમાણિકતાનાં પાટિયાં, સંત-મહાત્માઓના ફોટા, મહાન નેતાઓની છબીઓ; આ બધું શા માટે ? અહિંસામાં જરાય ન માનતો હોય, અહિંસાના એકેય સિદ્ધાન્તને ન પાળતો હોય છતાં ખાદી પહેરીને ફરતા હોય છે; આ બધું શા માટે ? લોકોના દિલ પર પ્રમાણિકતાની છાપ બેસાડવા માટે ને ? અને પ્રમાણિકતાની છાપ પડયા પછી માણસ, માણસની સાથે વાત કરતો હોય છે ત્યારે મોઢામાંથી સાકર ઝરતી હોય એવું બોલતો હોય છે. માદકતાની એવી ભૂરકી છાંટે કે સામો માણસ એ વાણીના ઘેનમાંથી જાગી જ ન શકે. માણસ પોતાના ઘરાકને સમજાવતાં શું કહે છે ? "અરે, ભાઇ, ! હું તે જુઠ્ઠું બોલું ખરો ? ભાઇ, જુઠ્ઠું બોલીને કેટલા ભવ કાઢવા છે ? આપણે તો સાચું જ બોલીએ, એક જ ભાવ અને હું ખોટું કહે તો હોઉં તો ભાઈના ગળાના હમ !" એમ કહી ઘરાકના ગળે હાથ નાંખે, પણ એને ક્યાં ખબર છે કે ભાઈ મરી જાય તો આ ભાઇને તો નાહવા—નીચોવવાનુંય નથી. એને તો માત્ર સમ જ ખાવા છે ને ? આ રીતે માણસ મનમાં કંઇક ઘાટ ઘડતો હોય, વચનમાં વળી કંઈ જુદું બોલતો હોય અને કાયાથી વળી ત્રીજું જ કરતો હોય; છતાં દંભ કરનાર માણસ સૌમ્ય અને ચેતવણી આપી શિકાર કરનારો સિંહ ક્રૂર !-આ સરખામણી કરીને હું શું કહેવા માગું છું, એ તમારા ધ્યાનમાં આવ્યું જ હશે ? હું આખી માનવ જાતને સિંહ સાથે નથી સરખાવતો; પણ જે ધર્મ ભૂલ્યા છે એવાઓની જ આ વાત છે. જે પોતાના ધર્મને સમજે છે, જેમને પોતાના કર્તવ્યનું ભાન છે, તે તો માનવ કોટિમાં દેવ છે. પણ જે ધર્મને ભૂલે છે, કર્તવ્યને યાદ કરતાં નથી, વિવેકને છોડે છે તે તો આ સિંહ કરતાં

કોઈ રીતે શ્રેષ્ઠ નથી જ. ભલે એ શહેરી, અહિંસક કે સૌમ્ય કહેવાતા હોય, વિશેષણોની મહત્તા નથી પણ વિશેષણોને અનુરૂપ જીવન જીવનારની જ મહત્તા છે.

આમ જુઓ, આ ઘડીયાળ ટકોરા મારીને કહી રહી છે કે–સમય થઈ ગયો છે. એટલે હું આજના પ્રવચનનો ઉપસંહાર કરૂં છું. આજના પ્રવચનમાં આપણે માનવતાનાં ચાર સોપાનમાંથી પ્રથમ બે સોપાનનો વિચાર કરી ગયા પહેલું સોપાન તે ઈન્દ્રિય વિજય ઈન્દ્રિયોને જિતનાર તે શૂર અને જે શૂર બને છે તે બીજા સોપાન પર ચઢી પંડિત વાતોડિયો ન હોય પણ ધર્મનું આચરણ કરનારો હોય હજારો મીઠાઈઓ ગણાવવા કરતાં એક સૂકા રોટલાને પીરસવામાં માનનારો હોય તે પંડિત! પંડિત વાણી વિલાસમાં ન માને પણ આચરણને માને!

બાકીના બે સોપાનનું–વકતા અને દાતાનું વિવેચન જ્ઞાનીઓએ દીઠું હશે તો આવતા રવિવારે આજ સ્થાને કરીશું; ઈન્દ્રિયોપર કાબૂ મેળવો, મનોમલને દૂર કરો ધર્મનું આચરણ કરો અને આ સંસારમાં માનવતાની સૌરભ મેહકાવો એજ એક શુભેચ્છા.

---

## સકળ સંઘને નિવેદન.

ભરૂચ–વેજલપુરની ધર્મશાળાના ઉપાશ્રયમાં પૂજ્યપાદ આચાર્યદેવશ્રી ચન્દ્રસાગરની નિશ્રામાં સકળ સંઘ દ્વિ. વૈ. વ. ૪ ની રાત્રિએ ભેગો થયો. નૂતન જીનમંદિરમાં જેઠ સુદ ૬ ના રોજ પ્રભુ પ્રવેશ, જેઠ સુ. ૯ (બીજી) ને રવીવારે રથયાત્રાનો વરઘોડો, અને જેઠ સુ. ૧૦ ની પ્રતિષ્ઠા કરવાનું શ્રી સંઘે નક્કી કર્યું છે. આ મહોત્સવ અંગેની પૂજાઓ–નવકારશીઓ નોંધાઈ ગઇ છે, કંકોત્રીઓ રવાના થઇ ચુકી છે. પ્રભુ પ્રવેશ–પ્રતિષ્ઠા વિગેરેની ઉછામણીનું ઘી બોલવાની શરૂઆત જેઠ સુદ ૫ થી શરૂ થશે. લિ૦ **સંઘ સેવક.**

# શ્રી સંઘ—સમાચાર.

## ભરૂચમાં વેજલપુરમાં થયેલ મંગલ પ્રવેશ–

**પ. પૂ. આચાર્યદેવ શ્રીમચ્ચન્દ્રસાગરસૂરિજી** મહારાજશ્રીના પવિત્ર આશીર્વાદ પામી ભરૂચ બંદરમાં શ્રી વેજલપુર જૈન સંઘે શ્રી આદિજીનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે, તે નૂતન મંદિરમાં પ્રભુ પ્રવેશનું મુહૂર્ત જેઠ સુદ ૧૦ નું આવતાં અત્ર ગામ વેજલપુર શ્રી સંઘના આગેવાનો સૌરાષ્ટ્રદેશ વિષે સુરેન્દ્રનગરમાં બીરાજમાન પૂજ્ય આચાર્યદેવશ્રીને પ્રતિષ્ઠા ઉપર પધારવાની વિનંતિ કરવા માટે ગયા હતા, તેઓશ્રીએ પણ શ્રીસંઘની વિનંતિનો સ્વીકાર કરીને પ્રતિષ્ઠાદિ માટે ઉગ્ર વિહાર કર્યો. સુરેન્દ્રનગરથી અમદાવાદ શહેરમાં પધારતાં અમદાવાદના શહેરી આગેવાનોએ તેઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું. અમદાવાદથી બારેજા ખેડા થઇ માતર તીર્થની યાત્રા કરી પૂ. આચાર્યશ્રી આદિ ઠાણા નડીઆદ પધાર્યા. નડીઆદના શ્રી સંઘના આગ્રહથી બે દિવસનું રોકાણ કરી આનંદ પધારતાં આનંદ ગામના શ્રી સંઘે સ્વાગત કરેલું તેમ પૂ. આચાર્યશ્રીના વ્યાખ્યાન પ્રસંગે સારી સંખ્યામાં ભાઈ બ્હેનોએ લાભ લીધો હતો, ત્યાંથી મોગર, વાસદ થઇ **પ. પૂ. ગચ્છનાયક આચાર્યદેવેશ શ્રીમાન્ માણેકયસાગરસૂરીશ્વરજી** મહારાજશ્રીને છાણીમાં વંદના સુખશાતા પુછવા અર્થે પધારતાં છાણીના ચતુર્વિધ સંઘે શાસનપ્રભાવના વધે તે રીતે અને વડોદરા જાની શેરીના શ્રી સંઘના આગ્રહથી ભવ્ય સ્વાગત સહ ત્યાં પધારવાનું થયું. ત્યાં તેઓના આગ્રહથી ત્રણ દિવસનું રોકાણ કરી પોર, કરજણ, પાલેજ, સમની થઇ ડેરોલ મુકામે પધારતાં વેજલપોરના શ્રી સંઘના ઘણા ભાઇ બ્હેનો ત્યાં દર્શનાર્થે પધાર્યા હતા. દ્વી. વૈ. વ. ૩ ના મહમદપુરાના રસ્તે થઇ પધારતાં અત્રેના શ્રી સંઘે શાસનપ્રભાવના વધે તે રીતિએ પૂજ્ય આચાર્યદેવશ્રીનું વાગતે ગાજતે સ્વાગત કર્યું હતું. જેઠ સુદિ ૧૦ ની પ્રતિષ્ઠા હોવાથી ત્યાં સુધીનું અત્ર રોકાણ થશે. દ્વી. વૈ. વદી ૬ ના દિને **પૂ. પંન્યાસ પ્રવર હીરસાગરજી ગણીવર** આદિ ઠાણાં ૩) પણ સુખશાતા પૂર્વક અત્ર પધારી

ગયાં છે. શ્રી સંઘનો ઉત્સાહ ઘણો સરસ છે, વિહાર દરમ્યાન દરેક સ્થાને વ્યાખ્યાન વાણીનો લાભ આપ્યો હતો, વ્યાખ્યાન દરરોજ ચાલુ છે. **પત્રવ્યવહાર-પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી ઠે. વેજલપુર જૈન** ઉપાશ્રય **મુ. ભરૂચ** W. R. કરવો.

**સુરેન્દ્રનગર**—અત્ર કેટલીક બ્હેનોને વર્ષી તપ હોવાથી **પૂ. મુનિશ્રી દર્શનસાગરજી ગણિ** આદિને શ્રી સંઘે સ્થિરતા કરવા વિનંતિ કરીને સ્થિરતા કરાવી હતી. આ દરમ્યાન શારીરિક સંજોગોને લઇ **પૂ. મુનિ શ્રી ચંદ્રકાંતસાગરજી મ. તથા વ્યા. વા. પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ** આદિ ઠાણાં પધારતાં શ્રી સંઘે તેઓશ્રીની વ્યાખ્યાન વાણીનો લાભ દેશ પરદેશથી આ નિમિત્તે આવનાર ભાવિકો લઇ શકે તે માટે આગ્રહ પૂર્વક રોકાવા વિનંતિ કરી હતી. પરંતુ આ અગાઉ મૂળી સંઘની વિનંતિ સ્વીકારેલી હોવાથી મૂળીના શ્રી સંઘનું મન મનાવી લઇને મૂળીમાં **પૂ. મુનિ શ્રી શાંતિસાગરજી મ. તથા પૂ. મુનિ શ્રી વિદ્યાનંદસાગરજી મહારાજને** મૂળી મોકલાવી આપવામાં આવ્યા હતા. પારણા પ્રસંગને પામી અષ્ટાહ્નિકા મહોત્સવ શાંતિસ્નાત્રનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મેરૂશિખર હસ્તિનાપુરની ભવ્ય રચનાઓ રચવામાં આવી હતી. પારણાઓ નિમિત્તે જુદા જુદા ભાવિકો તરફથી આમંત્રણ પાત્રકાઓ કાઢવામાં આવી હતી. જીવ દયાની ટીપ થયા બાદ સાધર્મિક સહાયક ખાતે લગભગ એક હજારની ટીપ થઇ હતી. મહોત્સવની સમાપ્તિ બાદ શ્રી દર્શનસાગરજી આદિ ઠાણાં શ્રી સંખેશ્વરજી તીર્થયાત્રા માટે અને શ્રી ચન્દ્રકાંતસાગરજી, શ્રી ચન્દ્રપ્રભસાગરજી, તથા શ્રી વિદ્યાનંદસાગરજી ત્રણ ઠાણાએ ગીરનાર તીર્થની યાત્રા માટે વિહાર કર્યો છે.

**મૂળી**—કેટલાક ભાવિકોને વર્ષીતપનું પારણુ હોવાથી **પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રપ્રભસાગરજી મ.** શ્રીનું સુરેન્દ્રનગરમાં રોકાણું હોવાથી **પૂ. મુનિ શ્રી શાન્તિસાગરજી મ. તથા પૂ. મુનિ શ્રી વિદ્યાનંદસાગરજી મ.** શ્રી સંઘની વિનંતિથી સુરેન્દ્રનગરથી પધાર્યા હતા. પારણાઓ નિમિત્તે-તપસ્વીઓનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. આઠે દિવસનો પૂજા-સ્નાત્ર મહોચ્છવ રાખવામાં આવ્યો હતો, તેમ છ નવકારશીઓ રાખવામાં આવી હતી; વ્યાખ્યાનનો લાભ જૈન જૈનેતર ભાઇઓએ લીધો હતો. વર્ષગાંઠ નિમિત્તે શ્રીસંઘને જમણ આપવામાં આવ્યું હતું દ્વી. વૈ. સુ. ૨ ના દીને શા. શીવલાલ સુંદરજીને સજોડે ચતુર્થ વ્રત ઉચ્ચરાવવામાં આવ્યું હતું, તેમના તરફથી પ્રભાવના આદિ થયાં હતાં.

**પાનસર**—પ. પૂ. ઉ. **શ્રી દેવેન્દ્રસાગર ગણીવરના** શિષ્યરત્નો **પૂ. તપસ્વી મુનિશ્રી નરેશસાગરજી મ૦** તથા **પૂ. તપસ્વી મુનિશ્રી નંદનસાગરજી મ૦**ને વર્ષીતપનું પારણું સુખરૂપે થયું છે, તપસ્યા નિમિત્તે સુરતથી તેઓશ્રીના સંબંધિઓ આવેલ હતા. અને વર્ષીતપના પારણા નિમિત્તે પાંચ દિનનો મહોત્સવ થયેલ છે. **પૂ. મુનિશ્રી નંદવર્ધનસાગરજી મ૦** શ્રીને ઓળીનું પારણું સુખરૂપે થયું છે.

**બોટાદ**—મંજુલાબેનના વર્ષીતપના પારણા નિમિત્તે બીજને દિવસે વાજતેગાજતે રથયાત્રાનો વરઘોડો કાઢવામાં આવેલ, ત્રીજને દિવસે પારણા માટે વરઘોડો નિકળતાં હજારો માણસોની મેદની ભેગી થઈ હતી. વર્ષીદાન દેવામાં આવતું હતું આ દ્રશ્ય જનતાને વધુ અનુમોદનીય થયેલું નવકારશીનું જમણ આ નિમિત્તે શેઠશ્રી નરોતમભાઇ તરફથી રાખવામાં આવ્યું હતું.

**ભરૂચ**—પ. પૂ. સ્વર્ગસ્થ **આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજની** સ્વર્ગવાસ તીથી અંગે **પ. પૂ. આ. ચન્દ્રસાગરસૂરિજી** અને અન્ય મુનિવરોએ તપસ્યા કરી હતી, તેમ વેજલપુર-દેરાસર વિષે અંતરાયકર્મની પૂજા ભણાવવામાં આવી હતી; તેમ આંગીભાવનાનો ક્રમ રાખવામાં આવેલો હતો.

### પ. પૂ. આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગત શ્રીઆચાર્યદેવેશ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની—

# ત્રીજી સંવત્સરી અંગે-

### શ્રી મુંબઈના જૈન સંઘે કરેલ ભવ્ય ઉજવણી.

પૂ. આગમોદ્ધારક, બહુશ્રુત, પરમગીતાર્થ આગમ-વાચનાદાતા, દેવસુરતપાગચ્છ સંરક્ષક, તપાગચ્છાધિરાજ સુરત મુકામે સં. ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ શનીવારે ધ્યાનસ્થપણે કાળધર્મ પામેલા તેનું આ ત્રીજું વર્ષ છે.

પૂજ્યપાદ સ્વ. આચાયદેવેશના પટ્ટપ્રભાવિક શ્રી સિદ્ધચક્ર નવપદ આરાધક સમાજ આદિ અનેક સંસ્થા સંસ્થાપક, શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક **આચાર્ય શ્રીચન્દ્રસાગરસૂરિજીના શિષ્યરત્ન તપસ્વી મુનિ શ્રીધર્મસાગરજી ગણિવર** આદિ ઠા. ૯ મુંબઈ શ્રી આદીશ્વરજી જૈન ધર્મશાળામાં બીરાજમાન હોઈ દરરોજ વ્યાખ્યાન, પ્રતિક્રમણ, પૌષધ આદિ ધર્મક્રિયાનો લાભ મુંબઈની જનતા સારી રીતે લઈ રહેલ છે. તેમ તેઓશ્રીના હસ્તે મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અંગેની કાર્યવાહી દિલ્હી સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલ છે, દ્વિ. વૈશાખ સુદી ૧૪ ના દિવસે વ્યાખ્યાનમાં પૂ. આચાર્યદેવેશશ્રીની ત્રીજી પુણ્યતિથિ તા. ૨-૬-૫૩ વૈશાખ વદ ૫ મંગળવારે છે, એ વાત નીકળતાં તૂરતજ પાંચ દિવસનો પૂજા મહોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું અને તે નિમિત્તે શ્રીગોડીજી મહારાજના દેરાસરના ટ્રસ્ટીઓ તરફથી આમન્ત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી હતી. શેઠ કલ્યાણજી વીરપાળ મહેતા, શેઠ કાલીદાસ કપાસી તથા શેઠ રૂગનાથજી જીવણભાઈ મહેતાની પ્રેરણાથી—પાંચ દિવસની પૂજાઓ તથા શ્રી સંઘમાં ટીપ થઇ હતી, પ્રથમ દિવસે શેઠ મૂળચંદ બુલાખીદાસ તરફથી, શ્રી પાંચ જ્ઞાનની પૂજા. બીજે દિવસે શેઠ કલ્યાણજી વીરપાલ મહેતા તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા. રવિવારે શેઠ મનુભાઇ મૂળચંદવાળા ચીમનલાલ શેઠ તરફથી નવાણું પ્રકારી પૂજા, સોમવારે શ્રી વેદનીયકર્મની પૂજા શ્રી સંઘ તરફથી અને મંગળ-વારે શેઠ મૂળચંદ વાડીલાલ દોલતરામ તરફથી પીસ્તાલીસ આગમની પૂજા ભારે ઠાઠ પૂર્વક ભવ્ય અંગ રચના સાથે ભણાવવામાં આવી હતી, દરરોજ પ્રભાવના અને ભાવના ભક્તિ સારા પ્રમાણમાં કરવામાં આવેલ હતી. પૂજામાં બધા સમુદાયના સાધુ-સાધ્વીજીઓએ દર્શન આદિનો લાભ લીધો હતો.

### પૂ. સમર્થ આગમ જ્યોતિર્ધર સ્વ. આગમોદ્ધારક આચાર્ય શ્રીસાગરાનંદસૂરીશ્વરજી.

## આજે તેમના સ્વર્ગવાસની ત્રીજી સંવત્સરી.

પૂજ્ય-સમર્થ આગમ જ્યોતિર્ધર ધ્યાનસ્થ સ્વ૦ **આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીની** આજે વૈશાખ વદ ૫ ને દિવસે ત્રીજી સ્વર્ગવાસ સંવત્સરી છે, તો તે પ્રસંગે આ મહાન્ તપસ્વીની જીવન ઝરમર અત્રે રજુ કરવી અસ્થાને લેખાશે નહિ.

આ જગતમાં મહાપુરૂષો આયુષ્ય પૂર્ણ થયે દેહથી અલગ પડી જગતનો અસ્થાયી સંબંધ છોડી દે છે. પણ તેમનો આત્મા જગતના કલ્યાણ માટે એવું અપૂર્વ કાર્ય કરતો જાય છે કે જેની સુવાસ-સ્મૃતિ અને અમુલ્ય લાભનો વારસો ભવિષ્યની પ્રજામાં પણ અપૂર્વ ભક્તિભાવ ઉત્પન્ન કરે છે. જે વખતે ત્યાગી જૈન સાધુઓની સંખ્યા તદ્દન અલ્પ હતી, અને તેમાં પણ હસ્તલિખિત પ્રાચીન આગમાદિશાસ્ત્રસંગ્રહના જ્ઞાતા તરીકે ખાસ કોઇ મહાપુરૂષ નહીં તેવા સમયે લગભગ અઢીસો વર્ષના કાળ પછી એટલે પૂજ્ય ન્યાયાચાર્ય ઉ. શ્રી યશોવિજયજી મહારાજ પછી પૂજ્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ જૈન આગમોના સંપૂર્ણ જ્ઞાન અને છએ દર્શનના વેત્તા બની પરમગીતાર્થ સાર્વભૌમ તરીકે અને અપૂર્વ જ્ઞાનના ક્ષયોપશમના સ્વામી તરીકે સ્થાન પ્રાપ્ત કરે છે.

પૂજ્યશ્રીનો જન્મ વિ. સં. ૧૯૩૧ ના અસાડ વદી ૦)) કપડવંજમાં થયેલ તેમના પિતાનુ નામ મગનભાઈ અને માતાનું નામ યમુનાબાઇ હતું, બાલ્યાવસ્થાથી

ધાર્મિક સંસ્કારોમાં ઉછરેલ હોઇ લગ્ન કરેલ છતાં ભર યુવાનીમાં ચઢતી વયે પોતાના મોટાભાઇની દીક્ષા થઈ હતી. અને પિતાશ્રીની શુભ પ્રેરણાથી વિ. સં. ૧૯૪૭ના મહા સુદ પાંચમે લીંબડી (સૌરાષ્ટ્રમાં) પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી દીક્ષા બાદ નવ મહિનાના ટુંકા ગાળામાં પોતાના પૂ. ગુરૂદેવશ્રીનો સ્વર્ગવાસ થવા છતાં આપબળે વિશિષ્ટ શ્રુતજ્ઞાનના ક્ષયોપશમને મેળવી અને શાસ્ત્રોના પારંગત બન્યા, અને અનુક્રમે વિ. સં. ૧૯૬૦ ના જેઠ સુદ દશમે અમદાવાદમાં પંન્યાસપદથી અલંકૃત બન્યા. ધીમે ધીમે શાસ્ત્રોના અજોડ પારંગત અભ્યાસી અને તત્ત્વોની અદ્દભૂત વ્યાખ્યા કરનારા બની વિ. સં. ૧૯૭૪ માં વૈશાખ સુદી ૧૦ ને દિને આચાર્યપદ મહોત્સવ પૂર્વકનું કાર્ય પ્રાપ્ત સુરત બંદરે સુરતાદિ શહેરના સંઘોએ પણ કર્યું.

પૂજ્ય આચાર્યશ્રીએ પોતાના ઓગણ સાઠ વર્ષના લાંબા દીક્ષા કાલ દરમ્યાન સેંકડો દીક્ષાઓ, નાના મોટા અનેક તીર્થયાત્રાના સંઘો, પોણાબસો આગમિક, ઔપદેશિક, કાર્મ ગ્રન્થિક, અને સાહિત્ય ગ્રંથોનું સંપાદન અને સવા બસો લગભગ નવા ગ્રંથોની રચના અને આરસપાષણ અને તામ્રપત્ર ઉપર ચિરસ્થાયી આગમો વિગેરે શાસન પ્રભાવનાના ધાર્મિક કાર્યોદ્વારા અમૂલ્ય સાધુ જીવનનો વારસો આપ્યો છે.

સ્વ. પૂજ્યશ્રી શાસન ઉપર આવી પડનારા દરેક આક્રમણોમાં સામી છાતીએ અડગપણે ઉભા રહેનારા હતા.

સ્વ. પૂજ્યશ્રી પોતાના ગુરૂના એકલવાયા શિષ્ય છતાં વડના નાના બીજમાંથી મોટું ઝાડ ફેલાય તેમ આજે પૂ. શ્રીનો શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર ૧૨૫ ની સંખ્યામાં છે. આખાયે શાસનમાં સાગરજીના મધુરા ટુંકા નામથી વિખ્યાત હતા, તેઓશ્રીના વચનની શાસ્ત્રીય ગુંચના પ્રસંગે અપૂર્વ કિંમત અંકાતી હતી.

(તા. ૨-૬-૫૩ ના મું. સમાંથી સાભાર ઉદ્ધૃત)

## શ્રી ભરૂચ-વેજલપુરના નૂતન જિન મંદિરમાં પ્રભુ પ્રવેશ-પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમો—

જેઠ સુદિ ૬ બુધવાર, તા. ૧૭-૬-૫૩-સવારે ૯-૨૯ મિનિટે ઉપાશ્રયમાંથી મૂળનાયકશ્રી આદીશ્વર પ્રભુ તથા અન્ય જિન બિંબોનું ઉત્થાપન કરીને સ્ટા. ક. ૧૧-૨૯ મિનિટે શ્રી સંઘ તરફથી નૂતન જિન મંદિરમાં મંગલ પ્રવેશ અને પોંખણાં અને કુંભ સ્થાપન થશે. અને શા. છગનલાલ વીરચંદ કાપડીઆ તરફથી આંગી, પૂજા, ભાવના પ્રભાવના તથા શા. પુનમચંદ વીરચંદ કાપડીઆ, તથા શા. દાનમલ ભાઈચંદ કાપડીઆની ધણીઆણી હંજાબ્હેન તથા શા. સુરચંદ ધનજીભાઇ માલણવાળા તથા શા. લલ્લુભાઇ ખીમચંદ તમાકુવાળા તરફથી નવકારશીનું જમણ.

જેઠ સુદિ ૭ ગુરૂવાર, તા. ૧૮-૬-૫૩-શ્રી સંઘ તરફથી નવગ્રહ પૂજન, દશદિગ્પાલ પૂજન, અષ્ટમંગલ પૂજન તથા નંદવ્રત પૂજન થશે, અને શા. મુલચંદ દલિચંદ કાપડીઆ તથા શા. ગોવનજી દલીચંદજી કાપડીઆ તથા શા. ચુનીલાલ દલીચંદ કાપડીઆ તથા શા. ભાઇચંદ નાથાભાઈ કાપડીઆ તરફથી આંગી પૂજા ભાવના પ્રભાવના તથા નવકારશીનું જમણ.

જેઠ સુદિ ૮ શુક્રવાર, તા. ૧૯-૬-૫૩ શ્રી સંઘ તરફથી યક્ષયક્ષિણી પૂજન થશે અને શા નાથાલાલ લલ્લુભાઈ કાપડીયા તથા શા. પોપટલાલ લલ્લુભાઈ કાપડીયા તથા શા. લલ્લુભાઇ નેમચંદ કાપડીયા તથા શા માણેકચંદ કપુરચંદ કાપડીયા તરફથી આંગી પૂજા, ભાવના, પ્રભાવના અને નવકારશીનું જમણ.

જેઠ સુદિ પ્ર. ૯ શનીવાર, તા. ૨૦-૬-૫૩ શ્રી સંઘ તરફથી મૂળનાયકશ્રી આદીશ્વર પ્રભુ તથા અન્ય જિન બિંબોને અઢાર અભિષેક, તેમ ધ્વજાદંડો, કલશો વિગેરેનું પૂજન થશે અને શા મણીલાલ વીરચંદ કાપડીઆ તરફથી આંગી પૂજા, ભાવના પ્રભાવના તથા શ્રી વેજલપુર (ભરૂચ) લાટ શ્રીમાલી ગાંધી ફંડના

[ વધુ માટે જુવો ટાઇટલ પેજ ૩ જું. ]

# સમાલોચના.

શાધનપુરી સમાજનું સ્નેહ સંમેલન મુલુંડ મુકામે તા. ૩-૫-૫૩ના રોજ મળ્યું હતું. તે અવસરે આ. વિજયલાવણ્યસૂરિજીએ જણાવેલું કે—"આજના જમાનામાં સંપથી રહેવાવાળાઓની જીત થાય છે.....શાસ્ત્રો ફરમાવે છે કે સંપથી રહે છે ત્યાં સર્વ માંગલ્યમય પ્રવર્તે છે." અને આ પ્રસંગે શ્રેષ્ઠિ કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી. એ જણાવેલું કે—"આપણે સહુ એક કુટુંબના છીએ એ ભાવના ખીલવવી જોઇએ."

તેવી રીતે શ્રેઠિ જીવનલાલ પ્રતાપશીએ જણાવેલું કે—"ખાલી વાતો કરીને વિખરાઇ જઇશું તો આપણી ઉન્નતિ અને ઉત્કર્ષ નહિં સધાય. આજનો જમાનો કાર્ય કરવાનો, ઉન્નતિ અને ઉત્કર્ષ માટે જહેમત ઉઠાવવાનો છે."

---

ઉપરના શબ્દો ઉચ્ચારનારાઓ એ જવાબદાર-જોખમદાર વ્યક્તિઓ છે. હાર્દિક શ્રદ્ધાને જોરે જો બોલાયું હોય તો પોતાની જોખમદારીને અને જવાબદારીને સમજીને પોતાના સ્થાનમાં મંડળ-સમાજ-શાસનમાં બોલેલ શબ્દોને મૂર્તિમન્ત કાર્ય રૂપે કરી દેખાડવાની જરૂર છે.

( મુંબઇ સમાચાર તા. ૫-૫-૫૩ )

---

[૧૯૮ પેજથી ચાલુ]

વહીવટદારો શા. છોટાલાલ ચુનીલાલ ગાંધી, શા. ચંદુલાલ નાથાલાલ ગાંધિ, શા. કનૈયાલાલ નાથાલાલ ગાંધી તથા શા. હીરાચંદ નેમચંદ ગાંધી તરફથી નવકારશીનું જમણ.

જેઠ સુદિ દી ૯ રવીવાર તા. ૨૧-૬-૫૩ શ્રી સંઘ તરફથી પીઠિકા પૂજન, ચૈત્યપ્રતિષ્ઠા થશે અને શા. છોટાલાલ લક્ષ્મીચંદ તરફથી આંગી પૂજા પ્રભાવના ભાવના, તથા શ્રીસંઘ તરફથી રથયાત્રાનો વરઘોડો.

જેઠ સુદિ ૧૦ સોમવાર તા. ૨૨-૬૫૩—સવારે ૧૧-૩૧ મિનિટે શુભ મુહૂર્તે શ્રી સંઘ તરફથી મૂળનાયક શ્રી આદીશ્વર પ્રભુ તથા અન્ય જિનબિંબોને પૂજ્ય-આચાર્યદેવશ્રી આદિ સાધુ ભગવન્તોના વાસનિક્ષેપ પૂર્વક ગાદીનશીન કરવામાં આવશે તેમ ધ્વજા દંડો ચઢાવવામાં આવશે. અને બપોરે વિજય મુહૂર્તે ગાંધી ચંદુલાલ નાથાભાઇ ખુબચંદ તરફથી અષ્ટોત્તરીસ્નાત્ર ભણાવવામાં આવશે; તથા શા. ચુનીલાલ વીરચંદ કાપડીઆ, શા. કેશવલાલ વીરચંદ કાપડીઆ, શા. મણીલાલ વીરચંદ કાપડીઆ તથા શા. છગનલાલ વીરચંદ કાપડીઆ તરફથી નવકારશીનું જમણ રાત્રે શ્રી સંગ તરફથી વિસર્જન ક્રિયા અને વૃષ્ટિ કરાવવામાં આવશે.

જેઠ સુદી ૧૧ મંગળવાર તા. ૨૩-૬-૫૩ શ્રીસંઘ તરફથી નૂતન જિન મંદિરની ઉદ્દ્ઘાટન ક્રિયા થશે, અને શા. ચુનીલાલ વીરચંદ કાપડીઆ તરફથી આંગી પૂજા-ભાવના પ્રભાવના. જેઠ સુ. ૧૨ બુધ આંગી-પૂજા-ભાવના શા. કેશવલાલ વીરચંદ તરફથી જેઠ સુદિ ૧૩ ગુરુવાર તા. ૨૫-૬-૫૩ શ્રીસંઘ તરફથી આંગીપૂજા, ભાવના પ્રભાવના.

તા. કઃ—આ મહોત્સવના પ્રસંગે બહારગામથી પધારનાર સાધર્મિક ભાઇ બ્હેનોની ઉચીત ભક્તિ કરવાનું શ્રી સંઘે નિર્ધાર્યું છે.

લી૦ ભરૂચ-વેજલપુર જૈન સંઘ
સમસ્તના બહુમાન પૂર્વક પ્રણામ.

# સુધા-વર્ષા.

આલેખનકારઃ—પૂ. આચાર્યદેવશ્રી ચન્દ્રસાગરસૂરિ.

૯૫૫. શ્રીપાલનું ચરિત્ર એ ચતુર્થ ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકની સીડી ચઢવામાં પરમ આલંબન રૂપ છે.

૯૫૬. શ્રીપાલની કથા એ સંવેગ રૂપ સુધાની સરિતા છે.

૯૫૭. શ્રીપાલરાજાના પ્રસંગોનું પરિશીલન કરનારાઓ શાસનમાન્ય-પિયૂષનું આસ્વાદન લેઈ શકે છે.

૯૫૮. પ્રાકૃત-સંસ્કૃત-ગુર્જર ભાષામાં શ્રીપાલના પ્રસંગોને મનન કરનારાઓ અનેક ભવ-દુઃખના કરૂણ કોયડાઓને ઉકેળી શકે છે.

૯૫૯. ધર્મકથા-મંદિરપર-સુવર્ણ કલશ ચઢાવનારી આ શ્રીપાલની કથા છે.

૯૬૦. શ્રીપાલના જીવન સાથે મયણાનો પ્રસંગ, ધવલનો, પ્રજાપાલનો પ્રસંગ, અને અજીત-સેનનો પ્રસંગ; આ બધા પ્રસંગોનું રહસ્ય વિચારનારને વિવેકપૂર્વક બોધપાઠ શીખવે છે.

૯૬૧. જેણે કોઈનું બુરૂં કર્યું નથી, ભુંડું ઇચ્છયું નથી એવા અજાતશત્રુ શ્રીપાલને દરિયામાં પડવાની આફત અને જીવલેણ તહોમતના તીવ્ર પ્રસંગમાં ફસાઇ જવાની બન્ને આફત કોણે ઉભી કરી ?, આ ધવલાદિ પ્રસંગો અનેક ભવની પરંપરાને અને સાથેના કર્મ-સંબંધને તપાસવાનું શાસનમાન્ય શીક્ષણ શીખવે છે.

૯૬૨. વૈર-વિરોધ, ક્રોધ-અણગમો, સ્વાર્થ-લાલચ, લોભ-મોહ પર વિજય મેળવનારને મૈત્ર્યાદિ ભાવોથી ભાવિત થઇને ઉપશમ-સંવેગનો આશ્રય લેવો એજ રાજમાર્ગ છે, આ પ્રસંગનું શિક્ષણ શ્રીપાલનું ચરિત્ર આપે છે.

૯૬૩. શઠની સાથે શઠતા અને સેતાનની સાથે સેતાનીયતા કેળવવી એ સ્વ-પરહિત વાળાને ભયંકર છે, આ સિદ્ધાંતને પચાવનાર શ્રીપાલ, ધવલ સાથે સજ્જનતા બતાવે છે.

૯૬૪. આગની પ્રચંડ જવાળાઓ ભભુકતી હોય તો પાણીની ડોલો ઢોળીએ છીએ, અને ટાઢથી ધ્રુજી ઉઠેલાને અગ્નિ પાસે બેસાડીએ છીએ અગર ગરમ વસ્ત્રો ઓઢાડીએ છીએ; પણ અગ્નિની સામે અગ્નિ કે ટાઢના વિસમમાં ભીનાં વસ્ત્રોનો ઉપયોગ કરતા નથી. આથીજ ક્રોધ-વૈર-વિરોધ-ઇર્ષ્યાને સમાવવા ક્ષમા-મૈત્રી-સહકાર-મૈત્રી-પ્રમોદ આદિ લાભદાયક છે, એ શ્રીપાલ પોતાના જીવન પ્રસંગોથી શિખામણ આપે છે.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું)

મુદ્રકઃ—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઇ.

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

# શ્રીસિદ્ધચક્ર.

વર્ષ-૧૯-અંક-૧૦ મો. તન્ત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી. અષાઢ-માસ

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने।

सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० श्रो० मह्हम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

## સત્સમાગમની કિંમત.

આલેખનકારઃ--૫૦ પૂ૦ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિવર્ય.

કષાયો પર કાબુ મેળવીને ક્રોધના કોડો પ્રસંગોમાંથી=આવેશના અસંખ્ય પ્રયોગોમાંથી ક્ષમા અને કરૂણાની કોમલ લહરીઓ કેવી રીતે ઉત્પન્ન કરવી ?, માન-અપમાનની આશ્ચર્યચકિત વિકટ આંધીમાંથી નિર્મલ નમ્રતાની નદીઓ કેવી રીતે વહેતી મુકવી ?, માયા વક્રતાના વિષમ વાતાવરણમાંથી જીવને બચાવીને સરળતાના સુધામય-દ્રહો કેવી રીતે સંસ્થાપન કરવા ?; અને લોભ-લાલચના લખલૂટ પ્રસંગોમાંથી જીવન સંકેલીને નિષ્પરિગ્રહતા-નિઃસ્પૃહતાના સ્વર્ગીયપુષ્પોથી લચી પડતી નિર્મળ-અમરવેલોને કેવી રીતે ઉત્પન્ન કરી શકાય ?, એ આપણે સત્સમાગમ વિના બધું ભૂલી ગયા છીએ. શાસનમાન્ય શ્રમણ-ભગવંતોના સમાગમમાં રહીને અંતર્મુખ દૃષ્ટિ નહિં કેળવાય, અને સાથે સાથે આત્માને મૈત્રી-પ્રમોદ કારૂણ્ય-માધ્યસ્થભાવથી ભાવિત નહિં બનાવાય; ત્યાં સુધી સાચી શાંતિ-સાચું સુખ અને સાચો આનંદ સેંકડો કોશ દૂર હતો, છે અને રહેશે. આથીજ **શાસનમાન્ય-શ્રમણ-ભગવંતરૂપ સત્સમાગમની કિંમત સમજીને માનવ જીવનને નવપલ્લવિત કરો !!**

વિ. સં. ૨૪૭૯.
વિ. સં. ૨૦૦૯.
ઈ. સ. ૧૯૫૩.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર—સાહિત્ય—પ્રચારક—સમિતિ.
C/o ચીમનલાલ સવાઈચંદ સંઘવી,
ઠે. ગોળશેરી, ગલેમંડી-સુરત W. Rly.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના—
રૂ. ૦—૪—૦

# શ્રીઆનન્દ-સમાધાનસિન્ધુઃ

નોંધઃ—આગમોદ્ધારક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીએ દેશનાદિ પ્રસંગમાં થયેલી શંકાઓના સમાધાન આ કોલમમાં આપેલા છે, તેનો સંચય કરનાર પૂજ્ય-આચાર્યદેવ-શ્રીચંદ્રસાગરસૂરિજી છે. તંત્રી.

૧૭. શંકા—શ્રમણધર્મની પ્રાપ્તિ પછી આચાર પાલનમાં શ્રમણ-ભગવંતોનું ધ્યેય કેવું જોઈએ?

સમાધાન—રણે ચઢેલા શૂરા સરદારોનું ધ્યેય શત્રુને જીતીને વિજય મેળવવાનું હોય છે, અને તે પ્રસંગે ભલે ખાય-પીએ, વિસામો લે, ટાઢ તાપ સહન કરે; અને કૂચ કરે કે પીછે હઠ કરે પણ વિજય સંબંધિનું ધ્યેય એકજ હોય છે, તેવી રીતે કર્મશત્રુને હણીને કેવળજ્ઞાન પામવાનું ધ્યેય શ્રમણ ભગવંતોનું હોવુંજ જોઈએ.

૧૮. શંકા—શ્રમણ-સંસ્કૃતિના આચાર સેવનની યોગ્યતા ક્યારે?

સમાધાન—ઘર, કુટુંબ, વાડી, બંગલા, વજીફા, મા-બાપ, પુત્ર-પરિવાર, સ્થાવર જંગમ મીલ્કત છોડયા વગર શ્રમણધર્મ પાલનની વાસ્તવિક યોગ્યતા આવી શકતીજ નથી.

૧૯. શંકા—ધ્યેયની નિર્મળતા હોય તો સંયોગો શું કરે?

સમાધાન—આપણે લીમડાની ડાળ જેવા છીએ, કારણ કે જે બાજુના પવન આવે તે બાજુ ડાળ વળે છે, તેવી રીતે આપણે પણ ખરાબ સંજોગો ન છોડીએ તો વ્રત—પ્રતિજ્ઞા પાલનમાં ટકી શકીએ જ નહિં. આથી ધ્યેયની સિદ્ધિ માટે પણ ખરાબ સંયોગોને છોડવાની જરૂર છે, અને તેનો અમલ ગર્ભથી ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકરો દીક્ષા અવસરે ચોથું મનઃ પર્યવ જ્ઞાન પામવાવાળા જન્માન્તરથી સમ્યક્ત્વ સાથે જન્મ્યા છે, એવા તીર્થંકરો પણ ધ્યેયની સિદ્ધિ માટે બાહ્ય સંયોગો વોસરાવવાની પદ્ધતિ સ્વીકારે છે.

૨૦. શંકા—"अगाराओ अणगारीयं" દીક્ષા લેવાના પ્રસંગમાં આ શબ્દોના આલેખનમાં શું રહસ્ય છે?

સમાધાન—ઘરથી નીકળીને એટલે अगार=સંસાર રૂપ છે, તેથી સંસાર છોડયા વિના સાધુપણું રાખવું એ અસંભવિત હતું એ આ શબ્દોથી ચરિતાર્થ થાય છે.

---

## શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિને મળેલી ભેટ.

પૂ. સાધ્વીજી મ. શ્રી ગુલાબશ્રીના શિષ્યા સાધ્વીજી મ. શ્રી કુસુમશ્રીના ઉપદેશથી કચ્છ—હાલાપુરવાળા શેઠ શ્રી પુનશી જીવરાજભાઈ તરફથી શ્રીજ્ઞાતાસૂત્ર ભાગ બીજા માટે રૂા. ૧૦૦) અંકે સો રૂપીઆ સમિતિને ભેટ મલ્યા છે.

# ૨૪૦ આગમોદ્ધારકની અમોઘ-દેશનાનો સારાંશ-૨.

**નોંધઃ**—વિ. સં. ૧૯૯૫ ના વૈશાખ માસમાં અમદાવાદ મુકામે શ્રેષ્ઠિ મોહનલાલ છોટાલાલના ઉજમણા પ્રસંગે પૂજ્યપાદ-શ્રીહરિભદ્રસૂરિ-વિરચિત જ્ઞાનાષ્ટકના છઠ્ઠા શ્લોક પર આગમોદ્ધારક-શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીએ અમોઘ-દેશના આપી હતી, અને તે દેશનાના સારાંશની નોંધ તે વખતના મુનિ શ્રી ચન્દ્રસાગરજીએ (વર્તમાનમાં પૂજ્ય શ્રીચન્દ્રસાગરસૂરિજીએ) લીધેલ હોવાથી તેઓશ્રીની પાસે અવતરણ-પેરેગ્રાફાદિ-સુધારા-વધારા સાથે તૈયાર કરીને અત્ર અપાય છે.

લી૦ તંત્રી.

## દેશનાના દિવ્ય-અવતરણો.

૧. ક્રિયાએ જ્ઞાનની દાસી છે, છતાં યાદ રાખો કે ફળ દેનારી ક્રિયા છે.

૨. કેવળજ્ઞાન પછી પણ સકળ કર્મના ક્ષય રૂપ મોક્ષ લાવનાર ક્રિયા છે.

૩. તેરમા ગુણસ્થાનકે રહેનારાઓને પણ મોક્ષને અનુકુળની ક્રિયા કરવી જ પડે છે.

૪. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર સંપૂર્ણ-પણે હોવા છતાં સકલકર્મનો ક્ષય થતો નથી તે પ્રસંગને સમજતાં શીખો!

૫. મોક્ષ માર્ગ અને મોક્ષ એ બેના ફરકને સમજો, અને તે સમજને અનુસરો!

૬. તેરમું ગુણસ્થાનક એટલે મોક્ષ નગરની ભાગોળ=સીમાડો.

૭. કર્મો ઘટાડવામાં=નાશ કરવામાં શાસન-માન્ય-શાસ્ત્ર-પરંપરા વિહિત-પ્રવૃત્તિ રૂપ કરણને યથાપ્રવૃત્તિકરણ કહે છે.

૮. દેવલોકની ઇચ્છાએ, પૂજા-સત્કારની ઇચ્છાએ, હરકોઇ પૌદ્ગલિક ઇચ્છાએ, અગર સામાન્ય લાલચે પણ શાસ્ત્ર-વિહિત-પ્રવૃતિ થઈ જાય તો તે પ્રવૃતિનું નામ યથાપ્રવૃત્તિ કરણ છે.

૯. શાસન માન્ય ઉપયોગ વગરની કરણીઓથી કર્મ તૂટવાના અજબ લાભ સર્વજ્ઞ ભગવંતે જણાવ્યા છે.

૧૦. અભવ્ય આત્માઓ યથાપ્રવૃત્તિ-કરણ અનંતી વખત કરે છે.

૧૧. "करेमिभंते" ના ककारનું શ્રવણ કરનારો-ઉચ્ચારણ કરનારો ૬૯ ક્રોડાક્રોડ તોડે છે.

૧૨. રાગ-દ્વેષની અભેદ્યગ્રંથી પાસે અભવ્ય આત્માઓ અનંતી વખત આવે છે.

૧૩. અકામ નિર્જરાએ ૬૯ તુટે છે, પણ બાકીની એક ક્રોડાક્રોડ તોડવા માટે સકામ નિર્જરાની જરૂર છે.

૧૪. સમ્યક્જ્ઞાનના સદ્ભાવમાં સકામ નિર્જરા માની શકાય છે.

૧૫. કપડામાં રહેલી કાળાશને કાઢવી, અને સફેદાઇ લાવવી મુશ્કેલ લાગે છે, તેના કરતાં આત્માને લાગેલી કર્મની કાળાશ કાઢવી અને સિદ્ધ સમાન ઉજ્વળતા લાવવી તે અતીવ મુશ્કેલ ભર્યું કાર્ય છે.

૧૬. અનુકૂળ-પૌદ્ગલિક-સુખ પ્રત્યેની પ્રીતિ, અને પ્રતિકૂળ-પૌદ્ગલિક-દુઃખ પ્રત્યેનો દ્વેષ; આ બન્ને સમ્યક્ત્વના સદ્ભાવમાં વિરામ પામે છે.

૧૭. સમ્યક્ત્વ એટલે પૌદ્ગલિક સુખ પ્રત્યે દ્વેષ અને પૌદ્ગલિક દુઃખ પ્રત્યે પ્રીતિ થવી એ તાત્પર્યાર્થ છે.

૧૮. "કરે તે ભોગવે" આ ટુંકી વ્યાખ્યા મિથ્યાત્વીઓના ઘરની છે.

૧૯. "કરે તે ભોગવે, કરાવે તે ભોગવે, અનુમોદે તે ભોગવે, અને પાપ કાર્યથી વિરામન પામે તે પણ ભોગવે" આ વ્યાખ્યા સમ્યક્ત્વીઓના ઘરની છે.

૨૦. અવિરતિની આંધીમાં અજ્ઞ-મિથ્યાત્વીઓ મુંઝાય છે, માટે અવિરતિની આંધીને સમજતાં શીખો!

૨૧. મન-વચન-કાયાના હલન ચલન વગરનો કર્મ બંધ અવિરતિથી થાય છે, એ સમજતાં શીખો!

૨૨. અવિરતિના પચ્ચક્ખાણ વગર કર્મ બંધનો પ્રવાહ રોકાતો નથી.

૨૩. મિથ્યાત્વના સદ્ભાવમાં અજ્ઞાનની આંધી અને અવિરતીની અકળામણ ચાલુ હોય છે.

૨૪. ત્યાગના પચ્ચક્ખાણ અપાય પણ ભોગ ભોગવવાના પચ્ચખાણ ન અપાય.

૨૫. છ વિગય વાપરવાના પચ્ચક્ખાણ માંગે તો ન અપાય, કારણ કે તે ભોગ વૃદ્ધિના એટલે કર્મની વૃદ્ધિ થવા વાળા પચ્ચક્ખાણ છે.

૨૬. સુખના સાધન-સામગ્રી સંયોગોને દેશનિકાલ આપતાં શીખો!

૨૭ દુઃખનાં સાધન સામગ્રી સંયોગોમાં ખડકની જેમ સામે ધસો!

૨૮. શાતા વેદનીને અનુકૂળ સાધન-સામગ્રી-સંયોગ પર ધ્યાન રાખો કે તે કર્મ રાજાની લાંચરૂશ્વત છે.

૨૯. કર્મ ખપાવવા પ્રભુ મહાવીર અનાર્ય દેશમાં ગયા, કારણ કે કર્મ ખપાવનારાઓ "દુઃખો આવે" એવું નોતરૂં દેનારા હોય છે; કે જેથી કર્મ જલ્દી ખપે છે.

૩૦. પરિસહ—ઉપસર્ગના દુઃખોને સહનારાઓ કર્મનો જલ્દી નાશ કરે છે.

૩૧. અશાતા વેદનીને અનુકૂળના સાધન—સામગ્રી સંયોગો એ વિવેકિયો માટે ધર્મના દૂત છે.

૩૨. વચનની શાહુકારી રાખનારા મિથ્યાત્વીઓ પણ છે.

૩૩. દરેક ધર્મવાળા પોતાના દેવ—ગુરૂ—ધર્મને સુદેવ સુગુરૂ—સુધર્મ તરીકે માને છે, તો પછી સમ્યક્ત્વ—મિથ્યાત્વનો ફરક કયાં સમજવો?

૩૪. પિત્તળને સોનું કહેવાથી પિત્તળ સોનાના ભાવે ખપતું નથી.

૩૫. મિથ્યાત્વ-અવિરતિને ટાળનારાઓજ દેવાધિદેવ થઈ શકે છે.

૩૬. સર્વજ્ઞ-કથિત વિચારોને અને વર્તનને અનુક્રમે વિચારધર્મ—વર્તન ધર્મ કહી શકાય છે.

૩૭. પાંચ મોટા પાપ સ્થાનકોની નિવૃત્તિરૂપ પ્રતિજ્ઞા નહિં લેનારાઓ સેવા કરવાને બંધાયેલા છે.

૩૮. પાલન કરવાની જવાબદારી

ઉઠાવવા છતાં સેવક દશાને સ્વીકારવી પડે છે.

**૩૯. સર્વવિરતિધરો તારનારા છે, અને સર્વવિરતિ-ધર્મ એજ તરવાનું સાધન છે; આ જૈન શાસનનો મુદ્રાલેખ છે.**

**૪૦. વિરતિ ધર્મની અને મહાવ્રતોની મહત્તાની સરખામણીમાં કોઈ કિંમતિ-ચીજ બરાબરી કરી શકે તેમ નથી.**

**૪૧. અવિરતિના સેવનમાં પાપના પોટલા બંધાશે એ યાદ રાખો!**

**૪૨. વિરતિના સેવનમાં મહાન્ લાભ છે, અને અવિરતિના સેવનમાં મહાન્ નુકશાન છે એ સમજતાં શીખો!**

**૪૩. મનથી મોતીના ચોક પૂરનારૂં આ જૈન શાસન છે.**

**૪૪. "મોક્ષ મળે" એ ધારણા-વાળાને એક પુદ્‌ગલ—પરાવર્તે મોક્ષ અપાવનાર આ જૈન શાસન છે.**

**૪૫. "મોક્ષજ મળે" આ ધારણાની સિદ્ધિ અર્ધ પુદ્‌ગલ પરાવર્તથી વધુ મુદતની નથી.**

**૪૬. નવ પૂર્વી થયા છતાં આત્મ-પરિણુતિ જ્ઞાન પ્રાપ્ત થવું મુશ્કેલ છે.**

**૪૭. પરિણુતિ જ્ઞાનમાં ટેવાયલાઓ સંવર—નિર્જરામાં આગળ વધે છે.**

---

स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादिनिश्चयम् ।
तत्त्वसंवेदनं सम्यक् यथाशक्तिफलप्रदम् ॥ ६ ॥

## યથાપ્રવૃત્તિ કરણનું સામર્થ્ય.

ક્રિયા એ જ્ઞાનની દાસી છે, છતાં એ વાત તો ચોક્કસ છે કે ફળ દેનારી ક્રિયા છે, કેવળ-જ્ઞાન થયું છે, છતાં મોક્ષ થવામાં ઉત્કૃષ્ટથી દેશોણ ક્રોડ પૂર્વ સુધી મોક્ષ છેટું છે, તેથી મોક્ષને લાવનાર ક્રિયા છે. ક્ષાયિક દર્શન અને ક્ષાયિક કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે, તેરમા ગુણસ્થાનકે તે છતાં ક્રિયામાં કચાશ છે તેથી તેને મોક્ષ થતો નથી. ક્ષાયક ભાવના જ્ઞાન-દર્શન-ચારિત્ર સંપૂર્ણ કક્ષાના હોવા છતાં એ મોક્ષ રૂપી કાર્ય ન થાય તો કહેવુંજ જોઈએ કે એ ત્રણ મોક્ષના કારણ નથી. તમે વારંવાર કહો છો કે સમ્યગ્-દર્શન-ચારિત્ર વગર મોક્ષ મળતો નથી, અને તે સંપૂર્ણપણે હોવા છતાં મોક્ષ મળતો નથી તો પછી એ ત્રણને મોક્ષના કારણ નથી એમ કહેવામાં વાંધો નથી. આ શંકાના સમાધાનમાં સમજવું જોઈએ કે શાસ્ત્રકારોએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, અને અયોગિ-પણાની પ્રાપ્તિ તથા મોક્ષે પહોંચવું એ એમાં આંતરૂ નથી. એટલે અયોગિપણાનો છેલ્લો સમય તેનું નામ મોક્ષ છે. તેરમું ગુણસ્થાનક એટલે મોક્ષની ભાગોળે પહોંચવાનો રસ્તો, અને ચૌદમે ગુણસ્થાનકે ગયા, એટલે મોક્ષની નગરીમાં પહોંચ્યો.

મોક્ષની માન્યતા નહિં, મોક્ષ મેળવવાની બુદ્ધિ નહિં, અને મોક્ષ મેળવવા માટેનો લવલેશ પ્રયત્ન નહિં; છતાં શાસ્ત્ર-પરંપરા-વિહિત પ્રવૃત્તિ કરતાં કરતાં જે કર્મો ઘટે તેનું નામ યથા-પ્રવૃત્તિ કરણ કહેવાય છે. દેવલોકની ઈચ્છાએ, પૂજા સત્કારની ઈચ્છાએ, પૌદ્‌ગલિક ઈચ્છાઓની તૃપ્તિએ, અને સામાન્ય લાલચે પણ શાસ્ત્રવિહિત પ્રવૃત્તિ થઈ જાય તો ૬૯ ક્રોડાક્રોડ તૂટે છે; આ ઉપયોગ વગરની કરણીનો અજબ લાભ છે. કોઈ કાળે મોક્ષ થવાનો નથી, કોઈ કાળે મોક્ષ છે એવી શ્રદ્ધા પણ થવાની નથી, અને કોઇ કાળે મોક્ષ માટે પ્રયત્ન કરવાનો નથી, એવા અભવ્યો પણ ૬૯ ક્રોડાક્રોડની સ્થિતિને

તોડે છે. **નમો અરિહંતાણં** ના પદમાંથી **ન** નું ઉચ્ચારણ કરવામાં કે શ્રવણમાં, અથવા તો **કરેમિ ભંતે** ના કકારનો ઉચ્ચાર કે શ્રવણ કરવામાં ૬૯ કોડાકોડ તૂટે છે, એવું યથાપ્રવૃત્તિ કરણનું સામર્થ્ય છે.

## વિરમે તે બચે.

અભવ્ય આત્માઓ ગ્રંથીએ ( રાગ-દ્વેષની નિબિડગાંઠે) અનંતી વખત આવે છે. યાદ રાખો કે ઉપયોગ વગર અજ્ઞાનમાં ૬૯ ખપે છે, પણ એક કોડાકોડને ખપાવવા સમ્યક્જ્ઞાનની જરૂર. એટલે અકામ નિર્જરાએ ૬૯ કોડાકોડ તૂટે છે, અને સકામ નિર્જરાએ બાકીની એક તૂટે છે. મેલાં કપડાંના ઘણાં મેલને પાણી કાઢે છે, પણ કપડામાં રહેલી કાળાશને કાઢવી અને સફેદાઇ લાવવી તે સાબુ વિગેરેથી મહેનત પૂર્વકનું કામ છે, કારણ કે કપડાના તાણા-વાણાના દરેક તંતુમાં લાગેલ મેલ અને મેલનો પાસ ઘણીજ કાળજી પૂર્વકની મહેનતથી નીકળે છે. અંતઃ કોટાકોટિ તૂટે ત્યારેજ સમ્યક્ત્વ થાય એ શું ? સમાધાન- સમ્યક્ત્વ થયું તેની પહેલાના કાળમાં અનુકૂલ પ્રસંગમાં પૌદ્ગલિક સુખ પ્રત્યે પ્રીતિ અને પ્રતિકૂળ સંયોગોમાં પૌદ્ગલિક દુઃખ પ્રત્યે દ્વેષ હતો, અને સમ્યક્ત્વ થાય એટલે સુખ-દ્વેષ અને દુઃખ-પ્રીતિ શરૂ થાય. આથીજ સુખ-દ્વેષ અને દુઃખ પ્રીતિ થાય નહિ, ત્યાંસુધી સમ્યક્ત્વ સેંકડો કોષ દૂર છે. ઇન્દ્રિયોના ઇષ્ટ વિષય વિકારની તૃપ્તિ માટે માલ મીલ્કત-ખાવા-પીવાની સામગ્રી-પહેરવા-ઓઢવાની શણગારવાની ચીજો અને કુટુંબકબીલા પર પ્રીતિ તેમ ઇન્દ્રિયોના અનિષ્ટ. વિષયાદિ પ્રત્યે અણગમો-અપ્રીતિ-દ્વેષ હતો તે પલટાઈને સુખની સમગ્ર સામગ્રી-સાધન સંયોગો પ્રત્યે દ્વેષ થાય, એટલે વોસિરાવવા લાયકના પદાર્થો છે એમ મનાય, તથા વોસિરાવું નહિં ત્યાં સુધી મારો આત્મા કર્મથી ભારે થાય છે એમ હાર્દિક પ્રીતિથી માનતો થાય ત્યારે સમ્યક્ત્વ આવ્યું સમજવું. સમ્યક્ત્વવાળાને "કરે તે ભોગવે" એટલું બોલવાનું નહિં, પણ કરે તે ભોગવે, કરાવે અને અનુમોદે તે ભોગવે; અને ન કરે તે પણ વિરમેલો નહિં હોવાથી ભોગવે, પરંતુ વિરમે તેજ બચે તે સિવાયના બધા ભોગવે. "કરે તે ભોગવે" એવું બોલનારાઓને ગમ નથી, કારણ કે એકેન્દ્રિય જીવો કંઇ કરતા નથી, છતાં વિરતિના અભાવમાં કર્મબંધનથી બંધાય છે, કારણ કે જ્યાં સુધી વિરમી શક્તા નથી ત્યાં સુધી કર્મબંધનથી બચી શક્તાજ નથી. આથીજ વિરમે તે બચે, અને ન વિરમે તે કર્મબંધનથી બંધાઇને કર્મ ભોગવે એ સિદ્ધાન્ત છે.

## અવિરતિની આંધી.

અશુભ પ્રવૃત્તિવાળા મન-વચન-કાયા એ પણ બંધનું કારણ છે, જેઓ કર્મબંધના વાસ્તવિક હેતુઓને સ્વીકારતા ન હોય એટલે કર્મબંધના વિવિધ-હેતુથી કર્મબંધન ન માનતા હોય તેજ બોલી શકે કે "કરે તે ભોગવે", પરંતુ જૈનશાસનની માન્યતા પ્રમાણે તો તે ત્રણ વગર પણ (મન-વચન-કાયા વગર) અવિરતિપણામાં (વિરતિના પચ્ચક્ખાણ લીધા વગરના કાળમાં) કર્મ બંધાય છે, અને કર્મનો ઉદય થયા પછી તે કર્મો ભોગવવાં પડે છે. આથીજ ખૂન કરવાનો ઈરાદો કરીને સૂઈ જનારને ત્રણ યોગનું હલન-ચલન નથી, છતાં અશુભ કર્મ બંધ-પાપ બંધ થાય છે. પ્રસંગ પડે નહિં ત્યાં સુધી તમે હિંસા; જુઠ, ચોરી, વ્યભિચાર, રાત્રી ભોજન કરતા નથી, પણ પ્રસંગ પડે તો કર્યા વગર

રહેતા નથી; એટલે સાધન-સામગ્રી સંયોગના સદ્ભાવમાં તમારૂં પુણ્ય છે ત્યાં સુધી તમે પ્રસંગથી બચ્યાં, પણ હૃદય તપાસો તો કરવાની ધારણા પ્રસંગે-અવસરે પાપાદિ કર્યા વગર તમારાથી રહેવાતું નથી, તેથી વિરતિ વગર (પ્રતિજ્ઞા વગરના કાળમાં) અવિરતિનું પાપ માનેલું છે. રાત્રીએ ખાતા નથી, હિંસા કરતા નથી, જુઠું બોલતા નથી, ચોરી કરતા નથી, વ્યભિચાર સેવતા નથી, અને મમત્વ કરતા નથી; તો પછી અમને પાપ લાગે કયાંથી ? આ પ્રશ્નના સમાધાનમાં સમજવું જોઇએ કે તમે જુઠું બોલ્યા ન હો, અને બોલતા નથી છતાં કોર્ટમાં વાદી-પ્રતિવાદી-સાક્ષી તરીકે દાખલ થાઓ ત્યારે ઇશ્વર માથે રાખીને સાચું બોલવાની પ્રતિજ્ઞા કેમ લો છો ? અને લેવાનો નિષેધ કરો તો કોર્ટનું અપમાન કર્યાની સજા કોર્ટ કરે છે તે વાત જાણો છો ?, ન જાણતા હોય તો સાંભળો !

બીપીનચન્દ્રપાલે સાચું બોલવા સંબંધની પ્રતિજ્ઞા લેવાની ના પાડી, કારણ કે જુઠું બોલ્યો નથી, બોલતો નથી, હું હંમેશાં સાચું બોલું છું માટે મ્હારે પ્રતિજ્ઞા લેવાની જરૂર શી છે? એવા અવસરમાં કોર્ટમાં પ્રતિજ્ઞા ન લેવાની સજા બીપીનચંદ્રપાલને થઈ. યાદ રાખો કે તમો સર્વથા નિસ્પૃહી બન્યા નથી ત્યાંસુધી અવિરતિના ત્યાગની એટલે વિરતિના સ્વીકાર સંબંધિ પ્રતિજ્ઞાની અવશ્યમેવ જરૂર છે. કોર્ટની કામચલાઉ પ્રતિજ્ઞા બોલનાર વાદી-પ્રતિવાદી-સાક્ષી જો જુઠું બોલતાં પકડાય તો કોર્ટ શીક્ષા કરે છે. તે વાત ધ્યાનમાં લો કે પ્રતિજ્ઞા એ કામચલાઉ તમને લાગતી હોય છતાં પણ કોર્ટ ઇરાદાપૂર્વક-હેતુપૂર્વક તે પ્રતિજ્ઞા લેવરાવે છે.

કોર્ટના સિદ્ધાંતો-નિયમો એટલે અનેક સુધારા સહિતના સિદ્ધાંતો પ્રચારનારા ટુંક ભંડોળીઆના નિયમોને ઉલ્લંઘન કરે તો શિક્ષા પામે, તો પછી સર્વજ્ઞના નિયમોને ઉલ્લંઘન કરનારાઓ કર્મબંધ=પાપબંધ કરીને દુઃખી થાય તેમાં નવાઇ નથી. આથીજ જૈનશાસનમાં શાસ્ત્રકારોએ કર્મ બંધથી બચવા માટે કાયદારૂપ અવિરતિના પચ્ચક્ખાણ કરવાંજ જોઇએ તેમ જણાવ્યું છે. અવિરતિના પચ્ચક્ખાણ નહિં લેનારા સર્વજ્ઞના કાયદાનું ઘોર અપમાન કરનારા છે, અને તેથી તેમને કર્મબંધની=પાપબંધની સજા ભોગવવી પડે છે. અવિરતિની આંધીમાંથી નીકળવા માટે પચ્ચક્ખાણ હું નહિં લઉ ત્યાંસુધી અશુભ કર્મબંધનથી=પાપબંધનથી ભાવિમાં દુઃખી થવાનો છું એ યાદ રાખો !

## પરિસહ-ઉપસર્ગથી થતી નિર્જરા.

વિરમાય નહિં ત્યાંસુધી એટલે પચ્ચક્ખાણ લેવાય નહિં ત્યાંસુધી પાપ લાગે છે, આથી એ સિદ્ધ થયું કે આ માન્યતા નહિં થવામાં ગાઢ મિથ્યાત્વ છે, અને મિથ્યાત્વના સદ્ભાવમાં અજ્ઞાનની આંધી-તથા અવિરતિની પક્કડ ચાલુ હોય છે. વિરતિના ઉંડાણમાં તપાસીએ તો અર્થ-કામના-સાધન-સામગ્રી-સંયોગોને સકળ વિશ્વે સુખના સાધનાદિ તરીકે સ્વીકાર્યા છે, તેને છોડવામાં વિરતિ છે. અને તેને અંગે "સવ્વાઓ મેહુણાઓ વેરમણં, સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં." સવારથી સાંજ સુધીમાં જે કાંઇ ખાવું આદિ તે સંબંધિના કોઇ કહે કે-નિયમ અભિગ્રહ આપો ?, તેવી રીતે બીજો કોઇ કહે-દિવસે ખાવું નહિ અને રાત્રિએ ખાવાનો નિયમ આપો ! તે આપવો કે નહિં ?; કોઇ કહે કે છ વિગય વાપરવાનો નિયમ આપો ?; આ બધા નિયમોના

પચ્ચક્ખાણ ન અપાય, કારણ કે બંધાયેલા કર્મ તોડવા માટે પચ્ચક્ખાણ અપાય છે, એટલે ત્યાગના પચ્ચક્ખાણ અપાય છે. બંધાયેલા કર્મ તોડવા માટે પચ્ચક્ખાણ અપાય છે. એટલે ત્યાગના પચ્ચક્ખાણ અપાય છે; પણ ભોગની વૃદ્ધિવાળા પચ્ચક્ખાણ ન અપાય.

જીવ અનુકૂળ પુદ્ગલો દ્વારા શાતા અનુભવે છે તેના એટલે શાતાના કારણોના પચ્ચકખાણ અપાય, પણ અશાતાના કારણોના પચ્ચક્ખાણ ન અપાય. આથી સમજાશે કે સુખના સાધનો એ કર્મ બંધાવનારા છે, અને દુઃખના સાધનો કર્મની નિર્જરા કરાવનારા છે. સુખના સાધન-સામગ્રી-સંયોગોને દેશનિકાલ આપવો, અને દુઃખના સાધન-સામગ્રી-સંયોગોને નોતરૂં આપનારાઓ પામવા લાયકની ચીજ એટલે સંવર નિર્જરાની કમાણીમાં આગળ વધે છે. શાતાવેદનીના સાધન-સામગ્રી-સંયોગો એટલે કર્મરાજા તરફથી લાંચ-રૂશ્વત છે, અને અશાતા વેદનીના સાધનાદિ એ ધર્મના દૂત છે એમ સમજવું જોઇએ. ઉપસર્ગોને અને પરિસહોને નિર્જરાના કારણ માન્યા છે. કર્મોને તોડવા માટે વિવિધ જાતના દુઃખો સહન કરવાનું શિક્ષણ પરિસહ-ઉપસર્ગદ્વારાએ ફલિત થાય છે.

## સમ્યક્ત્વનું સ્વરૂપ.

જિનેશ્વરો પણ પરિસહ-ઉપસર્ગોનું સેવન કર્યા વગર નિકાચીત કર્મો તોડી શકયા નહિં. દીર્ઘઇકારના અધ્યાત્મવાદિઓ હ્રસ્વઇકારવાળા (અધિ+આત્મનિ) અધ્યાત્મવાદિઓના ભાવોને સમજી શક્તા નથી. અર્ધ+આત્મ૦ નિર્બુદ્ધિવાળા આત્માઓ ક્રિયા એ તો કર્મ છે એમ કહીને પાંચ આચારોને નેવે મુકે છે. ગર્ભથી ત્રણ જ્ઞાનવાળા, દિક્ષા લે તે દિવસે ચોથું મનઃ-પર્યવ-જ્ઞાનને પ્રાપ્ત કરનારા (પ્રગટ કરનારા) ભગવન્ત શ્રીમહાવીર લાઢદેશમાં (અનાર્યદેશમાં) કિલષ્ટ કર્મો ખપાવવા માટે ગયા, આ પ્રસંગ બતાવે છે કે ભારે કર્મો ખપાવવા માટે પ્રભુ મહાવીર જેવા પણ પરિસહ-ઉપસર્ગોને નોતરૂં દે છે. "સુખની સોબતે સડી ગયા, અને દુઃખને નોતરૂં આપવામાં સેંકડો સાધી ગયા" આવી માન્યતા સમ્યગ્દૃષ્ટિની હોય છે, અને આનું નામજ ગ્રંથી ભેદ.

ઈતર ધર્મવાળા મિથ્યાત્વીઓ પણ પોતાના દેવ-ગુરૂ ધર્મને સુદેવ-સુગુરૂ-સુધર્મ તરીકે સ્વીકારે છે. કોઇ પણ મત-મતાન્તરના દેવ-ગુરૂ-ધર્મમાં ખોટી વિચારણાઓ, વચન પ્રયોગો અને વર્તનો ખોટાં દેખાય છે, છતાં માની લીધેલા દેવને-ગુરૂને-ધર્મને (વાસ્તવિક રીતિએ કુદેવ, કુગુરૂ, કુધર્મ હોવા છતાં) સુદેવ-સુગુરૂ-સુધર્મ તરીકે સ્વીકારે છે, અને અપનાવે છે; શબ્દ-પ્રીતિમાં જૈન-જૈનેતરો સરખા છે, પણ સુદેવ, સુગુરૂ, સુધર્મ કહેવો કોને? અને માનવો કોને? તેનો નિર્ણય તેઓએ કર્યો નથી. સુદેવાદિ કોણ? આ નક્કી કરવામાં મોટો ગોટાળો છે.

મિથ્યાત્વ-અવિરતિ સર્વથા ટાળી એજ સુદેવ, સુગુરૂ, સુધર્મ છે તેમ માનવા આનું નામ સમ્યક્ત્વ. જે મિથ્યાત્વ-અવિરતિ-કષાયને જડમૂળથી ટાળે તે દેવાધિદેવ, જે વીતરાગ-દેવના કથનને અનુસરે-પ્રવર્તાવે તે ગુરૂ, અને જે વીતરાગ સર્વજ્ઞના કથન રૂપ વિચાર-ધર્મને વર્તન-ધર્મને અનુસરવું તે ધર્મ. આ ત્રણે તત્ત્વત્રયી રૂપ સુદેવ, સુગુરૂ, સુધર્મને માનવા તેનું નામ સમ્યક્ત્વ,

## આત્માની અનંતી વખતની રખડપટ્ટી.

ગુરૂ તમારા ઉપકારી કેમ ?, કારણ કે ગુરૂઓને રહેવાની વસ્તી, ખોરાક—વસ્ત્ર—દવા—અનુપાન—વૈદ્ય—દાકતર અને ભણવાની તમામ સામગ્રીઓ હમારે પુરી પાડવાની હોય છે, તો પછી મુરબ્બી કેમ ?, પાલક મુરબ્બી હોઈ શકે છે, પણ પાલ્ય=પાળવાલાયકની કક્ષામાં રહેલાઓ મુરબ્બી કેમ ?, જૈન કોમથી એમની=એ ગુરૂવર્યોની સેવા થાય છે. એમનું બધું અમે કરીએ એટલે પાલક પણ અમે અને સેવક પણ અમે બનીએ ? આવી ઉંધી રીતભાત કેમ કરવાનું કહો છો ? આ પ્રસંગનું સમાધાન ધ્યાનમાં રાખો કે જૈન શાસનમાં પાપસ્થાનકોની નિવૃત્તિ નહિં કરનારાઓ સેવક કક્ષામાં રહેવા સર્જાયેલા છે. આરંભની પ્રવૃત્તિના ત્યાગી અને પાંચ પાપસ્થાનકોને છોડનારાઓની અમે જે ભકિત—વિનય—વૈયાવચ્ચ કરીએ છીએ તેનો આટામાં (ઘઉંના લોટમાં) લુણ જેટલું પણ નથી. પરમેષ્ઠિ-શિક્ષકની સેવા કરવાનો બંદોબસ્ત શ્રીસંઘે કર્યો છે તે બરાબર છે, કારણ કે શિક્ષક ઉપકારી છે, કિન્તુ વિદ્યાર્થી ઉપકારી નથી. કપડાં—અન્ન—પાણી વસ્તી વગેરે અપાય છતાં આ પ્રસંગે વિદ્યાર્થી બોલે કે હમારાં કપડા—અન્ન—પાણીનો બદલો આપવો જોઈએ તો સમજવું કે શિક્ષકની કિંમત વિદ્યાર્થી સમજતોજ નથી. વિદ્યાર્થીઓએ શિક્ષકપણાના સંબંધને સમજવો જોઇએ, કારણ કે અવિરતિના ત્યાગ સાથે વિરતિ ધારણ કરવાની કિંમત, અને મહાવ્રતોની કિંમત સમજે; તથા સાથે સાથે વિરતિધરો=મોક્ષમાર્ગના ઉપદેશકો એજ તારનારા છે, અને વિરતિ એજ કલ્યાણનું સાધન છે તે પણ સમજે. જૈનત્વ પામેલા જૈનોએ વિરતિ ધર્મની અને મહાવ્રતોની મહત્તાને પિછાણેલી હોય છે, તેથી તે બે વિરતિ મહાવ્રતની હરીફાઈમાં બીજી કોઈ ચીજની કિંમત આવી શકતી નથી; અને અવિરતિ સેવનમાં પાપના પોટલા બાંધવાના છે. આ વસ્તુને સ્પષ્ટપણે તેઓ (જૈનો) સમજેલા હોય છે. "વિરતિના સેવનમાં મહાન્ લાભ છે" એજ સિદ્ધાંતની માન્યતામાં સુગુરૂની સેવના રહેલી છે. અવિરતિ ટળે એજ સુદેવ—સુગુરૂ—સુધર્મની જડ છે. અવિરતિ એ કર્મનું બંધન છે, અને આવું વારંવાર રટન કરવું તેનું નામ આત્મ-પરિણતિ જ્ઞાન કહેવાય છે. આવું જ્ઞાન નહિં થવાથી આત્મા અનંતી વખત રખડયો છે.

નવપૂર્વ ભણેલા જ્ઞાનિઓને પણ પરિણતિ જ્ઞાન=આત્મપરિણતિ જ્ઞાન—આવતું નથી. વિશ્વભરના સુખના સાધનો ત્યાગ કરવા લાયક છે, અને દુઃખના સઘળા સાધન—સામગ્રી—સંયોગો સેવવા લાયક છે તેવી માન્યતા અને આચરણ, આનું નામ આત્મ-પરિણતિ જ્ઞાન છે. આ જ્ઞાન મળ્યા પછી અર્ધ પુદ્ગળ પરાવર્તથી વધુ સંસાર રખડવાનો નિષેધ છે. મનો વિચારથી મનમાં ને મનમાં મોતીના ચોક પૂરનારને આ જૈન શાસન સાચા કરી બતાવે છે. "સકલ કર્મના ક્ષયરૂપ મોક્ષ મળે", આવા વિચારને એક પુદ્ગલ પરાવર્તમાં સિદ્ધ કરનાર જૈન શાસન છે. "મોક્ષ મળે" એવો વિચાર કર્યો કે મોક્ષ આપવો એ નક્કી, કારણ કે મુદ્દતની હુંડી મુદ્દતે પાકે છે; એટલે એક પુદ્ગલ પરાવર્તમાં તે

( વધુ માટે જુવો પાનું ૨૦૦ )

# સાગરજીની જીવન-કહાણી.

સૂણો સૂણો એ ભાઈ, તુમે સાગરજીની જીવન કહાની,
આગમઉદ્ધારક એ સૂરિની પાવનકારી સૂણો કહાની
સૂણો સૂણો એ ભાઈ તુમે૦

સંવત ઓગણીસ એકત્રીસે, કપડવંજમાં જન્મ થયો,
માતા જમના પિતા મગનભાઈ; નામ હેમચંદ્ર ધર્યો.
ચૌદ વર્ષમાં લગ્ન થયા પણ, સંસારે મન નવ ધરે,
લિંબડી ગામે ઝવેર સાગર પાસે જઇને દીક્ષા વરે.
સૂણો૦ (૧)

સાસુ સસરા સગા સંબંધી, ઘેર તેડીને લાવીઆ,
વૈરાગી કરી સુડતાલીસમાં, વસંત પંચમે સાધુ થયા;
માસ નવમાં સાગરજીને, ગુરુજી છોડી ચાલી ગયા,
માલવા મેવાડે વિચરી, આગમના અભ્યાસી થયા.
સૂણો૦ (૨)

કરી ચોમાસું મુંબઈનગરે, અંતરીખજી સંઘ લેઈગયા,
તીર્થ કાજે કોર્ટમાં પણ, સત્યવાદી એ વિજયી થયા;
સુરત ગામે સાલ ચુંવોતેરે, આચાર્યપદે સ્થિત થયા,
સંઘ કઢાવ્યો સિદ્ધગિરિનો, આગમ વાંચના આપી રહ્યા.
સૂણો૦ (૩)

નરેશ શૈલાનાને બોધ કરી, અમારી પડહ વગડાવ્યો,
સમેતશિખરની જાત્રા કરવા બંગાલ તરફ પગ ઉપાડયો;
કલકત્તે જઈ કરી ચોમાસું, અજીમગંજે થઈ પ્રભાવના,
સાદડી ગામે સંઘ મળ્યોને, સંપ કેરી થઈ ભાવના.
સૂણો૦ (૪)

કેસરીઆ ધ્વજદંડ ચઢાવી, અમદાવાદે આવી ગયા,
કરાવી આરાધન નવપદનું, મેસાણે બ્રાઉન આવીઆ;
કરી પ્રશંસા આગમધરની, જામનગરથી સંઘ લાવીઆ,
શત્રુંજયની પવિત્ર ભોમે, આગમમંદિર બંધાવીઆ.
સૂણો૦ (૫)

સુરત શહેરે કર્યું સામૈયું, અપૂર્વ ને અદ્ભૂત હતું,
તામ્ર કેરૂં આગમમંદિર, જે દેખી આશ્ચર્ય થતું;
સંઘ શિરે એ સાલ ભયંકર, શાસન સમ્રાટ્ ચાલી ગયા,
સાગરજી પદ્માસન ધારી, સંઘને રોતો છોડી ગયા.
સુણો૦ (૬)

શાસનદેવને સંઘ પ્રાર્થના, યુગ પ્રભાવક ક્યારે થશે?
જેહ પ્રભાવે વીરનું શાસન, જયવંતુ સદાય હશે;
સાગરજીનો અમર આત્મા, સંઘને આશીર્વાદ દીઓ,
લખી લખીને કહે છે "નટુ", ક્રોડ ક્રોડ વંદન લીઓ.
સુણો૦ (૭)

**નટવરલાલ શાહ.**
(સ્વ. મૂલચંદ બુલાખીદાસવાળા)

---

( ૧૯૯ પાનાથી ચાલુ )

હુંડી પાકે છે. અગર "મોક્ષ પણ મળે" આ વિચારમાં એક પુદ્ગલ પરાવર્તમાં હુંડી પાકે છે, અને "મોક્ષજ મળે" આવા જકારવાળા વિચારમાં અર્ધ પુદ્ગલ-પરાવર્તથી વધુ મુદત હોતી નથી, એટલે આવા વિચારવાળાની ઓછી મુદતમાં મોક્ષ પ્રાપ્તિની હુંડી પાકે છે. પરિણતિ જ્ઞાનમાં આત્માના કેવા વિચારો ?, કેવું વર્તન ?, અને કેવા શબ્દ પ્રયોગોની પ્રવૃત્તિ થાય, તથા તે પછી તત્ત્વસંવેદન એટલે શું ?; તે અગ્રેવર્તમાન.

---

## —: ઉદાર ભેટ :—

શ્રી સિદ્ધચક્ર માસિકને શ્રી ભરૂચ વેજલપુર જૈન સંઘે રૂા. ૨૦૦) ની ભેટ અર્પણ કરવાનું જાહેર કર્યું છે.

# ભરૂચ-વેજલપુરમાં ઉજવાયેલો પ્રતિષ્ઠા-મહોત્સવ.

ભરૂચ-વેજલપુરમાં આવેલ શ્રીઆદિનાથ-જિન-મંદિર અતિ પ્રાચીન હતું. આ મન્દિરમાં કેટલોક ભાગ લાકડાનો હતો, કે જે જોનારને આશ્ચર્ય ચકિત કરાવે તેવો, કાષ્ટની પુતળીઓ વિગેરે નકશી કામથી શોભતો હતો. વર્ષાદના ટાઇમે તેનું રક્ષણ કરવા અને તેમાં સડો ન પેશે તે માટે શ્રીસંઘ દર વર્ષે હજારો ખર્ચીને તેનું સમારકામ કરતો હતો. કાળાન્તરે લાકડાઓમાં સડો એવો પ્રવેશ્યો કે શ્રી સંઘને જોખમભરી પરિસ્થીતિ લાગી. આથી વિચરતા વિચરતા આવતા પૂજ્ય-આચાર્ય-ભગવન્તો, પૂજ્ય સાધુ મહારાજાઓ, તેમ શિલ્પ-શાસ્ત્રીઓની સલાહો શ્રી સંઘે લેવા માંડી, અને આ જિન-મંદિરનો નવેસરથી જીર્ણોદ્ધાર કર્યેજ છૂટકો છે; તેવો શ્રી સંઘને નિશ્ચય થયો. પરન્તુ દેરાસર ખાતેની મુડી માત્રથી આ જીર્ણોદ્ધાર થવો શક્ય ન હતો, કોઈક પ્રભાવિક આચાર્ય ભગવન્તનો આમાં સાથ મલી જાય તો આ કામ ધાર્યું થઈ શકે તે વિચારમાં શ્રી સંઘ હતો. આવા સમયમાં શ્રીસંઘના સદ્ભાગ્યે વડોદરા શહેરમાં ચાતુર્માસ અર્થે જઇ રહેલા **પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગર ગણીવર** આદિ ઠાણાં અત્રે પધારતાં શ્રી સંઘ વિ. સંવત ૨૦૦૬ના પ્રથમ અષાડ સુદ ૧ ને શુક્રવાર તા. ૧૬-૬-૫૦ના દિને તેઓશ્રીની નિશ્રામાં વ્યાખ્યાનમાંજ એકઠો થયો અને નીચે પ્રમાણે ઠરાવ કર્યો.

"સં. ૨૦૦૬ ના અષાડ સુદ ૧ ને વાર શુક્ર તા. ૧૬-૬-૫૦ ના દીને સવારે વ્યાખ્યાનમાં મહારાજ શ્રી ચન્દ્રસાગરજી રૂબરૂ સંઘ ભેગો થયો હતો તેમાં પૂ. મહારાજ સાહેબના કહેવાથી સંઘે સર્વાનુમતે દેરાસરનો જિર્ણોદ્ધાર કરાવવા સારૂ રૂ. ૪૦૦૦૦) અંકે ચાલીસ હજાર જીર્ણોદ્ધાર કમીટીને આપવા સારૂ નક્કી કીધું છે.

સહીઓ-શા. છોટાલાલ ચુનીલાલ દ. પોતે
શા. કનૈયાલાલ નાથાલાલ ગાંધી દ. પોતે
શા. મગનલાલ પાનાચંદ સહી દ. પોતે
શા. કેવલચંદ તારાચંદ સહી દ. પોતે"

પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી આદિ ઠાણાં તેવાર પછી વિહાર કરી વડોદરા પધાર્યાં, આ અરસામાં ભરૂચ વેજલપુરના મારવાડી ભાઇઓએ સારી જેવી રકમ ભેગી કરી બીજો નવો ઉપાશ્રય ધર્મશાળા વિગેરે બાંધવા માટે નોંધ કરી અને સારી જેવી રકમ પણ નક્કી કરી દીધી હતી. આ માહિતિ વેજલપુરના આગેવાનોએ પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રીને આપતાં તેઓને વડોદરા બોલાવીને સમજુતી આપી નવો ઉપાશ્રય બાંધવાનું મુલતવી રખાયું. પૂજ્ય પંન્યાસશ્રી મહારાજ વડોદરાનું ચાતુર્માસ પુરૂં કરી સં. ૨૦૦૭ માં છાણી ઉપધાન કરાવી સુરત શહેરમાં ગુરૂમંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ અને આચાર્ય પદીનો મહોત્સવનું કાર્ય પતી ગયે પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી આચાર્ય પદીથી વિભૂષિત થઈ પાલીતાણા સિદ્ધક્ષેત્રે પોતાને અને સ્વશિષ્યોને વર્ષીતપનું પારણું હોવાથી જઈ રહ્યા હતા તેમાં અત્રે પધારતાં તેઓશ્રીના ઉપદેશથી અત્રના સ્થાનિક મારવાડી ભાઇઓ અને લાડવાશ્રીમાળી ભાઇઓએ ટીપ શરૂ કરીને સારી રકમો જીર્ણોદ્ધારમાં અંક ૨ પ્રમાણે આપવા નક્કી કર્યું.

આ મંદિરનો મૂળથી જીર્ણોદ્ધારનું કામ કરાવવા માટે નીચે જણાવેલ ભાવિકોની આ અગાઉ નવની જીર્ણોદ્ધાર કમીટી નીમી હતીઃ—શેઠશ્રી ગોવનજી દલીચંદ, શેઠશ્રી રાયચંદ મગનલાલ, શેઠશ્રી મોહનલાલ ભુખણદાસ, શેઠશ્રી મોહનલાલ વીરચંદ, શેઠશ્રી નાથાલાલ લલ્લુભાઈ, શેઠશ્રી રમણલાલ મોતીચંદ, શેઠશ્રી કાન્તિલાલ ખીમચંદ, શેઠશ્રી કનૈયાલાલ નાથાલાલ ગાંધી અને શેઠશ્રી ભુખણદાસ ભગવાનદાસ.

આ નવની કમીટીમાંથી શેઠશ્રી ભુખણદાસ ભગવાનદાસ પાછળથી છૂટા થયા હતા.

ત્યારબાદ રૂા. ૨૦૨૫)ની ઉછામણીથી શેઠ ચંદુલાલ નાથાભાઇ ગાંધીના હસ્તે સં. ૨૦૦૬ ના શ્રાવણમાં ખાતમુહૂર્ત થયું, તથા શેઠશ્રી જયંતીલાલ વખારીઆને સં. ૨૦૦૭ ના વૈશાખમાં મંદિરના શીલારોપણ માટે નોંતરવામા આવ્યા, તેઓએ રૂા. ૫૦૦૧) જીર્ણોદ્ધારમાં અર્પણ કર્યા, કેરવાડાવાળા શીવલક્ષ્મીબેન હરગોવન તરફથી ગભારાની આરસની દ્વારશાખ માટે રૂા. ૨૭૦૧) આપ્યા. આ કમીટીએ પોતાનું કામ આગળ ધપાવ્યું, બ્હારથી પણ મદદો મેળવવા માટે પૂજ્ય આચાર્યદેવ શ્રી ચન્દ્રસાગરસૂરિજીની પ્રેરણાઓથી મહેનત કરી અને તે ફળીભૂત થઇ, અને રૂપીઆ (અંક ૩ માં જણાવેલ ભેગા કર્યા) છતાંયે ચાલુ કામમાં નાણાં ખૂટી જતાં ફરીથી નીચે પ્રમાણે ઠરાવ કર્યો—

"હમો જાતે સહી કરનારાઓ શ્રી ભરૂચ (વેજલપોર) જૈન દેહેરાસરના વહીવટ કરનારાઓ ઠરાવ કરીએ છીએ કે દેહેરાસરનું બાંધકામ ચાલુ છે ને પૈસાના અભાવે કામ અટકી પડે તેમ છે માટે દેહેરાસરની મુંડીમાંથી રૂા. પાંચ હજાર શ્રી ભરૂચ (વેજલપોર) જીર્ણોદ્ધાર કમીટીને દેહેરાસરના બાંધકામના ખરચ માટે આપવા જે પૈકી તા. ૧૦–૧–૫૩ ના રોજ રૂા. એક હજાર આપવામાં આવેલ છે, અને બાકી રૂા. ચાર હજાર હવે જરૂર પડે તેમ આપવા માટેનો સદરહુ ઠરાવ કરવામાં આવે છે. એજ તા. ૨૬–૧–૫૩

**શા. છોટાલાલ ચુનીલાલ** સહી દ. પોતે
**કેવલચંદ તારાચંદ વખારીઆ** સહી દ. પોતે
**મગનલાલ પાનાચંદ** દ. પોતે
**શા. કનૈયાલાલ નાથાલાલ** ''

નૂતન દેહેરાસર લગભગ પ્રતિષ્ઠાને યોગ્ય તૈયાર થતાં પ્રતિષ્ઠા કરાવવા માટે સોરાષ્ટ્ર દેશમાં વિચરી રહેલા પ૦ પૂ૦ આચાર્યદેવ શ્રીમચ્ચન્દ્રસાગરસૂરિજીને વિનંતિ કરવા વેજલપુરથી ડેપ્યુટેશન ગયું, અને ભરૂચ આવવા માટે વિહાર કરાવ્યો. આ દરમ્યાનમાં કામ વધુ કરાવવાનું નક્કી થતાં જીર્ણોદ્ધાર ખાતે નાણાંના અભાવે કામ અટકીને ઉભું રહ્યું. આથી પૂ. આ. શ્રીની પ્રેરણાથી શ્રી સંઘને તા. ૩–૬–૧૯૫૩ પાંચમી જુને ભેગો કરવામાં આવ્યો અને નીચે પ્રમાણે પૂર્વે જે આપવામાં આવેલા રૂપીઆ જણાવવામાં આવ્યા સાથે ઠરાવ કરવામાં આવ્યો.

તા. ૫–૬–૧૯૫૩

"હમો ભરૂચ (વેજલપુર) જૈન દેહેરાસરના વહીવટદારો સર્વાનુમતે ઠરાવ કરીએ છીએ કે તા. ૩–૬–૫૩ શ્રી ભરૂચ વેજલપુર જૈન સંઘ ધર્મશાળામાં રાત્રે નવ વાગતાં મળેલો તેમાં આજદીન સુધી રૂા. ૪૫૦૦૦) પીસ્તાલીસ હજાર શ્રી ભરૂચ (વેજલપુર) જીર્ણોદ્ધાર કમીટીને આપી ચૂકેલ હકીકત રજુ કરવામાં આવી છે, તેમજ પાછળથી સંઘનો વિચાર દેહેરાસરના ઉપરના ગભારામાં શ્રી શાંતિનાથજી ભગવાન મૂલનાયક તરીકે બીરાજમાન કરવાનો વિચાર થવાથી અધૂરૂં રહેલ કામ તાકીદે પ્રતીષ્ઠા પહેલાં પુરૂ કરવા માટે **આચાર્ય ગુરૂદેવ શ્રી ચન્દ્રસાગરસૂરિજી** મહારાજના ઉપદેશથી બીજા બેથી ત્રણ હજાર રૂપીયા આપવા વહીવટદારોને સૂચના આપી છે, ને તે મુજબ સંઘે હુકમ ફરમાવ્યો છે તે મુજબ આપવાનું સદરહુ વહીવટદારો સર્વાનુમતે ઠરાવ કરે છે.

શા. છોટાલાલ ચુનીલાલ ગાંધી સહી દ. પોતે
શા. મગનલાલ પાનાચંદ સહી દ. પોતે
શા. કનૈયાલાલ નાથાભાઇ ગાંધી સહી દ. પોતે
કેવલચંદ તારાચંદ વખારીઆ સહી દ. પોતે"

દ્વિ વૈશાખ વદી ૩ના **પ. પૂ. આ. દેવશ્રી ચન્દ્રસાગરસૂરિજી આદિ** ઠાણાં પધારતાં શ્રી સંઘે સ્વાગત પૂર્વક શ્રી ભરૂચ વેજલપુર જૈન ઉપાશ્રયે તેઓશ્રીને લાવેલા, ઘણા દિવસથી આર્થિક મંદી આદિના કારણે પ્રતિષ્ઠાના ખર્ચ આદિનું મુંઝવણનો ઉકેલ શ્રી સંઘે તેઓશ્રીની નિશ્રામાં આણ્યો. અને મારવાડી સંઘે તથા લાડુવા શ્રીમાળી સંઘે ચુલા દીઠ રૂા. ૮૧) પ્રતિષ્ઠા ખર્ચ માટે લેવાનું નક્કી કર્યું અને કામ આગળ ચાલ્યું નવકારશીઓના જમણ માટે શ્રી સંઘમાં વિચાર થતાં શ્રી સંઘ એકડો મલ્યો અને પ્રતિષ્ઠાના દીનના ૨૭૦૦), સુદિ દ્વી ૯ દીનના રૂા. ૧૭૦૧) ગણવા, અને બાકીના દિવસોના રૂા. રૂા. ૮૦૧) ગણવા, કોઇને સ્વતંત્ર

નવકારશી કરવી હોય તો તેની છૂટ છે. આમ નક્કી કરવામાં આવતાં તથા પૂજાના નકરાના રૂા. ૧૧૭) તેમ અષ્ટોત્તરી સ્નાત્રના રૂા. ૮૦૧) નક્કી થતાં શા ચુનીલાલ વીરચંદ કાપડીઆ, શા કેશવલાલ વીરચંદ કાપડીઆ, શા મણીલાલ વીરચંદ કાપડીઆ, તથા શા છગનલાલ વીરચંદ કાપડીઆ, તરફથી પ્રતિષ્ઠા દિન સુદિ ૧૦ ની નવકારશી. તથા શા. છગનલાલ વીરચંદ કાપડીઆ તરફથી મહોચ્છવના પ્રથમ દિનની સુદિ ૬ની પૂજા, અને જેઠ સુદિ પ્ર. ૯ના શા. મણીલાલ વીરચંદ કાપડીઆ તરફથી પૂજા, જેઠ સુદિ ૧૧ ના શા. ચુનીલાલ વીરચંદ તરફથી પૂજા' તથા સુદિ ૧૨ ના શા. કેશવલાલ વીરચંદ તરફથી પૂજાનું નકકી થયું. સુદિ ૬ ના શા. પુનમચંદ વીરચંદ, શા. દાનમલ ભાઇચંદની ધણીયાણી હંજાબેન તથા શા. સુરચંદ ધનજીભાઈ માલણવાળા તથા શા. લલ્લુભાઇ ખીમચંદ તમાકુવાળા તરફથી નવકારશીનું જમણ, જેઠ સુદિ ૭ના શા. મૂળચંદ દલીચંદ કાપડીઆ શા. ગોવનજી દલીચંદ કાપડીઆ, શા. ચુનીલાલ દલીચંદ કાપડીઆ, તથા શા ભાઈચંદ નાથાભાઇ તરફથી નવકારશીનું જમણ અને પૂજા, જેઠ સુદિ ૮ ના શા. નાથાભાઇ લલ્લુભાઇ કાપડીઆ, શા. પોપટલાલ લલ્લુભાઈ કાપડીઆ, શા. લલ્લુભાઇ નેમચંદ કાપડીઆ, તથા શા. માણેકલાલ કપુરચંદ કાપડીઆ, તરફથી નવકારશીનું જમણ અને પૂજા, જેઠ સુદિ પ્ર. ૯ નગીનદાસ કપુરચંદ કોઠારી દેજવાળા હ. અમોદવાળા મોહનલાલ માણેકચંદ તરફથી સંઘ જમણુ, જેઠ સુદિ દ્વી ૯ વેજલપુર લાટ શ્રીમાલી ગાંધી ફંડના વહીવટદાર શા. છોટાલાલ ચુનીલાલ ગાંધી, શા. ચંદુલાલ નાથાલાલ ગાંધી શા. કનૈયાલાલ નાથાલાલ ગાંધી, તથા હીરાભાઇ નેમચંદભાઇ તરફથી; તેમ શેઠ ચંદુલાલ નાથાલાલ ગાંધી તથા શેઠ વીરચંદ રતનચંદ, શેઠ હેમચંદ તાપીદાસ તથા શેઠ છગનલાલ નથુભાઇ તરફથી નવકારશીનું જમણુ તથા છોટાલાલ લક્ષ્મીચંદ તરફથી પૂજા, જેઠ સુદિ ૧૦ ગાંધી ચંદુલાલ નાથાભાઇ તરફથી અષ્ટોત્તરી સ્નાત્ર, જેઠ સુદિ ૧૧ સ્વ૦ બાઇ ઇચ્છા તે સ્વ૦ શા. છગનલાલ ખુમચંદની ધણીઆણીની પાછળ તેમની સુપુત્રીઓ તરફથી નવકારશીનું જમણુ, આમ નોંધવામાં આવ્યા હતા. વિશિષ્ટ રીતે આકર્ષક આમંત્રણ પત્રિકાઓ છપાવવામાં આવી હતી તેમ મહોત્સવમાં ગવૈયા તરીકે ખંભાતથી શ્રી ઘનસ્યામભાઈ સંગીત માસ્તર; ક્રિયાકાંડ અંગે સુરત નિવાસી શેઠશ્રી બાલુભાઇ ઉત્તમચંદને આમંત્રવામાં આવ્યા હતા, જેઠ સુદિ ૬ ના પ્રભુઓનો પ્રવેશ વાજતે ગાજતે ઉછામણીઓ પૂર્વક કરાવવામાં આવ્યો હતો, તેમ કુંભ સ્થાપના દિનની ઉજવણી થઇ હતી, જેઠ સુદિ દ્વી ૯ ના રોજે બે બેન્ડો અને વરઘોડા માટે ખાસ વડોદરાથી લાવેલા રથ સહિત રથયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો, રથ હાંકવા માટે શેઠશ્રી ચંદુલાલ નાથાલાલ ગાંધી બેઠા હતા, સુદિ ૧૦ ના પ્રતિષ્ઠા શુભ મુહૂર્તે પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજી આદિ ઠાણાના શુભ હસ્તે વાસક્ષેપ પૂર્વક થઇ હતી. મુંબઇ, અમદાવાદ, સુરત, મહીદપુર, ઉજ્જૈન, વગેરે શહેરોથી તેમ આજુબાજુના ગામોથી જૈન જનતા સારી આવી હતી.

---

**આંક-૧ દેરાસરના કાર્ય પ્રસંગોએ મળેલા દ્રવ્ય.**

| | |
|---|---|
| શેઠશ્રી ચન્દુલાલ નાથાભાઈ ગાંધીના હસ્તે મંદિરનો ખાતમુહૂર્ત પ્રસંગે તેઓશ્રી તરફથી મુ. ભરૂચ | ૨૦૨૫) |
| શેઠશ્રી ગણપતરામ તુલજારામ વખારીઆ હ. શેઠશ્રી જયંતિલાલભાઇને મંદિરના શિલારોપણ નિમિત્તે નોતરેલા તે સમયે તેમના તરફથી અર્પણ. સુરત | ૫૦૦૧) |
| શીવલક્ષ્મીબેન હરલોચન તરફથી ગભારાની બારસાખ માટે મકરાણુના આરસના બારસાખના | ૨૭૦૧) |

શ્રી ભરૂચ વેજલપુર દેરાસરજીની મુંડીમાંથી અનુક્રમે ૪૦૦૦૦) + ૫૦૦૦) + ૧૦૦૦) કુલ્લે રૂપીઆ ૪૬૦૦૦)

**આંક નં. ૨ પ. પૂ. આચાર્યદેવશ્રી ચંદ્રસાગરસૂરિજીની પવિત્ર છાયામાં થયેલ ટીપ પ્રસંગે.**

૧૭૦૧) શેઠશ્રી છગનલાલ વીરચંદ કાપડીઆ.
૧૨૦૧) ,, ચુનીલાલ વીરચંદ કાપડીઆ.
૧૨૦૧) ,, ગોવનજી દલીચંદ તથા શા. ચુનીલાલ દલીચંદ કાપડીઆ.
૧૨૦૧) શેઠશ્રી મણીલાલ વીરચંદ.
૧૧૦૧) સ્વ. શેઠ લલ્લુભાઈ જેચંદ કાપડીઆ હ. નાથાલાલ.
૧૦૦૧) શેઠ ગોવનજી મોતીજી ભાડભૂતવાળા.
૭૫૧) સ્વ. શા. કેશવલાલ વીરચંદ કાપડીઆ હ. કાન્તિલાલ.
૫૦૧) શેઠ દેવચંદ હરીચંદ કાપડીઆ.
૫૦૧) શેઠ લલ્લુભાઇ નેમચંદ ,,
૫૦૧) શેઠ માણેકચંદ કપુરચંદ ,,
૫૦૧) શેઠ કસ્તુરચંદ ગુલાબચંદ ,,
૫૦૧) શેઠ ભાયચંદ નાથાભાઈ ,,
૫૦૧) સ્વ૦ શેઠ ઝવેરચંદ લાલચંદ કાપડીઆ.
૫૦૧) સ્વ૦ શેઠ ભીખાભાઈ લાલચંદ હ. દેવચંદભાઈ.
૫૦૧) શા. તારાચંદ ટેકચંદ ભાડભૂતવાળા.
૨૦૦૧) સ્વ૦ બ્હેન કલાવતી તે શ્રેષ્ઠિ ઉદયચંદ ખુબચંદની દીકરીના સ્મરણાર્થે હ. બાઈ મણીબેન તે શ્રેષ્ઠિ ઉદયચંદ ખુબચંદનાં પત્ની **સજોદવાળા.**
૧૫૦૩) શેઠશ્રી ચન્દુલાલ નાથાભાઈ ગાંધી.
૧૨૫૧) સ્વ૦ શેઠ ખીમચંદ તારાચંદ સુતરીઆ હ. બાઇ પારવતી.
૧૧૫૧) બ્હેન રતન તે શાહ મગનલાલ પાનાચંદનાં પત્ની હ. શેઠશ્રી મોહનલાલ મગનલાલ.
૧૦૦૧) સ્વ૦ શાહ ચુનીલાલ લક્ષ્મીચંદ તરફથી હ. શાહ છોટાલાલ લક્ષ્મીચંદ દેજવાળા.
૧૦૦૧) સ્વ૦ શાહ મોતીચંદ રાયચંદ તથા નાથીબ્હેનના સ્મરણાર્થે હ. શેઠ રમણલાલ મોતીચંદ.
૧૦૦૧) સ્વ૦ શાહ પાનાચંદ ભુખણદાસ હ. શા. મોહનલાલ ભુખણદાસ પાજવાળા.
૧૦૦૧) અ૦ સૌ૦ બાઈ જડાવ શાહ મોહનલાલ વીરચંદનાં ધણીઆણી તરફથી હ. રમણલાલભાઈ.
૧૦૦૧) સ્વ૦ શાહ નાથાભાઇ ભગવાનદાસ ગાંધી તથા પારવતીબેન હ. શા. કનૈયાલાલ નાથાભાઈ ગાંધી.
૧૦૦૧) સ્વ૦ શાહ સોમચંદ ભીખાભાઈ હ શાન્તિલાલ.
૧૦૦૧) સ્વ૦ શાહ મગનલાલ પાનાચંદ ઘેલાભાઇ તરફથી હ. ભુરીબ્હેન.
૫૦૧) સ્વ૦ શા. ચુનીલાલ સવાઇચંદ ગાંધી હ. શેઠશ્રી છોટાલાલ ચુનીલાલ ગાંધી.
૫૦૧) સ્વ૦ શા. વીરચંદ ખુબચંદ હ. બેન જસુમતી.
૫૦૧) શેઠ મગનલાલ પાનાચંદ મતણુરવાળા.
૫૦૧) શા. હરલોચંદ તારાચંદ વખારીઆ હ. કેવલચંદ તારાચંદ વખારીઆ.
૫૦૧) શાહ છગનલાલ રાયચંદ માસ્તર હ. કેસરીચંદભાઈ.
૫૦૧) સ્વ. શાહ છગનલાલ ખુબચંદ હ. બેન ઇચ્છા.
૫૦૧) શાહ લલ્લુભાઈ વમળચંદ હ. મહેન્દ્રલાલ.
૫૦૧) સ્વ. શા. કાલીદાસ ગુલાબચંદ હ. મણીબ્હેન.

---

**આંક નંબર-૩ બહારથી મળી આવેલ મદદો.**

૮૦૦૧) શ્રી વિજયદેવસુરસંઘની પેઢીના શ્રી ગોડીજી જૈન દેહેરાસર તરફથી **મુંબાઈ**
૫૦૦૦) શ્રી ભરૂચ શ્રી મુનિસુવ્રતસ્વામિ દેરાસરની પેઢી **ભરૂચ શહેર**
૩૫૦૦) શ્રી ઋષભદેવ જૈન દેરાસરની પેઢી **જઘડીઆ**
૨૦૦૦) ,, એડન જૈન દેરાસર તરફથી હ. શેઠ શ્રી વલ્લભદાસ તારાચંદ **એડન**
૧૫૦૦) શેઠ શ્રી ડોસાભાઇ અભેચંદની પેઢી હ. શેઠ શ્રી જુઠાભાઇ સાકરચંદ **ભાવનગર**
૧૫૦૦) શ્રી અનંતનાથજી જૈન દેરાસર માંડવીબંદર **મુંબાઇ**
૧૨૫૧) શ્રી પહાજ જૈન દેરાસર હ. જયંતિલાલભાઈ છોટાલાલ **પહાજ**

૧૦૨૫) શ્રી આમોદ જૈન શ્વેતાંબર દેરાસરો તરફથી આમોદ
૧૦૦૧) શ્રી ભાયખલા ઉપધાન સમિતિ તરફથી મુંબઈ
૧૦૦૧) શેઠશ્રી કીકાભાઇ અમરચંદ દલાલ ભરૂચ શહેર
૧૦૦૦) શ્રી તોડાની પોળ જૈન દેરાસરજી
હ. શેઠશ્રી હીરાલાલ મોતીલાલશા અમદાવાદ
૮૫૧) શ્રી મરકતી મારકેટ મહાજન ,,
૭૫૧) શ્રી હરિપુરા શીતલનાથ જૈન દેરાસર સુરત
૭૫૧) સ્વ૦ શા. ખીમચંદ દયાલચંદ
હ. મોહનલાલભાઇ શેજા ટંકારીઆ
૭૦૨) શ્રી જૈન દેરાસરજી સાવરકુંડલા
૭૦૧) શ્રી જૈન દેરાસરજી
હ. શેઠ દેવચંદ તારાચંદ નીતોડા
૬૦૨) શ્રી અનંતનાથજી જૈન દેરાસર પ્રીન્સેસ સ્ટ્રીટ
હ. શેઠ મુલચંદ બુલાખીદાસ મુંબાઇ
૧૦૦૦) શ્રી સુરેન્દ્રનગર-શેઠ આણંદજી કલ્યાણજીની
પેઢી તરફથી સુરેન્દ્રનગર
૫૩૧) સ્વ૦ ભાઇ ઉત્તમચંદના પુણ્યાર્થે
હ. નાગજીભાઇ ઉમાજી વાગરા
૫૦૧) શ્રી કુન્થુનાથજી જૈન દેરાસર
હ. શેઠ ખીમચંદ કલ્યાણચંદ સુરત
૫૦૧) શેઠ શ્રી કાન્તિલાલ ખીમચંદ સુરત
૫૦૧) શ્રી ધર્મનાથ ભગવાન જૈન દેરાસર
હ. શેઠ પ્રેમચંદ માણેકચંદ શાહ
(નાણાં બાકી છે) અમદાવાદ
૫૦૧) શેઠ દેવચદ ધરમચંદની પેઢી
હ. શ્રી વિજયદેવસુર સંઘ ડભોઈ
૫૦૧) શાહ નગીનદાસ કપુરચંદ
હ. મૂળચંદભાઈ વકીલ શેજા ટંકારીઆ
૫૦૧) સ્વ. શાહ છોટાલાલ રતનચંદ
હ. જયંતિલાલભાઇ સાયણ
૫૦૧) શ્રી સુવિધિનાથ જૈન દેરાસર પેથાપુર
૫૦૦) ,, સ્થંભન પાર્શ્વનાથજી જૈન દેરાસરજી ખંભાત
૫૦૦) કોટના શ્રી શાંતિનાથજી જૈન દેરાસરજી મુંબાઈ

૫૦૦) શ્રી શાંતિદાસ ખેતશી ચેરીટી ટ્રસ્ટ મુંબાઇ
૩૦૧) ,, નરોડા જૈન દેરાસરજી નરોડા
૩૦૧) ,, ધનારી જૈન દેરાસરજી
હ. શેઠ ડાહ્યાભાઇ મયાચંદ ધનારી
૩૦૦) પંડિત વિરવિજય ઉપાશ્રય
હ. પં. શ્રીકીર્તિમુનિશ્રીના ઉપદેશથી અમદાવાદ
૨૫૧) શ્રી પદ્મા તારાચંદની પેઢી મહુવા
૨૫૧) ,, ગોધાવી જૈન મહાજન
હ. શેઠ ઇન્દ્રવદન સારાભાઇ ગોધાવી
૨૫૧) પાછીઆ પોળ જૈન દેરાસર
હ. શેઠ કેશવલાલ મહાસુખ અમદાવાદ
૨૫૦) શ્રી શાંતિનાથજી જૈન દેરાસર
હ. મેતાજી ખોડીદાસ મગનલાલ શાહ મુંબાઈ
૨૫૦) શ્રી તપગચ્છ અમર જૈનશાલા
હ. શા. રમણલાલ દલસુખભાઈ ખંભાત
૨૨૫) શ્રી જૈન દેરાસર
હ. શેઠ હસમુખલાલ અમીચંદ શાહ બગવાડા
૨૦૦) શ્રી ભંપોલની પોળ જૈન સંઘ ખંભાત
૨૦૦) શ્રી જૈન દેરાસર
હ. શેઠ સાંકલચંદ દલપતભાઇ છાણી
૨૦૦) શ્રી જૈન દેરાસર
હ. શેઠ જગુભાઇ લલ્લુભાઈ છાણી
૧૫૧) શેઠ શ્રી દયારામ મુલચંદ સુરત
૧૫૦) શ્રી લાલબાગ જૈન દેરાસર
હ. શેઠ શ્રીમોહનલાલ રતનચંદ પરીખ મુંબઈ
૧૫૦) શ્રી જૈન દેરાસર સાવરકુંડલા
૧૨૫) શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર
હ. શેઠ શ્રી નેમચંદ જીવણજી બાજીપુરા
૧૦૧) શેઠ શ્રી સાકલચંદ ટેકચંદ ભાડભૂત
૧૦૧) શેઠ શ્રી ઠાકોરલાલ મેલાપચંદ વકીલ સુરત
૧૦૧) શેઠ શ્રી કેવલચંદ લાલચંદ મુંબઇ
૧૦૧) શેઠ શ્રી રાયચંદ ડાહ્યાભાઇ અમદાવાદ
૧૦૧) શ્રી જૈન તપગચ્છ દેરાસરજીની પેઢી શીહોર

૧૦૧) શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી બોટાદ

૧૦૦) શ્રી ચંદ્રપ્રભુજી જૈન દેરાસર
હ. શેઠ મોહનલાલ રતનચંદ પરીખ મુંબાઈ

૧૦૦) શ્રી શાન્તિનાથ જૈન દેરાસર
મંગળ પારેખનો ખાંચો અમદાવાદ

૧૦૦) શ્રી જૈન દેરાસર
હ. શેઠ પોપટલાલ સાકલચંદ પાટણ

૫૧) દોલતના ખાંચો જૈન દેરાસર
હ. શેઠ ફુલચંદ લલ્લુભાઇ કાપડીઆ અમદાવાદ

૫૦) શ્રી સાગરગચ્છ કમીટી સાણંદ

૨૫) શ્રી સંઘ તરફથી
હ. શેઠ શ્રી ભોગીલાલ જગજીવનદાસ આમોદ

---

## પ્રભુજીને ગાદીનશીન ઉછામણીથી બોલી કરનાર—

૬૭૦૧) શ્રી મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનને ગાદીનશીન કર્યા શેઠશ્રી છગનલાલ વીરચંદ કાપડીઆ, શેઠશ્રી ચુનીલાલ વીરચંદ કાપડીઆ તથા શેઠશ્રી મણીલાલ વીરચંદભાઇએ

૧૦૨૫) જમણી બાજુએ શ્રીપાર્શ્વનાથ ભગવાનને ગાદીનશીન કર્યા શેઠ મુલચંદ દલીચંદ કાપડીઆ, શેઠ ગોવનજી દલીચંદ કાપડીઆ તથા શેઠ ચુનીલાલ દલીચંદે

૧૧૨૫) ડાબી બાજુએ શ્રી પાર્શ્વનાથ ભગવાનને ગાદીનશીન કર્યા સ્વ૦ શેઠ ખીમચંદ તારાચંદ સુતરીઆ હ. પારવતીબ્હેને

૭૦૧) જમણી બાજુએ શ્રી ધર્મનાથ ભગવાનને ગાદીનશીન કર્યા શેઠ છોટાલાલ લક્ષ્મીચંદ દેજવાળાએ

૫૦૧) ડાબી બાજુએ શ્રી પાર્શ્વનાથ ભગવાનને ગાદીનશીન કર્યા શેઠ ચન્દુલાલ નાથાભાઇ ગાંધીએ

૬૫૧) શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને ગાદીનશીન કર્યા શેઠ ચન્દુલાલ નાથાભાઇ ગાંધીએ

૧૦૦૧) ડાબી બાજુએ શ્રી પાર્શ્વનાથ ભગવાન ગાદીનશીન કર્યા. શેઠ કસ્તુરચંદ ગુલાબચંદ કાપડીઆ શેઠ દાનમલ ભાયચંદ કાપડીઆ તથા શેઠ ઠાકોરલાલ લલ્લુભાઇ કાપડીઆએ

૧૧૦૧) શ્રી મોટા આદિનાથ ભગવાન ગાદીનશીન કર્યા શેઠ નાથાલાલ લલ્લુભાઈ કાપડીઆ, શેઠ માણેકચંદ કપુરચંદ કાપડીઆ તથા શેઠ પોપટલાલ લલ્લુભાઈ કાપડીઆએ

૩૫૧) શ્રી સુમતિનાથ ભગવાન ગાદીનશીન કર્યા શેઠ પુનમચંદ દેવચંદે હ. મોતીચંદ ઠે. કબીરપરા.

૩૦૧) શ્રી વાસુપૂજ્ય ભગવાન ગાદીનશીન કર્યા શેઠશ્રી વલ્લભદાસ ગુલાબચંદ તલાજાવાળાએ

૩૨૫) શ્રી કુંથુનાથ ભગવાન ગાદીનશીન કર્યા શેઠ ચંદુલાલ નાથાભાઈ ગાંધીએ

૨૨૫) શ્રી સુવિધિનાથ ભગવાન ગાદીનશીન કર્યા શેઠ ખીમચંદ દયાલચંદ હ. મોહનલાલે મુ. રોજા ટંકારીઆ

૨૫૧) શ્રી મુનિસુવ્રતસ્વામિ ગાદીનશીન કર્યા શેઠ ચંદુલાલ નાથાભાઇ ગાંધીએ

૨૫૧) શ્રી મહાવીરસ્વામિ ગાદીનશીન કર્યા શેઠ ચંદુલાલ નાથાભાઈ ગાંધીએ

૩૨૫) શ્રી મુનિસુવ્રતસ્વામિ ગાદીનશીન કર્યા સ્વ૦ શેઠ છગનલાલ ખુબચંદની સુપુત્રીઓએ

૩૨૫) ગોખલામાં શ્રીનેમનાથ ભગવાન ગાદીનશીન કર્યા સ્વ. શેઠ છગનલાલ ખુબચંદ હ. સુપુત્રીઓએ.

૩૦૧) ગોખલામાં શ્રી પાર્શ્વનાથ ભગવાન, ગાદીનશીન કર્યા. સ્વ. શેઠ છગનલાલ ખુબચંદ હ. સુપુત્રીઓએ.

૨૨૫) ગોખલામાં શ્રી મહાવીર ભગવાન, ગાદીનશીન કર્યા શેઠ ભીખાભાઇ લાલચંદ કાપડીઆએ

૨૨૫) ગોખલામાં શ્રી સુમતિનાથ ભગવાન, ગાદીનશીન કર્યા શેઠ શ્રી ચંદુલાલ નાથાભાઈ ગાંધીએ.

૨૦૧) ગોખલામાં શ્રી મહાવીર ભગવાન, ગાદીનશીન કર્યા. શેઠ હીરાભાઇ નગીનદાસ જરીવાળાએ સુરત.

૧૦૫૧) મોટા શ્રી શાંતિનાથ ભગવાન ગાદીનશીન કર્યા શેઠ લલ્લુભાઇ નેમચંદ કાપડીઆ તથા શેઠ ગોવનજી મોતીજીએ.

૧૧૦૧) શ્રી શાંતિનાથ ભગવાન ગાદીનશીન કર્યા શા. વીરચંદ ખુબચંદ હ. હીરાચંદ.

---

પ્રતિષ્ઠા અંગેના બીજા આદેશો.

૧૨૫) શ્રી આદિનાથ ભગવાનવાળા શીખરે કળશ ચઢાવ્યો. શેઠ શ્રી ચંદુલાલ નાથાભાઈ ગાંધીએ

૧૩૧) વચલો કળશ ચઢાયો. શેઠ શ્રી ચંદુલાલ નાથાભાઈ ગાંધીએ.

૪૦૫) ધ્વજા દંડ ચઢાવ્યો. શેઠ શ્રી ભાઇચંદ નાથાભાઈ કાપડીઆએ.

૪૪૪) વાસક્ષેપ પૂજા કરી. શેઠ ચંદુલાલ કસ્તુરચંદ કાપડીઆએ.

૬૨૫) દેરાસરજીનું દ્વારોદ્‌ઘાટન કર્યું. શેઠ નાથાલાલ લલ્લુભાઈ કાપડીઆ તથા શેઠ પોપટલાલ લલ્લુભાઇ કાપડીઆએ.

---

## નૂતન દેરાસરમાં પરોણાના સ્થાનથી ઉપાડી નીચે જણાવેલા ભાવિકોએ ઉછામણી બોલી પ્રભુઓને પ્રવેશ કરાવ્યો.

૬૮૦) શ્રી આદિનાથ ભગવાનને
શેઠ છગનલાલ વીરચંદ કાપડીઆ

૨૨૦) શ્રી શાંતિનાથ ભગવાનને
શેઠ પોપટલાલ લલ્લુભાઇ કાપડીઆ

૬૦) શ્રી મોટા આદિનાથ ભગવાનને
શેઠ ચુનીલાલ વીરચંદ કાપડીઆ

૧૦૦) શ્રી મોટા શાંતિનાથ ભગવાનને
શેઠ મણીલાલ વીરચંદ કાપડીઆ

૩૨) શ્રી પાર્શ્વનાથ ભગવાનને
શેઠ ભીખાભાઈ લાલચંદ કાપડીઆ

૨૮) શ્રી પાર્શ્વનાથ ભગવાનને
શેઠ ચંદુલાલ નાથાભાઈ ગાંધી

૧૦૦) શ્રી ધર્મનાથ ભગવાનને
શા. છોટાલાલ લક્ષ્મીચંદ દેજવાળા

૨૪) શ્રી ધર્મનાથ પ્રભુ તથા નાના શાન્તિનાથ પ્રભુને
શેઠ મુલચંદ દલીચંદ કાપડીઆ

૨૧) શ્રી શાન્તિનાથ પ્રભુ (નાના) તથા કુંથુનાથ પ્રભુને
શેઠ ગોવનજી દલીચંદ કાપડીઆ

૩૨) શ્રી મહાવીરસ્વામિ (મોટા)
શેઠ ચન્દુલાલ નાથાભાઇ ગાંધી

૮) શ્રી વાસુપૂજ્ય સ્વામિને
શેઠ લલ્લુભાઇ નેમચંદ

૮) શ્રી મહાવીરસ્વામિના બે ભગવાન
શેઠ છોટાલાલ લક્ષ્મીચંદ દેજવાળા

૩૨) શ્રી મુનિ સુવ્રતસ્વામિ
શેઠ મૂલચંદ દલીચંદ કાપડીઆ

૧૨) શ્રી શામળા પાર્શ્વનાથ
શેઠ ચંદુલાલ કસ્તુરચંદ કાપડીઆ

૧૨) શ્રી નેમનાથ પ્રભુ
શેઠ કેશવલાલ લલ્લુભાઈ

૧૩) શ્રી મુનિસુવ્રત સ્વામિ (રત્નના)
શેઠ. રમણલાલ મોતીચંદ

૪૦) શ્રી મહાવીર સ્વામિ. શેઠ કાન્તિલાલ ખીમચંદ

૨૦) શ્રી સુમતિનાથ પ્રભુ
શેઠ વલ્લભદાસ ગુલાબચંદ તલાજાવાળા

૧૨) શ્રી સુવિધિનાથ પ્રભુ
શેઠ ચુનીલાલ દલીચંદ કાપડીઆ

૧૪) શ્રી ચન્દ્રપ્રભ પ્રભુ. શેઠ કનૈયાલાલ નાથાલાલ ગાંધી

૧૩) શ્રી પદ્મપ્રભ પ્રભુ
શેઠ કાન્તિલાલ તેજાજી કાપડીઆ

૧૩) શ્રી પદ્મપ્રભ પ્રભુ
શેઠ અમીચંદ ખુબચંદ કાપડીઆ

૫) શ્રી પદ્મપ્રભ પ્રભુ
શેઠ ચુનીલાલ વીરચંદ કાપડીઆ
૮) પંચતીર્થી શેઠ મેઘરાજ રાયચંદ કાપડીઆ
૬) શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ શેઠ સ્વરૂપચંદ મગનલાલ

---

૬૦) ઘડો સ્થાપવાના—
શેઠશ્રી નાથાલાલ લલ્લુભાઈ કાપડીઆ
૧૬૪) કુંભસ્થાપનાના
શેઠ શ્રી ચંદુલાલ નાથાભાઈ ગાંધી
૪૪) જુના દેરાસરજીના માલીક બનવાના
શેઠ શ્રી લલ્લુભાઈ નેમચંદ
૨૫૦) નવા દેરાસરજીના માલીક બનવાના
શેઠ મનહરલાલ કસ્તુચંદ ચોકસી
૫૩૦૦) જવારા વાવવાનું, અખંડ દીવો, કંકુના છાપા, માણેક દીવો, કુંભઘડા, આખ્યાના થાળો, અષ્ટ મંગલો, અંગલુછણાં, સુપરત કરવાના, પાંચ પોંખણાંના, નવગ્રહ પાટલાના, રથયાત્રાના વરઘોડાના, દશદિગ્પાળના, નંદાવર્ત પૂજન, પખાલ, આરતિ, મંગલદીપક, પ્રભુઓને અને ધ્વજાદંડાદિને અભિષેક, તથા પ્રભુ આદિની પૂજાઓની આવક થઈ છે.

---

## આવશ્યક સુધારો—

શાસન સુધાકરનો તા. ૨૭-૬-૫૩ નો છેલ્લો ૧૮, ૧૯, ૨૦ મો સંયુક્ત અંક મુખ પુષ્ટના છેલ્લા પેરામાં

| અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|
| પંક્તિ ૯-૧૦ માં | |
| તેઓશ્રીએ પૂ. વૃદ્ધિચંદ્ર મ. સહિત— | તેઓશ્રીએ પૂ, મુલચંદજી મ. પૂ. પ્રેમચંદજી મ. અને પૂ. વૃદ્ધિચંદજી મ૦ સહિત. |
| પંક્તિ ૧૨ ધુરંધર પૂ૦ મુલચંદજી મ૦ | ધુરંધર પૂ. આત્મારામજી મ. |

ઉપર મુજબ સહુએ તે અંકમાં સુધારીને વાંચી લેવું.
લિ૦ હંસસાગર

# સમાચાર.

**સુરેન્દ્રનગર**—પૂ. મુનિ શ્રી રૈવતસાગરજી મહારાજ આદિ ઠા. ૨ તથા પૂ. મુનિશ્રી શાંતિવિજયજી મહારાજ વિરમગામથી ઉપરીયાલાની યાત્રા કરી બજાણા, ધાંગધ્રા થઈ સુરેન્દ્રનગર પધાર્યા છે. બજાણા તથા ધાંગધ્રામાં વ્યાખ્યાન નિયમિત ચાલતું હતું તેમ બજાણા તથા કોંઢની પાઠશાળાઓમાં પરિક્ષા પૂ. મુનિ શ્રી શાન્તિવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી જયઘોષસાગરજી મહારાજે લીધી હતી. બંને સ્થાને પેંડાઓની પ્રભાવના કરવામાં આવી હતી.

**છાણી**—પ. પૂ. ગચ્છનાયક **આચાર્યદેવશ્રી માણેકયસાગરસૂરીશ્વરજી**ના વરદ હસ્તે સાધ્વીજી મ. શ્રી સુમલયાશ્રીજીની શિષ્યાઓ, નિરૂપમાશ્રીજી, સુભોદયાશ્રીજી, કલ્પલતાશ્રીજી, અને સુજ્યેષ્ઠાશ્રીજીને જેઠ સુદ ૬ ના દિને વડી દીક્ષા આપવામાં આવી છે આ પ્રસંગને આશ્રી શ્રીફળની પ્રભાવના તથા પંચકલ્યાણની પૂજા રાખવામાં આવી હતી.

**ગોધરા**—પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદસાગરજી મ. શ્રી આદિ ઠાણા ૩) ચાતુર્માસ અર્થે પધારતાં સામૈયુ કરવામાં આવ્યું હતું, તેઓશ્રીની પવિત્ર છાયામાં નવો બંધાયેલ શ્રાવિકાઓનો ઉપાશ્રય ખુલ્લો મેલવામાં આવ્યો છે.

**વલ્લભિપુર**—પૂ. મુનિરાજ હંસસાગરજી મ. આદિ ઠાણાંનો સુદિ ૧૨ ના દીને ચાતુર્માસ અર્થે પ્રવેશ ધામધૂમ પૂર્વક થયો છે. પૂ સાધ્વીજી મ. શ્રી અંજનાશ્રી આદિ ઠાણાં પણ ચાતુર્માસ અત્રે પધારવાનાં છે.

**ભરૂચ**—વેજલપુર પ્રતિષ્ઠા અંગે સૌરાષ્ટ્ર દેશથી પ. પૂ. **આ.શ્રી ચન્દ્રસાગરસૂરિજી** આદિ ઠાણાં પધારતાં શ્રી સંઘે વધતા ઉત્સાહે પ્રવેશ કરાવ્યો હતો. પૂ. આ. શ્રીની પુનીત નિશ્રામાં પ્રતિષ્ઠા અંગેનાં સહુ કાર્યો થયાં હતાં; ચાતુર્માસ માટે સુરેન્દ્રનગરથી તાર અને ડેપ્યુટેશન આવ્યું હતું પરન્તુ વરસાદ આદિના કારણે જઇ શકાય તેમ ન હોવાથી તેઓ પાછા ગયા છે, ભરૂચ શહેરની વિનતિ હતી અને સુરત શહેરથી પણ હરિપુરા આદિ ઉપાશ્રયોની વિનંતિઓ હતી લાભા લાભનો વિચાર કરી સુરત-હરિપુરા ઉપાશ્રયના ચાતુર્માસની જય બોલાવી છે,

## જૈન-સમાચાર.

**વઢવાણ સીટી**—આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજીના શિષ્ય મુનિરાજ શ્રી રૈવતસાગરજી મ૦ આદિ ઠાણાં પૂ. ગુરૂદેવશ્રીની આજ્ઞા પામીને જોરાવરનગરથી ચાતુર્માસ અર્થે પધારતાં શ્રીસંઘે ભાવભીનું સ્વાગત કર્યું હતું, અને પ્રભાવના આદિ કાર્યો થયાં હતાં.

**વીસનગર**—પ. પૂ. ઉ. શ્રી દેવેન્દ્રસાગર ગણીવર આદિ ઠાણાં જેઠ સુદી ૯ બુધવારના દિવસે ચાતુર્માસ માટે પધારતાં શ્રી સંઘે સારી રીતે પ્રવેશ કરાવ્યો હતો, ઉત્સાહ ઠીક હતો. સુદી ૮ ના દીને શા. હરગોવનદાસ લેહરચંદ તરફથી તેમના ઘરના આંગણે વ્યાખ્યાન રાખતાં ઉપાશ્રયથી બેન્ડવાજાં સાથે શહેરના બધા દેરાસરોએ શ્રી સંઘ સહ યાત્રા કરીને ચતુર્વિધ સંઘ સહ શા. હરગોવનદાસ લહેરચંદને ત્યાં એક કલાક સુધી વ્યાખ્યાન આપેલું, ભેગી થયેલી મેદનીને પ્રભાવના આપવામાં આવી હતી. શ્રી સંઘે ભગવતિ સૂત્ર વંચાવવાનો નિર્ણય કર્યો છે.

**પરેલ (મુંબાઇ)**—વયોવૃદ્ધ સાધ્વીજી મ. શ્રી તિલકશ્રીજી મ. અમદાવાદ મુકામે કાળધર્મ પામ્યા હતાં તે નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ પૂર્ણ થયે પૂ. સાધ્વીજી મ. શ્રીરંજનશ્રીજી આદિ ઠાણાં ૪૫) એ વિહાર કરેલો. તેમાંથી શ્રી રંજનશ્રીજી આદિ બીસ ઠાણાંએ પાલીતાણા જવા વિહાર કરેલો હતો. તેઓ વઢવાણ સીટી મુકામે પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજીને વંદન કરીને પાલીતાણા સિદ્ધક્ષેત્રની યાત્રા કરી, ખંભાત, કાવી ગંધાર, ભરૂચ થઈ સુરત આવ્યા હતાં સુરતમાં પણ સા. શ્રી તિલકશ્રીજી મ. ના કાલધર્મ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ થયો હતો. ત્યાંથી વિહાર કરી બુહારી, વ્યારા, નંદરબાર થઇ શિરપુર (પશ્ચિમ ખાનદેશ) પધારતાં સાથેનાં ત્રણ સાધ્વીજી મહારાજોને વર્ષીતપનું પારણું હોવાથી શીરીરપુર-સંઘના આગ્રહથી રોકવું થયું. પારણાએ નિમિત્તે શ્રી સંઘે અઠ્ઠાઇ મહોત્સવ નવકારશી વિગેરે શાસન પ્રભાવનાઓ કરી હતી. ચાતુર્માસ માટે અતિઆગ્રહ થતાં શિરપુરમાં ચાતુર્માસનો નિર્ણય કર્યો હતો. આ અવસરે માળવા દેશમાં વિચરતાં સ્વસમુદાયનાં સાધ્વીજી મ૦ ઠાણાં ૧૧ પણ આવી પહોંચ્યાં હતાં. સાધ્વીજી મ. શ્રી સુરપ્રભાશ્રીની તબીયત નાદુરસ્ત થતાં સાધ્વીજી મ. રંજનશ્રીજી આદિ ઠાણાં ૧૧ ધૂલીઆ-માલેગામ નાશીક આદિ થઈ મુંબાઇ-પરેલ પધાર્યા. ધૂલીઆમાં સા. શ્રી સુરપ્રભાશ્રીજીને ડોકટરને બતાવતાં પેટમાં ગાંઠ છે તેવું જણાવેલ, આથી વદી ૧૧નું ઓપરેશન સહિસલામત કરાવવામાં આવ્યું છે, ઘણા ભાગે માટુંગા ચાતુર્માસ થશે. આઠ ઠાણાં શિરપુરમાં, પાંચ ઠાણાં ધૂલીઆમાં, ત્રણ ઠાણાં બુરહાનપુરમાં, ચાર ઠાણાં જલગામમાં ચાતુર્માસ માટે રોકાણાં આવ્યાં છે. ઓપરેશન કરાવેલ સાધ્વીજીની તબીયત ઠીક છે.

**વડોદરા**—જેઠ સુદિ ૧૦ ના મંગલ મુહૂર્તે પ પૂ. આચાર્યદેવેશ **શ્રીમાન્ માણિક્યસાગરસૂરીશ્વરજી** મ. આદિ ઠાણાં જાનીશેરીના ઉપાશ્રયે ચાતુર્માસ અર્થે છાણીથી પધારતાં કોઠીપોળના ઉપાશ્રયથી સામૈયું ચઢાવવામાં આવતાં શ્રીસંઘ વાગતે જાગતે સન્મુખ ગયો હતો.

**રાજકોટ**—પૂ મુનિ શ્રી ચન્દ્રકાંતસાગરજી મ. ની અધ્યક્ષતામાં પ્રસિદ્ધ વક્તા મુનિ શ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજશ્રીનું તા. ૨૮-૬ ૫૩ના દિને 'માનવતાના સોપાન' ઉપર લોઆજીરાજ ટાઉનહોલમાં જાહેર પ્રવચન રાખવામાં આવ્યું હતું. ત્યાંથી અષાડ સુદ ૯ સુરેન્દ્રનગર ચાતુર્માસ માટે પધારશે.

મુદ્રક—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક—તન્ત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, ૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ-મુંબાઇ

## સુરત શહેરમાં—

श्रीमहावीर जैन आराधना (गांधीनगर)

# ઉજવાયેલો ચાતુર્માસ પ્રવેશ મહોત્સવ.

પ. પૂ. આચાર્યદેવ શ્રીચન્દ્રસાગરસૂરિજીને વર્ષોથી હરિપરા-સંઘ હરિપરાના ઉપાશ્રયે ચાતુર્માસ કરાવવા ઝંખી રહ્યો હતો, કિન્તુ સંયોગો તેવા શ્રીસંઘને મલી શક્યા ન હતા, એટલે તેઓની વિનંતિનો પૂજ્યશ્રીએ સ્વીકાર કર્યો ન હતો. આ વર્ષે ભરૂચ-વેજલપુર પ્રતિષ્ઠાના અંગે પધારતાં હરિપરા-જૈન-સંઘ ભરૂચ વેજલપુર વિનંતિ કરવા બે વાર આવી ગયો, અને તે સાથે બીજા પરાંઓવાળાની પણ વિનંતિઓ થઈ, લાભાલાભનો વિચાર કરી હરિપરા-ઉપાશ્રયની તેઓશ્રીએ વિનંતિનો સ્વીકાર કર્યાના સમાચાર વાયુવેગે શહેરમાં ફેલાતાં જૈન-જનતામાં આનંદ વર્તાયો હતો. જેઠ વદી ૪ ના ભરૂચ વેજલપુરથી વિહાર કરતાં શ્રી સંઘ વળોટાવવા આવ્યો હતે., તેને પોલીસ ચોકીએ પૂજ્યશ્રીએ મંગલાચરણ શ્રવણ કરાવ્યું હતું, અને ભરૂચ શહેરમાંથી શ્રી સંઘ બેન્ડ સહિત સામે આવ્યો હતો; શહેરમાં પધારતાં ગહુંલીઓ આદિથી વધાવ્યા હતા. પૂજ્યશ્રીએ ત્યાં માંગલિક શ્રવણ કરાવી સ્થિરતા કરી હતી. વદી ૫ ની મંગળ પ્રભાતે સુરત તરફ વિહાર કરતાં ભાવિકો વળોટાવવા ગયા હતા. અંકલેશ્વર, પાનોલી, કોસંબા, કીમ, સાયણ થઈ કતારગામ વદી ૧૧ ને મંગળવારે પધારતાં સુરતથી ઘણા ભાવિકો વંદના અર્થે ગયેલા. વદી ૧૨ ને બુધવારના ૧૦—૨૫ મીનીટે પ્રવેશ કરતાં હરિપરાદિ દરેક પરાંઓમાંથી સાથે મળીને સકલ-શ્રીસંઘ વીશ સાંબેલાં આદિ સામગ્રી લઈ વાગતે ગાજતે સન્મુખ ગયો હતો. સામૈયામાં અગ્રભાગે અંબાડી આદિથી શોભતો ગજરાજ હતો, તેમ વિવિધ પ્રકારે શણગારેલ વિક્ટોરીઆનાં- વીશ સાંબેલાં શણગારેલાં, તેમ આસન કરેલા ઘોડાઓ, અને ૨૨ ઉપરાંત બેન્ડવાજાઓ સહ ચિંતામણી પાર્શ્વનાથ દાદાના દર્શન કરી સામૈયું વડાચૌટા આવતાં ગહુંળીઓ આદિથી તેઓનું સ્વાગત થયું હતું, અને વડાચૌટાના સંઘના આગ્રહથી ત્યાં મંગળ દેશના આપી હતી; ત્યાંથી ગોપીપરા સામૈયું ગયેલું, ત્યાં તામ્રપત્ર આગમ મંદિરમાં તેમ ગુરૂમન્દિરમાં દર્શન કરી નવાપરા, છાપરીઆશેરી, ગોળશેરી, રૂવાળાનો ટેકરો વગેરે લત્તાઓમાં ફરી સાડાબાર વાગતાં શ્રી હરિપરાના ઉપાશ્રયે સામૈયું આવેલું હતું. આ બધાયે રસ્તે મોતીના સ્વસ્તિકો, અક્ષતના રૂપા નાણું સાથે સ્વસ્તિકો કરી સેંકડો ગહુંળીઓ થઈ હતી, અને સોના રૂપાના ફુલડે અનેક જયધ્વનિ વચ્ચે વધાવવામાં આવતા. શેઠ શ્રી વીરચંદભાઈ હરજીવન એન્ડ બ્રધર્સના ત્યાંથી તો મોતીનો સાથીઓ ઉપરાંત સુવર્ણનાણું (સોનામહોર) ગહુંળીમાં મૂકવામાં આવી હતી. એ સ્થાને સાકરનાં પાણી ભાવિકોને આપવામાં આવ્યાં હતાં. સામૈયામાં બે હજાર ઉપરાંતની જનતા જોડાઈ હતી; હરિપરાના ઉપાશ્રયે પધારતાં એક કલાક લગભગ સુધી પૂજ્યશ્રીએ મંગલ દેશના આપી હતી તેનો લાભ સહુએ લીધો હતો. સામૈયું અને લોકોત્સાહે તો "સુરત તો સાગરજીનું" આ કહેવતનો સાક્ષાત્કાર સકળ સંઘના ઉત્સાહથી દેખાયો હતો. વિખરાતી મેદનીને લાડુની પ્રભાવના આપવામાં આવી હતી. ૨૨૦૦) ઉપરાંત લાડુ પ્રભાવનામાં વહેંચાયા હતા.

ફક્ત-ગ્રાહકો માટે

# શ્રીસિદ્ધચક્ર.

વર્ષ-૧૯-અંક-૧૧ મો. તન્ત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી. શ્રાવણ-માસ

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

## સ્વાધ્યાયનું સુધાસ્વાદન.

આલેખનકારઃ--૫૦ પૂ૦ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિવર્ય.

સ્વાધ્યાય એ શાસનમાન્ય સુધાનું આસ્વાદન છે. આજે સ્વાધ્યાયથી થતા લાભના અજાણ સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓ સ્વાધ્યાયથી બેદરકાર રહે છે, આથી તેઓને હિતશિક્ષા રૂપે આ લેખ આલેખાય છે. અંગ-ઉપાંગાદિ શ્રુત-સમુદ્રમાં પ્રવેશ કરવાના નાવ સમાન શાસનમાન્ય પૂર્વપુરૂષ-વિરચિત ગ્રંથો--પ્રકરણો-રાસો-સ્તવનાદિ (૩૫૦-૧૫૦-૧૨૫-દ્રવ્યગુણપર્યાયના રાસાદિ) વિગેરે સૂત્ર-સ્તવનાદિસ્થિત શબ્દો વિગેરેનું પુનઃ પુનઃ સ્વાધ્યાય કરનારો જીવ નવનવીન સમ્યક્જ્ઞાનની જરૂર વૃદ્ધિ કરે છે, અજ્ઞાનની આંધીને શમાવે છે, આત્મહિતકર પદાર્થોને પિછાણે છે, આત્મઘાતકર પ્રસંગોનો ત્યાગ કરે છે, આશ્રવદ્વારોનું રોધન કરે છે, સંવરભાવને અતિ પુષ્ટ કરે છે, તેમ નવનવીન-સંવેગરંગને વિશિષ્ટ વિશુદ્ધ બનાવે છે, તથા કર્મની નિર્જરાપૂર્વકનું ઉત્કૃષ્ટ કોટિનું તપ થાય છે; અને મોક્ષમાર્ગના ધ્યેયને અનુસરવાની સંગીન સુદઢતા પ્રાપ્ત થાય છે.

આજ વાતને એટલે સ્વાધ્યાય કરવાથી થતા ગુણ-ગણની બીનાને અતીવ પુષ્ટિ આપતાં પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-સૂરિપુરંદર-શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી પણ પોતાના બનાવેલા શ્રીપંચ-વસ્તુ નામના ગ્રંથમાં દ્વિતીય વસ્તુ વિભાગના શ્લો૦ ૫૫૫ થી જણાવે છે.

[ વધુ માટે જુવો ટાઈટલ પેજ ૨ જો. ]

વિ. સં ૨૪૭૯.
વિ સં ૨૦૦૯.
ઈ. સ. ૧૯૫૩.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ.
C/o ચીમનલાલ સવાઈચંદ સંઘવી,
ઠે. ગોળશેરી, ગલેમંડી-સુરત W. Rly.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના—
રૂ. ૦—૪—૬

( ટાઇટલ ૧ લા પેજથી ચાલુ )

જૈન શાસન પામીને જે આત્મા સ્વાધ્યાયથી વંચિત રહે છે, તે આત્મા ખરેખર આત્મહિતકર-વાત જાણતો નથી, તેથી તે મહામૂર્ખ છે, અને મૂર્ખાઇપણામાં નિબિડ કર્મબંધનોથી બંધાય છે; તથા કર્મબંધનથી અનેક ભવની પરંપરાઓમાં તે જન્મ-મરણાદિ દુઃખો અનુભવે છે. અત્ર યાદ રાખવું જરૂરીનું છે કે સ્વાધ્યાયના સુદૃઢ સંસ્કારની સાથે સ્વાધ્યાય કરનારો જીવ પાપ સ્થાનકોની નિવૃત્તિ કરે છે, અને પરમાર્થકાર્યોની સેવનામાં ઉદ્યમશીલ બને છે.

સ્વાધ્યાયનો સંસ્કારી જીવ મનઃપ્રસન્નતાને વારંવાર અનુભવે છે, અને પોતાની સમાધિ સાથે એકાગ્રતાનું આસ્વાદન કરે છે. "અજ્ઞાની જીવો ક્રોડાક્રોડ વર્ષે પણ નિરંતર દુઃખ વેઠીને જે કર્મો ખપાવે છે તેજ કર્મોને સ્વાધ્યાય કરનારો આત્મા શ્વાસોશ્વાસમાં જરૂર ખપાવે છે."

"**आवृत्तिः सर्वशास्त्राणां पाठादपि गरीयसी**" આ ઉક્તિનું સામર્થ્ય સમજીને શાસનમાન્ય-સ્વાધ્યાયનું સુધાસ્વાદન કરવુંજ જોઈએ ! કારણ કે આ વાતને પૂ. ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ પણ સવાસો ગાથાના સ્તવનની ચોથી ઢાળમાં સ્પષ્ટ કરતાં જણાવે છે કે— "સૂત્ર અક્ષર પરાવર્તના સરસ શેલડી દાખી, તાસ રસ અનુભવ ચાખીએ જિહાં એક છે સાખી. શુદ્ધનય૦" આથી જ પુણ્યશાલિઓએ પ્રાપ્ત કરેલા શ્રુતજ્ઞાનને આવૃત્તિ કરવા રૂપે સ્વાધ્યાય કરીને સુધાસ્વાદન લેતાં શીખવું જોઇએ, અને પૂર્વે કરેલા પ્રાચીન-અભ્યાસને તાજો રાખવો માટે પણ સ્વાધ્યાયની કરણી એ એક અવિહડ રાજમાર્ગ છે.

# સ્વર્ગવાસ થયાના સમાચાર.

પૂ૦ મુનિરાજ **શ્રી ચારિત્રસાગરજી મહારાજ** શ્રી એલસબ્રીજ-વાડીલાલ સારાભાઈની હોસ્પીટલમાં સમાધિપૂર્વક કાલધર્મ પામ્યાનો તાર સુરત **પૂ. આ. દેવશ્રી ચન્દ્રસાગરસૂરિજી મહારાજ** ઉપર આવતાં બીજે દિવસે સવારના સાડા છ વાગતાં ચતુર્વિધ સંઘ સહિત દેવવંદન કરવામાં આવ્યુ હતું, સ્વર્ગસ્થ મુનિશ્રીની કપડવણજ જન્મભૂમિ હતી સં. ૧૯૮૭ની સાલમાં પોતાના ભાઈ તથા ભત્રિજા સહ અમદાવાદ મુકામે સ્વ૦ **પૂ. આ. આગમોદ્ધારકશ્રીના** પુનીત હસ્તે સંયમ ગ્રહણ કરેલું હતું, અને વૃદ્ધાવસ્થા હોવા છતાં શ્રીવર્દ્ધમાન-તપની આરાધના સારા પ્રમાણમાં કરી હતી.

શ્રાદ્ધરત્ન શેઠશ્રી **ઠાકોરભાઇ નગીનદાસ જરીવાળા** અસાડ સુદિ ૫ ના દીને હાર્ટફેલ થયા છે. સ્વર્ગસ્થ ધર્મીષ્ઠ શ્રાદ્ધભૂષણ શેઠશ્રી ચંદુભાઇ નગીનદાસ કપુરચંદ જરીવાલાના લઘુબન્ધુ હતા, માતાપિતાના અને વડીલ ભ્રાતાના સુસંસ્કારથી જીવનમાં, ધર્મ કાર્યોમાં; અને વહેવારના કાર્યોમાં આગળ પડતો લાભ લેતા હતા. ચાલુ વર્ષમાં તેઓશ્રીના વડીલ ભ્રાતા અને શ્રીસંઘના અતીવ આગ્રહને માન્ય રાખી પૂજ્ય **આ. શ્રી ચન્દ્રસાગર-સૂરિજીને** ચાતુર્માસ લાવ્યા હતા, શ્રીસંઘનો વિચાર શ્રી ભગવતિસૂત્ર શ્રવણ કરવાનો થતાં શ્રી ભગવતિસૂત્ર તથા શ્રી રામાયણને પોતાને ત્યાં સુદિ ૪ ના પધરાવી શ્રીસંઘ સહિત વાજતે ગાજતે વધતા ઉત્સાહે સુદિ ૫ ની સવારમાં લાવવામાં આવ્યા બાદ ઉછામણી બોલી મોટાભાઇએ શ્રી ભગવતીજી અને રામાયણ પોતે વહોરાવ્યું હતું. ત્યારબાદ પૂજન કરી પૂજા ભણાવી પૂજ્ય ગુરૂદેવશ્રીના શ્રીમુખે ભગવતિસૂત્ર આદિની દેશના શ્રવણ કરી ભેગી થયેલી વિશાલ મેદનીને પ્રભાવના પણ તેઓશ્રીએ આપી હતી. ત્યારબાદ તૂરતજ પોતાને ઘેરે જઇ પાછા ફરતાં હાર્ટફેલ થયા હતા, સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં શહેરના જાણીતા જૈનો વિગેરે જોડાયા હતા. સૂરતના શ્રીસંઘે શાસન સેવક અને તેઓશ્રીની સમાજે એક પરોપકાર-પરાયણ-નરરત્ન ગુમાવ્યો છે. ખરેખર તેઓશ્રીના આત્માને શાંતિ મળો એજ એક શુભેચ્છા. આ અંગે સુરત શહેરમાં નગરશેઠ બાબુભાઇના પ્રમુખ-પણા નીચે, તેમ ભરૂચ શહેરમાં શોકસભાઓ થઇ હતી.

**તન્ત્રી.**

# ર૪૦ આગમોદ્ધારકની અમોઘ-દેશનાનો સારાંશ—૩.

**નોંધ:**—વિ, સં. ૧૯૯૫ના વૈશાખ માસમાં અમદાવાદ મુકામે શ્રેષ્ઠિ મોહનલાલ છોટાલાલના ઉજમણા પ્રસંગે પૂ. શ્રી હરિભદ્રસૂરિ વિરચિત જ્ઞાનાષ્ટકના છઠ્ઠા શ્લોક પર આગમોદ્ધારક-આચાર્યદેવેશે અમોઘ-દેશના આપી હતી, અને તે દેશનાનો સારાંશ અવતરણ પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે પૂ. આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિજી પાસે તૈયાર કરાવીને અત્ર અપાય છે. લિ૦ તન્ત્રી.

## સારાંશનાં સારભૂત-અવતરણો.

૧. જ્ઞાનના ફલનું વાસ્તવિક આસ્વાદન ક્રિયામાં છે.

૨. બોલનારના શબ્દો સાંભળીને પરિણતિનો નિર્ણય થતો નથી.

૩. આશ્રવની ગાથા બોલવા માત્રથી બોલનારને જવાબદારી સમજાતી નથી.

૪. શાસ્ત્રકારનું બોલેલું બોલવું એ અનુવાદ છે, અનુવાદ કરવામાં અનેક જીંદગીઓ પસાર કરી છે; માટે જવાબદારી અને જોખમદારી સમજતાં શીખો!

૫. અનુવાદની આંધીમાં અટવાયેલાઓને શાસનમાન્ય-ગ્રંથીભેદ થવો એ અતીવ મુશ્કેલ છે.

૬. સમ્યકૂત્વની પ્રાપ્તિ વગર 'તહત્તિ' શબ્દ હૃદયની ઉંડાણમાંથી નીકળતો નથી.

૭. સંસારના પદાર્થોની લાલચવાળા, દેવલોકની ઈચ્છાવાળા, વિરૂદ્ધ ઇચ્છાવાળા અને બળાત્કારની અવસ્થામાં મુકાયેલા આત્માઓએ અનંતી વખત યથાપ્રવૃત્તિકરણ કર્યા.

૮. યથાપ્રવૃત્તિકરણ કર્યા વગર શ્રુતસામાયકનો એક અક્ષર પ્રાપ્ત થતો નથી.

૯. અનંતકાયમાં રહેલા જીવો એટલે એક કાયામાં રહેલા અનંત ભાગીદારો.

૧૦. આહાર લેવામાં, શરીર ઇંદ્રિઓ બાંધવામાં અને શ્વાસોશ્વાસ લેવામાં એક સરખો હિસ્સો ભોગવનારા અનંતકાયમાં રહેલા એક શરીરમાંના અનંતા જીવો ભાગીદારો છે.

૧૧. અપ્રમત્ત સાધુઓ ઘણાં કર્મોને નિર્જરે છે, અને ઓછાં કર્મોને બાંધે છે, અને સમ્યકૂત્વીઓ માટે પણ ઘણું કર્મ નિર્જરવું તથા ઓછું કર્મ બાંધવું એ નિયમ હોય છે.

૧૨. 'ઘણાં કર્મો તોડે અને ઓછાં કર્મ બાંધે' આ નિયમને અનુસરનારા-જીવો ઉંચે આવતા જાય છે.

૧૩. સકામ-નિર્જરાની અને અકામ-નિર્જરાની મર્યાદાને સમજતાં શીખો!

૧૪. જીવના સ્વરૂપને, જીવના ગુણોને, અને જીવના ગુણોને આવરણ-કરનાર કર્મોને જાણ્યા વગર સકામ-નિર્જરા લગભગ સેંકડો કોષ દૂર છે!

૧૫. પ્રમાદ વગર કલ્યાણની પરંપરાઓ પ્રાપ્ત થાય તેવું આ દુર્લભ-મનુષ્ય-ભવમાં જરૂર સાધી લો!

---

स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादिनिश्चयम्।
तत्त्वसंवेदनं सम्यक्, यथाशक्ति फलप्रदम् ॥६॥

## અનુવાદની આંધી.

શાસ્ત્રકાર મહારાજા શ્રીહરિભદ્રસૂરીશ્વરજી શ્રી જ્ઞાનાષ્ટક નામના પ્રકરણના છઠ્ઠા શ્લોકનું વિવેચન કરતાં પૂર્વે જણાવી ગયા કે જ્ઞાનના ફલનું વાસ્તવિક આસ્વાદન ક્રિયામાં છે. બોલવા માત્રથી બોલેલા શબ્દોનું રહસ્ય પરિણતિમાં પરિણમ્યું નથી. જેવી રીતે વકીલ-બેરીસ્ટરો અસીલનો કેસ લે અને તે કેસનું મુખત્યારનામું લે, અને અસીલ તરફથી બોલે તે કેસ પુરતું છે, પણ બધા વકીલ–બેરીસ્ટર સમજે છે કે આ કેસનું જે પરિણામ આવશે તેનો સઘળો લાભ–નુકશાન અસીલને માથે છે.

તેવી રીતે આત્માઓ પણ નવતત્ત્વની ગાથાઓ બોલતાં બોલે કે—"इन्द्रिय-कषाय अव्रत" આ શબ્દો બોલવા માત્રથી મારો આત્મા ઇન્દ્રિયોના વિષય વિકારથી, કષાયોની કલુષિતતાથી, અને અવ્રતની આંધીથી કર્મ બંધનમાં બંધાય છે, તેવું બોલનારો સમજતોજ નથી. એટલુંજ નહિં પણ આ બોલનારો ગાથાના રહસ્યને માનતો નથી, અને તે પ્રમાણે વર્તતો પણ નથી. દેશોનક્રોડપૂર્વ સુધી શાસ્ત્રકારનું બોલેલું બોલવું એટલે અનુવાદ કરવામાં જાય છે, પણ પોતે પોતાની જોખમદારી સમજતોજ નથી. ઇન્દ્રિય–કષાય–અવ્રતો એ આશ્રવનું કારણ છે, એ રહસ્ય પ્રાયઃ પરિણમ્યું નથી. અનંતી વખત શાસ્ત્રકારોના કથનનું નિરૂપણ અનુવાદરૂપે કર્યું, પણ હજુ સુધી દરેક આત્મા પોતાની જોખમદારી અને જવાબદારી સમજયોજ નથી. શાસ્ત્રો ભણ્યા–ગણ્યા અને ગોખીને કંઠસ્થ રાખ્યા અગર વિવેકપૂર્વક ગુરૂગમ સાંભળ્યા અને શ્રવણ કર્યા છતાં અનુવાદની આંધીમાં અટવાયા કરે તેવાઓને ગ્રંથીભેદ થવો અતીવ મુશ્કેલ છે.

## અનંતની ભાગીદારીમાંથી છુટેલો.

યાદ રાખો કે અવ્યવહાર–રાશિમાંથી વ્યવહારરાશિમાં આવેલાઓને અપૂર્વકરણથી આગળ વધવુંજ પડે છે, અને વધીને આવેલા ગ્રંથી ભેદ કરે તેજ માણસો જીનેશ્વર કથિત પદાર્થોના પરમાર્થને તહત્તિ કહીને સ્વીકારી શકે છે. અને આ બધું સમ્યક્ત્વ પ્રાપ્તિની આદિમાં હોય છે, સમ્યક્ત્વની પ્રાપ્તિ વગર ઉંડાણમાંથી તહત્તિ શબ્દ નીકળતો નથી. અઢીદ્વીપના બધા જીવો સમ્યક્ત્વ પામે તો વાંધો શો ?, વાંધો નથી, પણ સકળ વિશ્વમાંથી અસંખ્યાતા જીવોજ આ સમ્યક્ત્વ પામનારા હોય છે. સંસારના પદાર્થોની લાલચવાળો, દેવલોકની ઇચ્છાવાળો, વિરૂદ્ધ ઇચ્છાવાળો, બળાત્કારની અવસ્થામાં મુકાઈ ગયેલો કરેમિભંતેનો "ક" અગર નમો અરિહંતાણંનો "ન" શ્રવણ કરે ત્યારે તે અવસરે યથાપ્રવૃત્તિ કરણ થયેલ હોવું જોઈએ; અને ૬૯ ક્રોડાક્રોડની સ્થિતિનાં કર્મ ખપે નહિં ત્યાંસુધી યથાપ્રવૃત્તિ નામનું પ્રથમકરણ પ્રવર્તતુંજ નથી. ૬૯ ની સ્થિતિ ખપાવવાનો ઉદ્યમ એટલે આવા પ્રકારનો ક્ષયોપશમ કેટલી વખત થયો હશે ?, સમાધાનમાં સમજવું જોઈએ કે અસંખ્યાત વખત જીવને આવો ક્ષયોપશમ થાય છે. સમ્યક્ત્વ પ્રાપ્તિની દુર્લભતા શાસ્ત્રકારે કથન કરી છે તે શાંતિથી વિચારો !!

અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી સૂક્ષ્મકાયમાં આ જીવ હતો એટલે અનંત કાયમાં હતો, અને અકાયાના અનંત ભાગીદાર–ધન–ધાન્ય-ઘર–હાટ–હવેલી–સ્થાન– જંગમમીલ્કતમાં ભાગીદારો હોય, પણ અહિં તો (અનંતકાયમાં) આહાર લેવામાં, આહાર પચાવવામાં, શરીર–ઇંદ્રિયો વિગેરેના બાંધકામમાં અને શ્વાસોશ્વાસમાં

અનંત ભાગીદારો મળીને આ બધું ઉપરનું કાર્ય ચલાવે છે. કાયાનું પ્રમાણ ઓછું તો આહાર પણ ઓછો, છતાં ભાગીદારો અનંત છે. હવે આવી અનંત ભાગીદારીમાંથી એક ભાગીદાર છુટીને આહાર લેવામાં, શરીર બાંધવામાં, ઇંદ્રિયોને પોષવામાં અને શ્વાસોશ્વાસ લેવામાં સ્વતંત્ર બની જાય તો કેટલો ભાગ્યશાળી? જેવી રીતે હજારો મુસાફરો લેઈને જતી રેલ્વેગાડી અગર સ્ટીમર અકસ્માતમાં ફસાઇને નાશ પામે અને હજારો મુસાફરોમાંથી એક બચે, તથા તે સિવાયના બધા મરી જાય તો બચનારા એકને પોતે બચ્યો તેનો આનંદ કેટલો ? તેવી રીતે અનંતકાયના અનંત ભાગીદારીમાંથી ભવિતવ્યતાને જોરે તું એક બચ્યો, એટલે અનંતાને જે પરિણામ ન થાય તે તને એકને થાય. આ પ્રસંગમાં કોઈ ભવિતવ્યતાના ભાવે ઘણાં કર્મ તોડતો જાય, અને થોડું કર્મ બાંધતો જાય તેજ અનંત ભાગીદારીમાંથી છુટી શકે છે. ઘણું તોડે અને થોડું બાંધે એવો શાસ્ત્રીય નિયમ એકેઇન્દ્રિયો માટે છે, અને તેથી તે બાદરમાં આવી શકે છે; અન્યથા નહિં.

## સકામ-અકામની વ્યવસ્થા.

અપ્રમત સાધુઓ પણ ઘણાં કર્મોને નિર્જરે છે, અને ઓછાં કર્મોને બાંધે છે. સમ્યક્ત્વી આત્માઓ પણ કર્મોને નિર્જરે અને ઓછાં કર્મોને બાંધે છે, આ પ્રસંગ પણ મિથ્યાત્વી ઘણાં બાંધે અને ઓછું નિર્જરે તેના હિસાબે આ વાત કહેલી છે. કોઈ કહેશે કે આ તમે કયાંથી કાઢયું ? તો વ્યવહારથી પણ એમજ બોલાય છે કે " આ આંબાવાડીયું છે " ભલે પછી આ આંબાવાડીયામાં એકાદ લીમડો હોય તો પણ આંબાવાડીઆથી તેને બોલાવાય છે. "ઘણું તોડે અને ઓછું બાંધે છે" આ નિયમ માનવામાં નહિં આવે તો સૂક્ષ્મનિગોદમાંથી ઉંચે આવ્યો કઈ રીતે ? અને અનાદિનો મિથ્યાત્વી-સમ્યક્ત્વી થયો કઇ રીતે ? કહેવુંજ પડશે કે આગળ વધવામાં ઘણાં બાંધેલાં કર્મો તોડે અને સરવાળે ઓછાં કર્મ બાંધે તેજ જીવ આગળ વધવાવાળો થાય છે, અને મિથ્યાત્વના મર્દન સાથે સમ્યક્ત્વ પામી શકે છે.

શંકા કરનાર પુછે છે કે-અનાદિકાલના મિથ્યાત્વીમાં અગર સામાન્ય મિથ્યાત્વીઓમાં સકામ નિર્જરા સંભવે છે કે નહિં ?, અને બાલતપસ્વી, પંચાગ્નિ તપવાળા તપસ્વીઓમાં પણ સકામ નિર્જરા સંભવે કે નહિં ?; આ વાતમાં શ્રીમાન્ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી તો સાફ સાફ જણાવે છે કે સકામ નિર્જરા સંભવતીજ નથી. પરંતુ કેટલાકો ( કેઇક આચાર્યો ) માને છે કે શૂલપાણી યક્ષ થનારે ગયા જન્મમાં બળદના ભવમાં વિરૂદ્ધ ઈચ્છાથી (ઘાસ ખાવાની અને પાણી પીવાની ઈચ્છા હોવા છતાં ભુખ તરસ વેઠવી પડી એટલે વિરૂદ્ધ ઈચ્છાથી) ભુખ-તરસ વેઠીને કર્મ તોડયાં, અને વધુ વધુ કર્મ તોડયાં અને ઓછાં ઓછાં બાંધ્યા ત્યારે દેવને યોગ્ય આયુષ્ય બાંધીને શૂલપાણિયક્ષ થયો, માટે આ પ્રસંગમાં અકામ નિર્જરા કહી શકાય. પરંતુ બાળ તપસ્વીઓ વિગેરે મિથ્યાત્વીઓ તો સમજીને સહન કરે છે, એટલે બળાત્કારથી કે વિરૂદ્ધ ઇચ્છાથી સહન કરતા નથી, માટે તે બધાને અકામ નિર્જરા નહિં માનતા સકામ-નિર્જરા અગર સકામ નિર્જરાની સમીપની કક્ષા તેઓ સ્વીકારે છે. જીવ-અસંખ્યાત પ્રદેશવાળો આત્મા જેણે જાણ્યો નથી, અને આત્માના અનંત જ્ઞાનાદિ ગુણોને તથા આવરણ કરનાર જ્ઞાનાવરણીયાદિ કર્મોને જાણ્યા નથી તેવા જીવોને

સકામ નિર્જરા સંભવતી નથી એમ શ્રી ધર્મ-પરીક્ષા નામના ગ્રંથમાં જણાવેલું છે.

## મનુષ્યભવની દુર્લભતા.

અકામનિર્જરાવાળો દેવલોકમાં આટલે ઉંચે જાય, વધુ નહિ; અને બાલ તપસ્વીઓ-તાપસો વિગેરે કાળધર્મ પામીને અકામ નિર્જરાથી આટલે ઉંચે જાય. વ્યસનમાં-કષ્ટમાં સહન કરતાં જે નિર્જરા થાય તે બધી નિર્જરા અકામના ઘરની છે. જેમને યથાપ્રવૃત્તિકરણ વખતે થતી નિર્જરા અકામ હોય કે સકામ?, સમાધાનમાં સમજવું કે તે વખતે અકામ નિર્જરા હોય છે. કારણ કે સમ્યક્ત્વ પામવા પહેલા પણ અંતર્મુહૂર્ત-કાલમાં મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે, અને તે અવસરે અનાભોગ=ઉપયોગ વગરની હાલત હોય છે; આથી ત્યાં પણ અકામ નિર્જરા મનાય છે. બાદર એકેન્દ્રિયાદિમાંથી જે જીવો સૂક્ષ્મનિગોદાદિમાં અનંતી વખત ગયા છે, "અનંતકાયા અનંતાઓ" અનંતકાયના જીવો અનંતકાયમાં અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણીના કાળ પર્યંત રહે છે, તે સિવાયના એકેન્દ્રિયો માટે અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીકાળ જણાવ્યો છે.

પૂ. આ. શ્રી મલયગિરિ મહારાજ જણાવે છે કે પુણ્યોદય વધે ત્યારે આત્મા સૂક્ષ્મમાંથી બાદરમાં આવે છે, અને પૃથ્વીકાયાદિમાં રહેલ જીવોને જ્યારે અલગ શરીરાદિ પ્રાપ્ત થાય છે ત્યારે તે જીવો અવ્યવહારમાંથી વ્યવહાર રાશિમાં આવે છે એમ મનાય છે. જ્યાં જવાની ઇચ્છા નથી, જ્યાં (જે ગતિમાં) જવા માટે પરિશ્રમ કર્યો નથી, જ્યાં જવા માટેના સાધન-સામગ્રી સંયોગ મેળવ્યા નથી; અને વગર ઇચ્છાએ જાનવરપણાની જાતિમાંથી એકદમ જે જીવ મનુષ્યપણાની જાતિમાં આવ્યો તે પણ આંધળાના હાથમાં પત્થરો આવવો મુશ્કેલ છતાં સાચો હીરો આવી ગયો, એટલે સાચા હીરારૂપ મનુષ્યભવ આવી ગયો તો શાસ્ત્રકારના કથન મુજબ તેનું જતન કરો! જતન નહિં કરો તો વલે શી? આથીજ શાસ્ત્રકારો મનુષ્યપણું દુર્લભ જણાવે છે, આત્મહિત કરી શકે તેવાં સાધન-સામગ્રી-સંયોગો વાળો મનુષ્ય-ભવ પુનઃ પુનઃ મલવો ઘણો મુશ્કેલ છે; છતાં મળી ગયો છે તો શાસ્ત્રકારના વચનને તહત્તિ કરીને પ્રમાદ વગર કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય તેવું જરૂર સાધો!!

## અર્થાપત્તિથી સાચો નિર્ણય.

ભગવાન્ મહાવીર મહારાજા પોતાના શિષ્ય ગૌતમને જણાવે છે કે હે ગૌતમ સમય માત્ર પ્રમાદ કરીશ નહિં!!

સૂક્ષ્મનિગોદમાં કેટલું રખડ્યા? બાદરમાં આવ્યો છતાં પુનઃ પુનઃ સૂક્ષ્મમાં જઈને અનંતી-અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીનો કાળ ગુમાવ્યો. એમ બાદર એકેન્દ્રિય-બે ઇન્દ્રિય આદિ તિર્યંચ દેવલોકની સ્થિતિમાં આ જીવે પૌદ્ગલિક ભાવોની ઝંઝટમાં રખડપટ્ટીજ કરી છે. આત્મહિત સાધી શકાય એવી આ સાધન-સામગ્રી-સંયોગવાળી મનુષ્યગતિ આપણને મળી છે, તો ક્ષણભરના પ્રમાદ વગર આત્મહિત સાધીજ લ્યો! નહિં તો સંસારની રખડપટ્ટીના ચક્કરે

ચઢીને પુનઃ જીવન બરબાદ કરશો ! એટલે બધી ગતિઓની રખડપટ્ટી બતાવીને પ્રમાદ છોડવવાનું ધ્યેય ભગવાન્ શ્રી મહાવીરનું છે. સકળ કર્મ તોડવાની ભાવના થવી, અને ભાવનાને અનુકૂળનાં સાધનો પામવાં તે અતીવ મુશ્કેલ છે; જિનેશ્વર-કથિત વચનો પ્રત્યે આદર-બહુમાન પૂર્વકનો વિશ્વાસ-પ્રતીતિ-રૂચિ પૂર્વકની તહત્તિ થવી તે પણ મુશ્કેલ છે; શંકાકાર કહે છે કે—"બહવે પરિભસ્સઇ" એટલે ઘણા જીવો અનુકૂળ સાધન-સામગ્રી-સંયોગોનો લાભ શાસન-માન્ય રીતિએ નહિં લેતાં પોતાના સ્થાનથી (ગતિ-જાતિ-આયુષ્યાદિ સામગ્રીઓથી) પરિભ્રષ્ટ થાય છે, તો પછી પામવાની વાત શી? આ શંકાના સમાધાનમાં તમારા મતે ઘણા પરિભ્રષ્ટ થાય છે એ ઉપરના સૂત્રથી નક્કી થાય છે. તો ઘણા પામે છે, પામેલ ચીજને ટકાવે છે, વધારે છે અને પરંપરાએ અંતિમ સાધ્યને સાધે છે. એમ પણ નજરે દેખાય છે. જેમ વ્યવહારમાં એકલાજ પોતાના છોકરાં છૈયાં સાથે ચાલી જાય છે, તે અવસરે એકે કીધું કે આ બાઈના ચાર છોકરા મરી ગયા છે. આ ઉપરથી તે બાઈને છોકરા ઘણા હોવા જોઈએ, અને સાથે ચાલી રહ્યા છે એટલે મરી ગયા છે એ વાત સાચી છે, અને ઘણા છોકરા છે એ વાત પણ સાચી છે; તેવી રીતે આમાં પણ જાણવું. હવે પામવા સંબંધની બીના અગ્રે વર્તમાન.

---

## અનાર્યદેશના સંસ્કારોમાં આગળ વધતું હિંદ, કમકમાટી ઉઠે એવી બીના.—

હિંદુસ્થાનના ત્રણ સંસ્કારો આર્ય સંસ્કૃતિના દ્યોતક છે, ૧. પોતાના ભોગે બીજા જીવને બચાવવો, ૨. થોડામાંથી થોડું આપવું, ૩. લજ્જા અર્થાત્-દયા, દાન અને દમન, આ ત્રણ સંસ્કારો છે. તે દિન પ્રતિદિન ઓછા થતા જાય છે અને નિર્દયતા આદિ, વધતી જાય છે.

હિન્દના વેપારી ખાતા તરફથી ગત વર્ષના આંકડાઓ બહાર પડ્યા છે. તેમાં દરીઆપાર ખાતાના આંકડાઓમાં છેલ્લા વર્ષમાં હિંદમાંથી રૂા. ૩૪૫૮૦૭ ની કીંમતના ચાર ટન ચામડા. ખાસ વિમાન મારફતે રવાના કરવામાં આવ્યા છે. ચામડાઓની નીકાશ હિંદમાંથી ઘણા વખતથી કરવામાં આવે છે. પરન્તુ આજે વિમાન મારફતના ચામડામાં અને તેમાં ફરક છે. વિમાન મારફતે જતા આ ચામડાની રતલની કિંમત-૭૬ રૂપીઆ જેટલી છે. આ ચામડું કેવી રીતે ઉત્પન્ન થાય છે તે વિષય અતિ કમકમાટી ભર્યો છે. નિર્દયતાની છેલી કોટી રૂપ છે. સગર્ભા બકરીઓ આદિ વગેરે જીવતા પ્રાણીઓના ગર્ભોને તે પ્રાણીઓની કતલ કરી કાઢવામાં આવે છે, અને તે બચ્ચાની ચામડી ઉતારી ને રવાના કરવામાં આવતું આ ચામડુ છે. અહિંસા પ્રધાન દેશ ત્હારી આ દશા!! એક લોભ વૃત્તિનાજ કારણે!! અહિંસા પ્રેમીઓ અને હિંદના શુભેચ્છકો જલ્દી જાગો, અને ભેદ મૂકીને આવી રહેલી અનાર્ય સંસ્કૃતીને જરૂર અટકાવો.

(જૈન. ગતાંક—પૃ. ૩૪૭ ના માંથી સારાંશ)

# શ્રી આનન્દ-સમાધાન સિન્ધુઃ

**નોંધ:**—આ કોલમમાં આગમોદ્ધારક-પૂજ્ય **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીએ** વ્યાખ્યાનાદિ પ્રસંગમાં ઉઠાવેલી શંકાઓના અગર પૂર્વપક્ષો કરીને જે સમાધાનો આપેલાં છે, તેનો સંચય અત્ર અપાય છે. સંચય કરનાર—પૂ. શ્રી આ૦ ચન્દ્રસાગરસૂરિજી છે. લી૦ **તન્ત્રી.**

૨૧. શંકા—તીર્થંકર રાગી ખરા કે નહિં ?

સમાધાન—દેખાવમાં રાગી છતાં વિરાગી છે, કારણ કે દેવલોકની ઋદ્ધિ ભોગવતાં અને રાજા-મહારાજાની ઋદ્ધિઓ ભોગવતાં છતાં પણ તેઓ (તીર્થંકરો) વિરાગી છે. જુઓ વીતરાગસ્તોત્ર પ્રકાશ-બારમો શ્લોક ૪ **यदामरूत्नरेन्द्र०** ઈત્યાદિ પદોથી કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ વિરાગીપણાને સિદ્ધ કરે છે. જ્યાં જ્યાં દુનિયાના પદાર્થોમાં રાગ પ્રવર્તે છે તેમાંજ તેમને વૈરાગ્ય હોય છે.

૨૨. શંકા—ચારિત્રના ઉત્કૃષ્ટ પરિણામવાળા, પ્રાસુક આહારના ભોગી, બ્રહ્મચારી અને પોતાના માટે સમરંભ-સમારંભ-આરંભનાર કરાવનારા ભગવંતના બે વર્ષ સાધુપર્યાયમાં કેમ ગણ્યા નહિં ?

સમાધાન—ઘરથી નીકળીને પ્રતિજ્ઞાની જાહેરાત કરી ત્યારથી સાધુપણું ગણાયું છે, કારણ કે સાધુપણાના સ્વીકાર સાથે મનઃપર્યવજ્ઞાન થાય છે, તે થયું નથી; એટલું કુદરતે પણ સાધુપણું ન માન્યું. શાસન માન્ય વ્યવહારથી ગૃહસ્થપણાની સાથે સાધુપણું સંભવી શકતું નથી, તેથીજ **अगाराओ०** એ પદોથી ગૃહસ્થપણાને છોડયા પછીજ સાધુપણું માનેલું છે. આથી ઘરમાં રહીને ધર્મ કરવાનું જણાવનારાઓ માટે આ પ્રસંગ અતીવ વિચારણીય છે.

૨૩. શંકા—પાંચ ઇન્દ્રિયોમાં રસના જીતવી મુશ્કેલ છે, છતાં આપ શ્રોત્રઇન્દ્રિયને પણ પણ જીતવી સહેલી નથી એમ કેમ કહો છો ?

સમાધાન—શરીર પરના મમત્વને વિસર્જન કરવા અને શરીરને પુષ્ટ રાખનારા આહાર પાણી વિગેરે વાસનાનો વિજય મેળવવામાં રસનાને જીતવી અતીવ મુશ્કેલ છે એમ શાસ્ત્રકારો જણાવે છે, પણ રસનાને વશ કરવા છતાં માસખમણની તપસ્યામાં આગલ વધેલાઓને શ્રોત્ર ઈન્દ્રિયના વિષયને જીતવા અતીવ મુશ્કેલ છે. માસ ખમણની તપસ્યાના પારણે મથુરા નગરીમાં ગોચરી જનારા વિશ્વભૂતિ એટલે ભગવંત મહાવીરના જીવને પિત્રાઈ ભાઈના વચનો ભાલાની માફક ભોંકાવા લાગ્યા, અને તેથી શ્રોત્રઇન્દ્રિયના વિષય વિકાર રૂપ વચનોથી પરાજય પામેલા ભગવંતને નરકાદિ ગમન કરવું પડયું.

૨૪. શંકા—મિથ્યાત્વી વિગેરે તરફથી આવનારાં વચન રૂપ બાણોમાંથી બચવાના રસ્તા બતાવનાર કયું આગમ છે ?

સમાધાન—બીજું શ્રી સૂત્રકૃતાંગ છે.

૨૫. શંકા—દરેક ધર્મને ચલાવનારા ગુરૂઓ ધર્મને બતાવે છે, પણ તે ગુરૂઓ દેવ તત્ત્વને સ્પષ્ટપણે સમજાવ્યા વગર ગુરૂ તત્ત્વને અને ધર્મ તત્ત્વને સમજાવે છે તે યોગ્ય છે કે અયોગ્ય ?

સમાધાન—અયોગ્ય છે, કારણ કે દેવતત્ત્વની સ્પષ્ટતા ઉપર ગુરૂતત્ત્વની અને ધર્મતત્ત્વની આરાધના રહેલી છે, જેના આચાર-વિચાર-વાણીમાં ઠેકાણું નથી તેઓ દેવ થવાને યોગ્ય નથી, અને દેવના નિર્ણય વગર ગુરૂ ધર્મતત્ત્વની વ્યવસ્થા કરવી તે અસ્થાને છે.

૨૬. શંકા—મોહરાજાની સામે મોરચા માંડવામાં વીતરાગ સિવાયના દેવાદિને માનીએ તો વાંધો શો ?

સમાધાન—મ્હોટો વાંધો છે, કારણ કે દુનિયાને અસાર માનવી અને તેજ દુનિયાને સાર માનીને રાગ-રંગમાં રંગયેલા દેવોને દેવ માનવાથી જીતવા નીકળેલો જીવ મોહરાજાથીજ માહત થાય છે. મોહરાજાને બહારથી જીતવાનો દેખાવ કરવો, અને જીવને મોહરાજાથી હાર ખવરાવવામાં ઉદ્યમ તેમાં થાય છે; જેમ કૌરવના સૈન્યમાં રહેનારા કેટલાકો પાંડવોની જીત ઈચ્છતા હતા, તેવી રીતે વીતરાગ સિવાયના દેવો તો ઉલટા મોહરાજાની જીત ઈચ્છનારા અંદરના ભેદુ ફુટેલા સૈનિકો છે.

૨૭. શંકા—બીજા દર્શનમાં આશ્રમની વ્યવસ્થા કરી છે તે યથાર્થ છે કે કેમ ?

સમાધાન—આશ્રમની વ્યવસ્થા કરનારાઓએ મોહરાજાને જીત મેળવી આપવાની સગવડ કરી આપનારા દર્શનકારો છે, કારણ કે ૭૫ વર્ષ પછી મોરચો માંડવાનું જણાવે છે. મોહરાજાની સામે મોરચા માંડવાવાળાઓને આડકતરી રીતિએ રોકવાનું કામ આશ્રમની વ્યવસ્થા કરનારાઓ કરે છે. યાદ રાખવું જોઈએ કે વીતરાગને દેવ તરીકે સ્વીકાર્યા વગર, વીતરાગના પંથે ચાલનારા ગુરૂઓ પ્રત્યે આદર બહુમાન વારંવાર કર્યા વગર અને વીતરાગ કથિત આચાર વિચારનું પરિપાલન કર્યા વગર મોહરાજાને માહત કરવાનું સામર્થ્ય આવી શકાતુંજ નથી.

૨૮. શંકા—માનવતાની શરૂઆત ક્યાંથી ?

સમાધાન—ઉપકાર-અપકારની વ્યવસ્થા સમજવાની જેનામાં વાસ્તવિક લાગણી શરૂ થાય, અને ઉપકારની કિંમત સમજીને તે ચુકવવા તૈયાર થાય ત્યારે વાસ્તવિક માનવતાની શરૂઆત થાય છે.

૨૯. શંકા—પરદર્શનીઓની મતમતાંતરરૂપ ભેદી ચાલને સ્પષ્ટ કરનારૂં કયું આગમ છે?

સમાધાન—બીજું સૂત્રકૃતાંગ છે, કારણ કે સૂત્રકૃતાંગના પ્રથમ શ્રુત સ્કંધનું પ્રથમ અધ્યયન સ્વસમય-પરસમયના ગુણદોષ સમજાવે છે.

૩૦. શંકા—આચારાંગમાં સાર રૂપ વિવેચન શું છે?

સમાધાન—ધન માલ મિલ્કતં કુટુંબ કબીલાથી બેદરકાર કેમ રહેવું?, અને તે ત્યાગ કરવાથી શું લાભ?; વિગેરે તથા પાંચ આચારની વ્યવસ્થા આચારાંગમાં જણાવાય છે.

૩૧. શંકા—બીજા દર્શનમાં ૭૫ વર્ષે સન્યાશ્રમ લેવાનું કહેલું છે, એટલે સંન્યાસને તેઓ વખાણે છે તે સંબંધમાં આપનું શું મન્તવ્ય છે?

સમાધાન—૭૫ વર્ષે સંન્યાસ લેવાનું કહેનારાઓ દરેકે દરેક માણુસ સો વર્ષ જીવશેજ એવો ઈજારો રાખે છે તે તદ્દન અયુક્ત છે. સંસારની નિર્ગુણતા સમજાય એટલે સંન્યાસ લેવાનો અવસર થાય છે આ જણાવનાર એકજ જૈન દર્શન છે.

૩૨. શંકા—આશ્રમોની વ્યવસ્થા કરનારા પ્રત્યે તમને થોડો ઘણો પર આદર છે કે નહિ?

સમાધાન—બીજા દર્શનોમાં લવલેશ સંન્યાસને સ્થાન નથી તે હિસાબે કંઇક આદર રાખી શકાય, પરંતુ આશ્રમની વ્યવસ્થા કરનારાઓ કર્મના ઉદયમાં કર્મને રોકવાની મહેનત કરવાને બદલે કર્મ તોડવા નીકળેલાઓના હાથ પકડે છે એટલે તો મારનારના હાથ પકડવાને બદલે મારખાનારના હાથ પકડી વધુ પડતો માર ખવડાવનાર થાય છે.

૩૩. શંકા—શાસ્ત્રકારોએ આઠ વર્ષ પહેલાં દીક્ષા નહિં આપવી, અને સાધુ-સંમેલન પછી સોળ વર્ષ પહેલાં નહિં આપવાનો કાયદો કરીને તમારાં શાસ્ત્રકારોએ કર્મના હલ્લા રોકનારાઓના હાથ પકડી રાખીને કર્મ પાસે માર ખવડાવે છે એ વાત બરોબર છે કે કેમ?

સમાધાન—શાસ્ત્રકારોએ વયની મર્યાદા અયોગ્યતાને અંગે કરી નથી, પણ સ્વામિઅદત્ત ન લાગે તે માટે કરી છે. માનો કે એક વ્યક્તિને ૧૬ વર્ષ થયાં નથી, મા બાપની રજા નથી, અને ત્યાગની પરિણતિ થાય તથા સાધુપણું થાય તો શાસ્ત્રકારો આ પરિણતિનો અને સાધુપણાનો વિરોધ કરતાં નથી સ્વામિઅદત્ત ટાળવાની અપેક્ષાએ જે વાતની ના પાડી છે, તેને આશ્રમોની વ્યવસ્થાના અંગે કલ્પી શકાયજ નહિં.

૩૪. શંકા—ચોમાસામાં દીક્ષા કેમ ન અપાય?

સમાધાન—ચોમાસામાં અન્ય ધર્મિને દીક્ષા ન અપાય, કારણ કે "ચોમાસામાં બહાર જાય, પગ ખરડાય, અને કોઈક પ્રસંગે કાચા પાણીમાં ગ્લાન-બાળક માટે લાવવું પડે" વિગેરે શાસનમાન્ય-પ્રસંગોથી ભાવિત ન હોય તેથી તેને ચોમાસામાં દીક્ષા આપવાનો નિષેધ છે.

# ધર્મ કહેવો કોને?

લેખકઃ—પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ.

માણસ સવારના દાંત સાફ કરી આરસીમાં મોઢું જુએ છે, બપોરે જમીને બજારમાં જતી વખતે પણ મુખને દર્પણમાં જોઇને બજારમાં જાય છે, ને સાંજે બજારમાંથી આવીને પણ કાચમાં પોતાના મુખડાને ધારી ધારીને જુએ છે; તે શા માટે? માણસને એમ કે મારા મોં ઉપર ક્યાંય ડાઘ તો નથી લાગ્યો ને? અને હું કેવો દેખાઉં છું? પણ આરસીમાં મુખ જોતી વખતે કોઇનેય એવો વિચાર નથી આવતો કે, આ આરસીમાં દેખાઉં છું તે હું નથી, પણ જોનાર એ હું છું. આ દેખાય છે એ પ્રતિબિમ્બ મારા આત્માનું નથી, પણ શરીરનું છે. આરસીમાં દેખાય છે એ માલ નથી, પણ બારદાન છે.

શરીરના સૌન્દર્યને હું મારું સૌન્દર્ય માની બેઠો છું, અને મારું સૌન્દર્ય હું વિસરી ગયો છું. જે શરીર નાશવંત છે, અહિં જ જેને મૂકી જવાનું છે, જે બળી જવાનું છે, રાખ થઇને ઊડી જવાનું છે, એના અવલોકનમાં કલાકોના કલાકો નીકળી જાય અને જે આત્મા શાશ્વત છે, કરેલા કર્મનો ભોક્તા છે, એના માટે જરાય વિચાર પણ ન આવે; આ કેવું આશ્ચર્ય?

અનાજ કેવું છે એનો વિચાર આવતો નથી અને ફોતરાં માટે માથાકૂટ થઇ રહી છે. શરીર ઉપર લાગેલા ડાઘને જુએ છે પણ આત્મા પર લાગેલા ડાઘનો વિચાર કેમ આવતો નથી? શરીરનો ડાઘ તો પાણી ને સાબુથી ધોઇ શકાશે પણ આત્મા પર લાગેલા ડાઘ તો આપણા લોહીનાં આંસુથી પણ નહિ ધોવાય!

મોં ઉપર લાગેલા ડાઘને બનાવનાર આરસી તો અનેક ઠેકાણે મળશે, પણ આત્મા પર લાગેલા ડાઘને ચિન્ધનાર-બનાવનાર-કોણ? પોતાના મુખની કદરૂપતા માટે માણસ શરમાય છે, એ કદરૂપતાને ટાળવા અનેક પ્રયત્નો કરે છે, પણ આત્માની કદરૂપતા પળે પળ વધી રહી છે, અને આ કદરૂપા મુખને લઇ હું વિભુના પવિત્ર ધામમાં કઇ રીતે જઇશ, એના માટે ચિન્તા કરનારા કેટલા? જ્યાં અનન્તા નિર્મળ આત્માઓ બિરાજે છે, એવા સિદ્ધોના પવિત્ર ધામમાં જવા માટે આ આત્મા લાયક છે ખરો? આરસીમાં જે મુખ ધારીને જોવાય છે એ મુખ ઉપર અસત્ય, અસંયમ, અનીતિના કેટલા અપવિત્ર ડાઘ લાગેલા છે? છતાં માનવી ગર્વ કરીને ફરે છે. પોતાના સ્થૂલ સૌન્દર્યને આરસીમાં જોઈ મલકાય છે. અંતરનું રૂપ, આત્માનું સૌન્દર્ય અને પવિત્ર જીવનનું લાવણ્ય ભૂલાણું એનું જ આ દુઃખદ પરિણામ છે.

એટલા માટે જ જીવન દૃષ્ટાઓ કહે છેઃ—ભાઇ, તારે આરસીમાં મોં જોવું હોય તો જો; પણ સાથે સાથ આત્માનું અવલોકન પણ કરતો જા. આત્માનું નિરીક્ષણ વધતાં, આ સ્થૂલ રૂપનું આકર્ષણ ઘટશે અને આ સ્થૂલનું આકર્ષણ ઘટતાં આત્માનું સૌન્દર્ય વિકસશે.

प्रत्यहं प्रत्यवेक्षेत नरश्चरितमात्मनः।
किं नु मे पशुभिस्तुल्यं किं नु सत्पुरुषैरिति ?॥

રોજ પ્રભાતે માણસે પોતાના ચારિત્ર્યનું—પોતાના વહેતા જીવનનું—અવલોકન કરવું જોઇએઃ

મારું જીવન પશુ જેવું છે કે સત્પુરુષ જેવું? સત્પુરુષોનું જીવન કેવું નિર્મળ છે ને મારું જીવન કેવું મલિન છે?

આ સંસારની ફૂલવાડીમાં મારું જીવન ગુલાબના ફૂલ જેવું સુવાસિત છે કે લસણ જેવું દુર્ગન્ધ ભરેલું? આ જગતમાં જન્મીને મેં આશીર્વાદ મેળવ્યા કે શ્રાપ? મારી વિદાય વખતે આંસું હશે કે અટ્ટહાસ્ય? હું અહિ શું કરવા આવ્યો હતો ને શું કરી રહ્યો છું? હું કયાંથી આવ્યો હતો ને કયાં જવાનો છું? મારું સ્વરૂપ કેવું છે ને હું આજે કેવું માનું છું?-આવા પ્રશ્નો ઉંડાણમાંથી જાગે તોજ માણસને પોતાની સ્થિતિનું ભાન થાય કે:—

હું મનુષ્ય છું મનુષ્યત્વને શોભે એવું જીવન મારે જીવવાનું છે અને આ શરીરદ્વારાજ મારે બંધન મુક્તિ કરવાની છે. મને સુંદર માનવદેહ મળેલ છે, તીક્ષ્ણ બુદ્ધિ મળી છે, અન્યની વેદના ઝીલવા યોગ્ય કોમળ હૃદય મળ્યું છે; આવી સુંદર વસ્તુઓને હું કેમ વેડફી શકું? પશુ જેવું જીવન જીવવા કાંઇ આ મહામૂલી જિંદગી નથી મળી. આત્માને નિર્મળ કરવાનો, જીવનને સુગંધથી ભરી દેવાનો, શુભ અવસર સાંપડયો છે. કેટકેટલા ત્યાગી પુરુષોએ આ માનવ જીવનની ગૌરવગાથાઓ ગાઇ છે? તે શા માટે? ત્યાગીઓએ આ દેહમાં શું વિશેષતા નિહાળી? આ દેહમાં એમને શું ભવ્યતા ભાસી? શા માટે પશુઓ અને મનુષ્યોને એક કક્ષાએ ન મૂકયા? શું બંનેમાં જીવન નથી? છે જ. તેમજ બંનેને આહાર-નિદ્રા-ભય ને કામની લાગણી નથી? તે પણ છે જ. તો પછી બંને વચ્ચે ભેદ શા માટે? માનવીને ઉચ્ચ કક્ષાએ મૂકયો અને પશુને નીચી કક્ષાએ શા માટે? જ્ઞાનીઓને શું આ માનવ દેહનો મોહ હતો? ના, તેઓને આ દેહની કિમ્મત તો કંઈ જ નથી. પણ કિમ્મત છે એક ધર્મની; અને તે ધર્મ આ માનવદેહદ્વારા જ શકય છે. એટલે આત્માને અજવાળનાર ધર્મને લીધે આ દેહની કિંમત પણ વધી અને માનવ જીવનની ગૌરવગાથા ગવાણી.

ધર્મ માનવા જીવનને તેજસ્વી બનાવે છે, ધર્મ આ જીવનમાં સંસ્કારના પ્રાણ ફૂંકે છે. ધર્મ માણને ઉર્ધ્વગામી બનાવે છે, અને એની દેવત્વના સિંહાસન પર પ્રતિષ્ઠા કરે છે. ધર્મ વિહોણું જીવન એ તો આત્મા વગરના શરીર જેવું છે કે જેમાં ન હોય નૂર કે ન હોય પ્રકાશ; ન હોય પ્રાણ કે ન હોય પવિત્રતા; જીવનમાં પ્રાણ ને પવિત્રતા રેડનાર ધર્મ જ છે.

ત્યારે આપણને વિચાર આવશે કે ધર્મ જો જીવનમાં આવો વ્યાપક છે તો તે દેખાતો કેમ નથી? ભૂખ લાગે ત્યારે ધર્મ ખાવા કામ લાગતો નથી, તરસ લાગી હોય ત્યારે ધર્મ પીવા કામ લાગતો વથી, ટાઢ વાય ત્યારે ધર્મ ઓઢવા કામ લાગતો નથી, દેવું ચૂકવવું હોય તો તે દેવા પેટે આપવા કામ લાગતો નથી અને વ્યવહારમાં કોઈ વસ્તુના વિનિમયમાં પણ આવતો નથી; તો પછી ધર્મનું મહત્ત્વ શું?

આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીઓ જણાવે છે કે, ધર્મ એ તો ઝાડનાં મૂળિયા જેવો છે. મૂળિયાં ફળની જેમ ખાવા કામ લાગતાં નથી. ઝાડના બીજા અંગોની જેમ બહાર દેખાતાં નથી. ધૂળમાં દટાયેલાં છુપાયેલાં હોય છે, છતાં એ ન હોય તો ટકી રહેવાની તાકાત ઝાડમાં નથી જ. વૃક્ષો ફળે છે, ખીલે છે, મીઠાં ફળો આપે છે, આ બધી બાહ્ય ક્રિયાઓનો આધાર તો મૂળિયાં છે, તેમ જીવનના મૂળમાં પણ ધર્મ પડેલો છે. જ્યાં

પ્રતિભા દેખાય છે, ઉન્નતિ દેખાય છે, સુખ ને આબાદી દેખાય છે ત્યાં ધર્મ છે. જ્યાં કંગાલિયત દેખાય છે, અવનતિ દેખાય છે. દુઃખ ને બરબાદી દેખાય છે ત્યાં અધર્મ છે. આ ધર્મ પશુઓને સાંપડયો નથી એટલે એ કનિષ્ઠ છે, હીન છે. મનુષ્ય આ ધર્મને પામીને શ્રેષ્ઠ અને બડભાગો થયો છે, આ ધર્મથી માનવદેહ ગૌરવાન્વિત છે!

ધર્મની આવી પ્રશંસા સાંભળી સહજ પ્રશ્ન થાય કે, ત્યારે ધર્મ કહેવો કોને? સૌ પોત પોતાના જન્મગત અને જાતિગત ક્રિયાકાંડને ધર્મ કહે છે, અને એ જ ધર્મના નામે લડે છે, ઝઘડે છે, અશાન્તિ ઉભી કરે છે અને માનવને માનવથી દૂર લઇ જાય છે. શું આને ધર્મ કહેવો? આ પ્રશ્નનું સમાધાન જૈન દર્શને બહુ સારી રીતે કર્યું છે. ધર્મનું લક્ષણ બાંધીને માનવજાતને એક સુંદર સત્ય પીરસ્યું છે. અને ધર્મના રહસ્યને થોડા જ શબ્દોમાં વ્યકત કર્યું છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને માધ્યસ્થ-ભાવ એ ધર્મનાં ચાર લક્ષણ છે. આ ભાવનાઓથી યુકત જે ક્રિયાઓ થાય તે ધર્મ! ધર્મનું પહેલું લક્ષણ મૈત્રીભાવ.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

જે મનુષ્યના હૃદયમાં ધર્મના અંકુર ફૂટયા હોય, તેને આખું જગત મિત્રોથી ભરેલું લાગે. તેને આખું વિશ્વ પ્રેમમય લાગે. જેના હૈયામાં પ્રેમ હોય, મૈત્રી હોય, તેનું હૈયું શું બોલતું હોય? હું ભલે દુઃખી થયો, થાઊં; પણ બીજાને આવો વખત ન આવો, મારા સર્વસ્વના ભોગે પણ બીજા આત્માઓ તૃપ્ત થાઓ. સર્વ પ્રાણીઓ બંધનથી મુકત બનો. સૌ દોષહીન બનો. સૌ સ્વતન્ત્ર બનો. પરાધીન કોઇ ન રહો.

આ મૈત્રીભાવના પછી ધર્મના બીજા લક્ષણમાં પ્રમોદભાવના આવે છે.

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે.

આ ભાવનાનો જન્મ મહાત્માઓના બહુમાનમાંથી થાય છે. આ પ્રમોદભાવના રંગથી રંગાયેલા હૈયાવાળો માણસ મહાપુરુષોને જોઇ આનન્દ પામે, જગતને મંગળમય પંથે લઇ જતા સંતોને જોઇ, આ ભાવનાવાળાનું હૈયું નાચવા માંડે. એને એમ થાય કે, આ સત્પુરુષો જ જગતને કલ્યાણનો માર્ગ બતાવનારા છે, આ ભોમિયાઓ વિના ભવવનમાં ભૂલા પડેલાઓને માર્ગ કોણ ચિંધે?

આ સંસારરૂપ મરુભૂમિમાં આ સજ્જનો જ શીળી છાયા આપનાર વૃક્ષો જેવા છે. પ્રમોદભાવવાળો માણસ આવા પુરુષોને જોઇ એમના ચરણોમાં ઢળી પડે. તમે તમારા માટે આ ભાવ વિચારી જોજો. તમે મિત્રો સાથે વટથી ચાલ્યા જતા હો અને માર્ગમાં સંતના દર્શન થાય તો એમના પગમાં પડો ખરા? માર્ગમાં એમના પગમાં પડતાં શરમ આવે અને અમલદારને, કોઈ વડા અધિકારીને ઝૂકીને નમન કરતાં શરમ ન આવે! સત્તા અને શ્રીમંતાઇ આગળ માણસ ઝૂકી પડતો હોય અને સંયમ અને ત્યાગ આગળ માણસ અક્કડ થઇને ચાલતો હોય તો માનવું કે, આ હૃદયમાં પ્રમોદભાવનું દેવાળું છે. એ પછી ધર્મનું ત્રીજૂં લક્ષણ છે કારુણ્યભાવ.

દીન ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરુણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.

જેના હૈયામાં કરુણાભાવ વિકાસ પામેલો હોય, એનું હૈયું જગતના જીવો માટે સહાનુભૂતિથી છલકાતું હોય, તે બીજાનાં દુઃખોને પોતાનાં દુઃખો માને અને એ દુઃખોને દૂર કરવા સતત પ્રયત્ન કરે. દીન આત્મા પ્રત્યે એ હૈયાની સહાનુભૂતિ બતાવે. ધર્મ વિહોણા અને ક્રૂર

આત્માઓને જોઈ, એનું હૃદય દયાર્દ્ર બની જાય અને એને થાય કે, આ સત્તા ને શ્રીમન્તાઈના ઘમંડમાં કોઈનુંય સાંભળતા નથી, કોઈ દુઃખીની સામુ પણ જોતા નથી, પણ એમનું પુણ્ય પરવારી જશે ત્યારે આ જીવોનું શું થશે ? તે વખત એમનો આધાર કોણ ? આજે જે હસતાં હસતાં પાપો કરી રહ્યા છે એ પાપો તો રોતાં પણ નહિ છૂટે, જે કૂવામાંથી આ માણસો તુચ્છ આનન્દનું પાણી ઉલેચી રહ્યા છે, એ કૂવો તો અન્તે આંસુથી ભરવો પડશે. જગતની દૃષ્ટિએ દેખાતા આ આજના સુખી જીવો, એ આવતી કાલના દુઃખી જીવો છેઃ આવો કરુણા ભર્યો વિચાર આવતાં, કારુણ્યભાવવાળાનું હૈયું ભરાઇ આવે છે, અને એના નયનોમાંથી આંસુની ધારા વહેવા લાગી જાય છે. ધર્મનું ચોથુ લક્ષણ તે મધ્યસ્થભાવ

માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચિંધવા ઉભો રહું,
કરે ઉપેક્ષા એ માર્ગની, તોય સમતાચિત ધરું.

આ ભાવનાવાળા માણસ પાપના કીચડમાં પડતાં માનવીને બચાવવા પ્રયત્ન કરે, પોતે બીજાને પાપી બનાવવાનું નિમિત્ત ન બને. અધર્મના માર્ગે જતાં કોઇ પણ પ્રાણીને શકય હોય ત્યાંસુધી એ અટકાવે, માર્ગ ભૂલેલાને માર્ગ ચિંધે, પણ માર્ગ ચિંધવા જાય અને અવળે માર્ગે જનારો કહે કે, "તને કોણે ડાહ્યો કર્યો છે ? તું તારું કામ કરને, અમે અમારું ફોડી લઈશું. તારે અમારામાં પડવાની જરૂર નથી. તારી સલાહ અમારે નથી જોઇતી." તોય એના પર ક્રોધ માધ્યસ્થભાવવાળો ન કરે. ડુબતાને તારવા પ્રયત્ન કરે પણ સામો ડુબતો માણસ ન તરે તો ધક્કો તો ન જ મારે.

જે મનુષ્ય આ ચાર ભાવનાપૂર્વક જીવનની ક્રિયા કરતો હોય, એનામાં સ્વાર્થબુદ્ધિ કે પરવંચના કેમ હોઈ શકે ? એ તો એમ જ માનતો હોય કે, હું આ દુનિયામાં આવ્યો છું, માનવતાની સુવાસ ફેલાવવા તો પછી મારાથી તો જરા પણ બૂરું કેમ થાય ? જગતના ભલામાં જ મારું ભલું છે. જગતમાં અશાન્તિ હોય તો હું શાન્તિથી કઇ રીતે જીવી શકું ? હું જેમ સુખ, શાન્તિ અને આબાદી ઈચ્છું છું, તેમ બીજાને પણ એની જ તૃષ્ણા છે. તો મારું અત્યારે કર્તવ્ય એ છે કે, બીજાને શાન્તિ આપવી અને બીજાને અશાન્તિ ન થાય એ રીતે મારે જીવવું. બીજા લોકો ભોગ-વિલાસમાં કઇ રીતે જીવન જીવે છે એનો વિચાર કરવા કરતાં હું કઇ રીતે જીવન જીવું છું, એ વિચાર મારે પહેલો કરવાનો છે. જગતના અશાન્તિમાં મારો ફાળો કેટલો છે ?

જગત દુઃખી હોય ત્યારે હું એશ-આરામમાં કેમ જીવી શકું ? માનવજાત સંકટમાં સપડાયેલી હોય ત્યારે હું છુપાઇને મારી જાતનું રક્ષણ કઇ રીતે કરી શકું ? મારે તો ઝંપલાવવું જોઇએ, મારા ભાઈઓનું રક્ષણ કરવું જોઈએ. આ સમયે હું મારી જાતનું વિલોપન કરી, સૌના કલ્યાણ માટે ખપી જાઊં તો જ હું સાચો ધર્મી. પરસેવા એ જ આત્મસેવા છે. અર્પણ એ જ મારું કર્ત્તવ્ય છે. એથી જ મારું કલ્યાણ થવાનું છે.

જ્યાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થભાવ રમતા હોય ત્યાં માન કે અપમાન, સ્તુતિ કે નિન્દા કોઇની કંઇ જ પડી ન હોય. એ કોઈ દિવસ પ્રશંસાથી ફૂલાય નહિ અને અપમાનથી મુંઝાય નહિ. એને પોતાના અર્પણનો જ આત્મસંતોષ હોય, એને બીજાના મતની, બીજાની પ્રશંસાની જરૂર ન હોય તે કોઇ દિવસ અટકે નહિ, થાકે નહિ. એ એમ જ માને કે હું મારા આત્મસંતોષ માટે કરું છું, આમાં હું શું મહાન કરી રહ્યો છું ? અરે, જડ પણ મૈત્રી કરે તો જાત સમર્પણ કરે તો હું ચેતન આટલું પણ ન કરી શકું ?

દૂધ અને પાણીની મૈત્રી કેવી ભવ્ય છે! દૂધે પોતાનો ઉજ્જવળ રંગ પાણીને આપ્યો અને પાણીએ પોતાની જાતને દૂધમાં વિલોપન કરી. બંને એક બન્યા. દૂધ એ દૂધ ન રહ્યું ને પાણી એ પાણી ન રહ્યું. મૈત્રીભાવનો અર્થ જ ઐક્યતા છે. ઐકયતામાં ભેદ ન હોય. ભિન્નપણું પણ ન હોય. હવે દૂધ ચુલા પર ચઢે ત્યારે દૂધ ગરમ થતું જાય, તેમ પાણી બળતું જાય. કારણ કે પાણી માને છે કે આણે મને રંગ આપ્યો તો મારે એની ખાતર બળવું જોઇએ. અને પાણી બળવા લાગે છે-બળી જાય છે. ત્યારે દૂધ વિચારે છે: મારે માટે પાણીએ પ્રાણ આપ્યા તો મારે એની પાછળ બળી મરવું જોઇએ. અને પછી એ ઉભરો થઇ અગ્નિમાં ઝંપલાવે છે, મિત્ર પાછળ બળી મરવા તૈયાર થાય છે. ત્યારે માણસ શું કરે છે? દૂધમાં પાણી રેડે છે. મિત્રને પામતાં દૂધ શાન્ત બની જાય છે. ઉભરો બેસી જાય છે. અને પછી માણસો તુરત દૂધને ચુલા ઉપરથી ઉતારી લે છે.

આ જડની મૈત્રી! જડ પણ મૈત્રીભાવ કેળવ્યા પછી અર્પણ કરવા તત્પર બને છે, આપણે તો ચેતન કહેવાઇએ; વિચાર કરવાની જરૂર છે કે આપણામાં આવો મૈત્રીભાવ આવ્યો? કદી આવી ત્યાગની ભાવના જન્મી? માટે જ ચિન્તકો કહે છે કે, ધર્મનું પહેલું પગથિયું મૈત્રી છે. આ મૈત્રીનો ઉદય થયા પછી આપણે ગમે એવું મહાન કાર્ય કરીશું તોય આપણામાં 'અહમ્' નહિ આવે. એમ જ થશે કે, આ તો મારું કર્તવ્ય છે, અને માનવ તરીકે હું આરા કર્તવ્યો કરું છું; આવી કર્તવ્યભાવનાને જગાડવા માટે, પ્રભાતે આત્મચિન્તન અને જીવનચિન્તન કરવું જોઇએ. અને કાચની આરસીમાં મુખડાને જોવા કરતાં મહાપુરુષોના ચરિત્ર રૂપ આરસીમાં આત્માનું સૌન્દર્ય અવલોકવું; એ જ કલ્યાણનો માર્ગ છે.

# શ્રીસંઘ-સમાચાર.

સુરત—પ. પૂ. આચાર્યદેવ શ્રીચંદ્રસાગરસૂરિવર્ય આદિ ઠા. ૧૨ શ્રી હરિપરાના ઉપાશ્રયે જ્યારથી પધાર્યા છે, ત્યારથી વિશાળ એવો પણ હરિપરાનો ઉપાશ્રય હજાર ઉપરાંતના શ્રોતાવર્ગના સદ્ભાવે સાંકડો પડવા લાગ્યો છે.

ભાવિકોની ઇચ્છાને માન આપી શ્રી ભગવતિ સૂત્ર વાંચવાનું નક્કી થતાં શ્રાદ્ધરત્ન શેઠ શ્રી ચંદુલાલ નગીનદાસ જરીવાળાએ પોતાને ત્યાં શ્રી ભગવતિસૂત્ર તથા શ્રી જૈન રામાયણને પધરાવી રાત્રિ જાગરણ તથા પ્રભાવના કરી હતી. અસાડ સુદી ૫ ની સવારે દબદબા ભર્યો શાસન પ્રભાવનાને શોભતો વરઘોડો વાજતે ગાજતે શેઠ ચંદુભાઇને ત્યાંથી નીકળી જાહેર માર્ગોએ ફરી ઉપાશ્રયે આવેલ, વરઘોડામાં શહેરના જુદા જુદા વિભાગોમાંથી ધાર્મિક જનતા લાભ લેવા આવી હતી. પૂજ્ય આ. દેવશ્રીને ભગવતિસૂત્ર વહોરવવાની ઉછામણી બોલાતાં શ્રી ભગવતિજી અને રામાયણ અનુક્રમે શ્રી ચંદુભાઈ નગીનદાસ તથા શેઠશ્રી ઠાકોરભાઇ નગીનદાસ જરીવાળાએ વહોરાવવાનો લાભ લીધો હતો. તથા જ્ઞાન પૂજનનો સહુએ લાભ લીધો પછી પૂજા ભણાવવા વિગેરે કાર્યો થયા બાદ પૂજ્ય આચાર્યદેવશ્રીના શ્રીમુખે ભગવતિ સૂત્રની દેશના શરૂ થઈ હતી. વિખરાતી મેહનીને પ્રભાવના આપવામાં આવી હતી.

અમદાવાદથી ગુરુ ભક્ત શ્રાદ્ધવર્ય શેઠશ્રી મોહનલાલ છોટાલાલ ભાઇ, શેઠશ્રી ચીમનલાલ મંગળદાસ વગેરે વંદના આદિ અર્થે આવતાં તેઓ તરફથી પ્રભાવના આદિ થયાં હતાં. વડાચૌટા, નવાપરા, છાપરીઆશેરીના ઉપાશ્રયેથી ચાતુર્માસ માટે પૂજ્ય મુનિવર્યો મોકલી આપવાની આગ્રહભરી વિનંતિઓ ત્યાંના શ્રી સંઘ તરફથી થઈ હતી, આથી પૂજ્ય આચાર્ય શ્રીએ પૂ. મુનિવર્ય શ્રીચંદનસાગરજી મ. તથા તપસ્વી પૂ. મુનિવર્ય શ્રી મેઘસાગરજી મહારાજને વડાચૌટાના ઉપાશ્રયે ચાતુર્માસ કરવા જવાની આજ્ઞા ફરમાવી છે. પૂ. મુનિવર્ય શ્રી ઇન્દ્રસાગરજી મહારાજશ્રીએ અસાડ સુદિ ૧૪ થી ૧૬ ઉપવાસ કર્યા છે, અને તેઓશ્રીને શ્રાવણ સુદિ ૧ નું પારણું સુખરૂપે થયું છે.

**સુરત**—વડાચૌટાના ઉપાશ્રયે **પૂ. મુનિરાજ શ્રી ચંદનસાગરજી મહારાજ** આદિ ઠાણાં બે, અસાડ સુદિ ૧૨ ના અત્ર પધાર્યા છે, વ્યાખ્યાનનો લાભ ભાવિકો ઠીક લઇ રહ્યા છે. શ્રી માર્ગાનુસારી–પાંત્રિસ ગુણનું વિવરણ, તથા ભાવનાધિકારે વસુદેવહીન્ડી વંચાય છે. તપસ્વી **મુનિરાજ શ્રી મેઘસાગરજી મ.** શ્રીને સત્તરમો વર્ષી તપ ચાલે છે.

**વઢવાણ શહેર**—પૂ. મુનિવર્ય શ્રી રૈવતસાગરજી મહારાજ આદિ ઠાણાં બે ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો ત્યારથી વ્યાખ્યાન ચાલે છે. ભાવિકોની વિનંતીથી અસાડ સુદિ ૧૧ થી વ્યાખ્યાનમાં શ્રી ધર્મ રત્ન પ્રકરણ અને ભાવના અધિકારે શ્રી જૈન રામાયણ વ્રાંચવાનું નક્કી થતાં વહોરાવવાની ઉછામણી બોલાવી હતી. તેમાં રૂા. ૧૦૫) રૂપીઆ બોલી શેઠશ્રી ફુલચંદ લાલચંદ ઘાસલેટવાળાએ શ્રી ધર્મ રત્ન પ્રકરણ વહોરાવેલ, તથા રૂા. ૧૧) રૂપીઆ બોલી શેઠ રતિલાલ જીવણભાઇએ જૈન રામયણ વહોરાવેલું; પૂજાઓ આદિ કાર્યક્રમો આ અંગે થયા હતા; વ્યાખ્યાનનો લાભ જનતા સારા પ્રમાણમાં લેઇ રહી છે. નવકાર તપમાં ૯૦ માણુસ હતું. સામાયિક શાળા ચાલુ છે, અને ૪૫ છોકરાઓ સામાયક કરે છે. સ્નાત્ર મંડળ પણ શરૂ છે.

**વડનગર**—પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિની આજ્ઞાથી પૂ. ઉપા–શ્રીદેવેન્દ્રસાગરજીએ વિસનગરથી પોતાના શિષ્યો શ્રી દોલતસાગરજી અને અને નરેશસાગરજી ને ચોમાસા માટે વિહાર કરાવ્યો છે. અસાડ સુદ ૧૩ પ્રવેશ શાસન પ્રભાવના વધે તે રીતિએ શ્રી સંઘ કરાવ્યો છે. નવકાર મંત્રની આરાધનામાં ૬૫ ભાઇ બ્હેનોએ લાભ લીધો છે.

**સુરેન્દ્રનગર—આચાર્ય શ્રી ચન્દ્રસાગરસૂરિજીના શિષ્ય પૂ. મુનિવર્ય શ્રી ચન્દ્રકાન્તસાગરજી મ.** તથા પૂ. મુનિવર્ય શ્રી ચન્દ્રપ્રભસાગરજી મ. આદિ ઠા. ૩ નો ચાતુર્માસ–પ્રવેશ શાસન પ્રભાવના વધે તે રીતે થયો છે. વ્યાખ્યાનમાં શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ અને ભાવનાધિકારે શ્રી જૈન રામાયણ વંચાય છે. વ્યાખ્યાનમાં વિશાલ ઉપાશ્રય પણ નાનો લાગે તેવી ભરપૂર મેદની ભરાય છે.

**જામનગર**—પૂ. આ. શ્રી વિજયહિમાચલસૂરિજી આદિ ઠાણાં ચાતુર્માસ બીરાજે છે. વ્યાખ્યાનમાં શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર તથા ભાવનાધિકારે પ્રિયંકરનૃપ કથા વંચાય છે, અસાડ સુદ ૯ દિને સાધ્વીજી મ. શ્રી પ્રવીણાશ્રીજી ને તથા હિરણ્યશ્રીજીને વડી દીક્ષાઓ આપવામાં આવી છે.

**સાલડી—પૂ. આ. શ્રી વિજયકુમુદસૂરીશ્વરજી** મ. આદિ ઠા. ૪ ચાતુર્માસ અર્થે પધારતાં જેઠ સુદ ૧૦નો પ્રવેશ વધતા ઉત્સાહે થયેલો વ્યાખ્યાનમાં જનતા ઠીક પ્રમાણમાં આવે છે.

**કરચેલીઆ**—પૂ. તપસ્વી મુનિશ્રી દયામુનિજી ચાતુર્માસ પધાર્યા છે વ્યાખ્યાનમાં આત્મભાવના અને ચંદરાજાનું ચારિત્ર વંચાય છે.

**મુંબાઇ**–પ. પૂ. તપસ્વી મુનિરાજશ્રી ધર્મસાગરજી મ. આદિ ઠા. ૯ શ્રી આદેશ્વરની ધર્મશાળા પાયધુની ચાતુર્માસ બીરાજે છે. વ્યાખ્યાનમાં અસાડ સુદિ ૩ થી શ્રી આચારાંગસૂત્ર અને ભાવનાધિકારે વસ્તુપાલ તેજપાલ વાંચવાનુ નક્કી થતાં તે નિમિત્તે રાત્રી જાગરણ આદિ શુભ કાર્યો થયાં હતાં વ્યાખ્યાન પૂ. મુનિરાજ શ્રી અભયસાગરજી મ. સુન્દર શૈલીથી આપતા હોવાથી સંખ્યા ઘણી સારી થાય છે. દર રવિવારે બપોરના શ્રોતાઓની માગણીથી નંદીસૂત્રની વાંચના દોઢ કલાક આપે છે, ગોડીજી જૈન મિત્ર મંડળ તરફની આમન્ત્રણ પત્રિકાથી યુગ પ્રધાન તપ અને અઠ્ઠાવીસ લબ્ધિનો તપ આરાધના કરવા સવાસો ઉપરાંત ભાવિકો અસાડ સુદિ ૨ થી જોડાયાં છે. ક્રિયાના અર્થો પણ મુનિવર્ય શ્રી અભયસાગરજી મહારાજશ્રી વિશિષ્ટ શૈલીથી સમજાવતા હોવાથી ક્રિયાવાળાની સાથે બીજા પણ ભાવિકો શ્રવણનો લાભ લે છે શ્રાવણ સુદિ ૧ થી શ્રી ચૌદ પૂર્વનો તપ શરૂ થનાર છે. વ્યાખ્યાન—પ્રતિમક્રણ આદિમાં બધાય ઉપાશ્રય કરતાં અહિં સંખ્યા સારા પ્રમાણમાં જોડાય છે.

## ઉદ્દાર ભેટ–

**પૂ. મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મ. ના સદ્‌ઉપદેશથી મૂળી (સૌરાષ્ટ્ર) જૈન સંઘ તરફથી રૂા. ૩૦–૦–૦ ભેટ મળ્યા છે.**

# ચાતુર્માસ નિર્ણય—

( ગતાંક ૮. પૃ. ૧૬૪ થી ચાલુ )

**સુરત**—પ. પૂ. આચાર્યદેવ શ્રીચન્દ્રસાગર-સૂરિવર્ય આદિ ઠાણાં ૧૦ હરિપરા જૈન ઉપાશ્રયે.

**સુરત**—પૂ. મુનિવર્ય શ્રીચંદનસાગરજી મ. તથા તપસ્વી મુનિરાજ શ્રી મેઘસાગરજી મ. વડાચૌટા જૈન ઉપાશ્રય.

**અમદાવાદ**—પ. પૂ. આ૦ દેવશ્રી હિમ-સાગરસૂરિજી આદિ ઠાણાં માંડવીની પોળમાં નાગજી ભુદરની પોળના ઉપાશ્રયે

**વળા**—(વલ્લભિપુર) પૂ. મુનિશ્રી હંસસા-ગરજી મહારાજ આદિ ઠા. ૪.

**ઊંઝા**—પૂ. પં શ્રી કૈલાસસાગરજી ગણી આદિ ઠાણાં.

**મુંબાઈ**—પૂ. તપસ્વી મુનિવર્ય શ્રી ધર્મ-સાગરજી ગણીવર આદિ ઠાણાં ૯.

**અમદાવાદ**—પૂ. આ. શ્રી વિજય-ભક્તિ-સૂરિજી, શાહપુર મંગલ પારેખનો ખાંચો.

**મીયાંગામ**—પૂ. પં. શ્રી માનસાગરજી ગણીવર.

**જામનગર**—પૂ. આ. શ્રી વિજયહિમાચલ-સૂરિજી આદિ ઠાણાં જૈનશાળાના ઉપાશ્રયે.

**સાલડી**—(ઉ. ગુજરાત) પૂ. આ. શ્રી વિજય-કુમુદસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણાં.

**જામકંડોરા**—(સૌરાષ્ટ્ર) પૂ. પં. શ્રી કીર્તિ-મુનિગણિ આદિ ઠાણાં.

**જુનાડીસા**—પૂ. આ. શ્રી. કીર્તિસાગર-સૂરિજી આદિ ઠાણાં.

**જાવાલ**—પૂ. મુનિરાજ શ્રી સુરેન્દ્રસાગરજી મ. આદિ ઠાણાં.

**સીરોહી**—પૂ. આ. શ્રી વિજયરામસૂરિજી ડેલાવાળા

**સુદ્રોલ**—(કર્ણાટક) પૂ. મુનિશ્રી ગુણસાગરજી આદિ ઠાણાં.

**સુરત—ગોપીપરા** સાગરનો ઉપાશ્રય. સા. શ્રી પુષ્પાશ્રીજી તથા સા. શ્રી સુમલયાશ્રીજી આદિ ઠાણાં ૨૧.

**સુરત—ગોળશેરી** ગળેમંદીનો ઉપાશ્રય સાધ્વીજી મ. શ્રી ચેતનાશ્રીજી આદિ ઠાણાં તથા સાધ્વીજી મ. સદ્દગુણાશ્રીજી આદિ.

**શીહોર**—સાધ્વીજી મ. શ્રી ચતુરશ્રીજી આદિ ઠાણાં.

**માદુંગા**—સાધ્વીજી મ. શ્રી રંજનશ્રીજી આદિ ઠાણાં.

**ઉજ્જૈન**—માળવા શ્રી સંયમસાગરજી.

**સુરેન્દ્રનગર**—સાધ્વીજી મ. શ્રી મૃગેન્દ્ર-શ્રીજી આદિ ઠાણાં.

**મહુવા**—સાધ્વીજી મ. શ્રી ગુલાબશ્રીજી આદિ ઠાણાં

**સાજાપુર**—(મધ્યભારત) સાધ્વીજી મ. શ્રી ફલ્ગુશ્રીજી આદિ ઠાણાં.

**મહિદપુર**—(મધ્યભારત) સાધ્વીજી મ. શ્રી મનોહરશ્રીજી આદિ ઠાણા.

**ડગ**—મધ્ય ભારત સા.ધ્વીશ્રી ઇન્દુશ્રીજી આદિ

**ખંભાત**—સાધ્વીજી મ. **શ્રી** રૈવતશ્રીજી આદિ ભંપોલનો ઉપાશ્રય.

**ત્રાપજ**—સાધ્વીજી મ. શ્રી મંગલશ્રીજી, હસ્તિશ્રીજી આદિ ઠાણાં બે.

**હૈદ્રાબાદ**—સાધ્વીશ્રી મંગળશ્રીજી તથા સાધ્વી શ્રી દમયંતીશ્રીજી આદિ ઠાણાં ચાર.

## — સુધારો —

ગતાંક ૮. મામાં કપડવણુજ પ. પૂ. મુનિ શ્રી લબ્ધિસાગરજી મ. આદિ ઠાણાં ૨) છપાયું છે તે સ્થાને ઠાણાં ૫) જાણવા.

# તમારી લાયબ્રેરી અને જ્ઞાનભંડારોમાં જરૂર વસાવો!!!

## હમારાં નૂતન-પ્રકાશનો—

૧ શ્રી જ્ઞાતાસૂત્ર ભાગ-૧-૨ નો સારાંશ, તથા શ્રીસૂત્રકૃતાંગ ભા. ૧ નો સારાંશ ગુર્જરભાષામાં બુકાકારે ફક્ત કિં. ૨-૮-૦

**પૂ. આગમોદ્ધારકશ્રીની પુનીત દેશનાઓ.**

૨ શ્રીઆનંદચંદ્ર સુધા-સિન્ધુ ભા ૨ (બુક) ૩-૦-૦

૩ શ્રીઆનંદચંદ્ર સુધા-સિન્ધુ ભા ૩ (બુક) ૩-૦-૦

૪ શ્રી દેશનાનંદ સુધાસિન્ધુ-કે જેમાં (બુક) ૬-૧૨-૦ શ્રી ભગવતિ સૂત્રની પ્રસ્તાવના ઉપર આપેલી પૂ. શ્રી આગમોદ્ધારકશ્રીની ૧૦૮ દેશનાઓ, જે જે ભગવતિસૂત્રના વ્યાખ્યાતાઓને ઘણીજ મદદ રૂપ બને છે. વિશાલ કદ, પાકુ બાઇંડીંગ અને ઉંચી જાતના ટકાઉ કાગળ છે.

૫ શ્રી સિદ્ધચક્ર માસિક ફાઇલો વર્ષ ૫ મું ૫-૦-૦

૫૭૮ પેજની દલદાર આ ફાઇલ છે, આમાં પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ સ્વયં કરેલી સમાલોચનાઓ તેઓશ્રીના ભાવવાહી વ્યાખ્યાનો, પંચવસ્તુ ગ્રંથનું ભાષાંતર; અને તિથિચર્ચાના સચોટ લેખો છે. બહોત્તર ફોર્મ (૭૨) ની દળદાર ફાઇલ હોવા છતાં ફક્ત રૂ. ૫) માં થોડીજ નકલો છે.

૬ શ્રીસિદ્ધચક્ર માસિક ફાઇલો બાઇંડીંગ કરેલી વર્ષ ૧૦-૧૧-૧૨-૧૫ દરેક ફાઇલના રૂ ૩-૮-૦

વર્ષ ૧૪-૧૬-૧૭-૧૯ બાઇંડીંગ કરેલી દરેક ફાઇલના રૂ. ૪-૦-૦

૭ તિથિ વિષયક ચર્ચા-સિદ્ધચક્રના-(વર્ષ ૧૦ માના અંક ૫ થી ૧૨ સુધીના અંક) ૩૨ ફાર્મનું દળદાર પુસ્તક કાચું બાઇંડીંગ ફક્ત રૂ. ૨-૦-૦ જુજ સિલિકમાં છે., અને આ પુસ્તકમાં વિજયરામચંદ્રસૂરિજી તરફના ૨૫ મુદ્દાઓ અને તેના ઉપર પૂ આગમોદ્ધારકશ્રીએ તેનું કરેલ ખંડન આ પુસ્તકમાં છે. ભાવિ પ્રજા માટે ઘણુંજ ઉપયોગી આ પુસ્તક છે.

૮ શ્રી જ્ઞાતાસૂત્ર સટીક ભા. ૧ પત્રાકાર (સારાંશસહ) ૮-૦-૦

૯ „ „ ભા. ૨ „ (સારાંશસહ) ૭-૦-૦

૧૦ સિરિસિરિવાલકહા „ ૩-૦-૦

૧૧ શ્રીસિદ્ધ-હેમશબ્દાનુશાસનમ્-આનંદ બોધિની ટીકા ભા ૧ બુકાકારે ૩૦-૦-૦

૧૨ સિદ્ધહેમશબ્દાનુશાસનમ્ અઢી અધ્યાય દશપાદ પર્યંત અને સ્યાદિ સમુચ્ચય યુક્ત ઉંચી જાતના લેજર પેપર ઉપર બુકાકારે ૯-૦-૦

૧૩ શ્રીચન્દ્રપ્રભાસ પાટણ તીર્થ મહાત્મ્યમ્ ૦-૬-૦

૧૪ તપોધાન ૧-૧૨-૦

૧૫ આગમોદ્ધારક ૩-૯-૦

૧૬ શ્રીપંચ-પ્રતિક્રમણ વિધિસહ (સાકી) ૧-૨-૦

તા. ક:—વીશ રૂપીઆ કે તેથી અધિકનું પુસ્તક એકી સાથે લેનારને સવા છ ટકા કમીશન કાપી આપવામાં આવશે.

૨. સિદ્ધચક્ર માસિકની ફાઇલો જ્યાં સુધી સંપૂર્ણ અંકોવાળી હશે, ત્યાંસુધી સંપૂર્ણ અંકોવાળી મોકલી આપવામાં આવશે અને સંપૂર્ણ અંકોવાળી ખલાસ થયે ત્રૂટક અંકોવાળી મોકલવામાં આવશે તેમાં દરેક અંકે ચાર આના ઓછા લેવામાં આવશે.

પ્રાપ્તિસ્થાન-શ્રીસિદ્ધચક્ર-પ્રચારક-સમિતિ,

C/o. સંઘવી ચીમનલાલ સવાઇચંદ
ઠે. ગોળશેરી. ગલેમંડી-સુરત. W. R.

( ટાઈટલ પેજ ૪ થી ચાલુ )

૯૮૭. કાયદો એક છતાં જુદા જુદા ધ્યેયવાળા વાદિ-પ્રતિવાદિના વકીલ-બેરીસ્ટર-સોલીસીટર જુદા જુદા પ્રસંગોને એકજ કાયદામાંથી કાઢે છે, તેવી રીતે જૈન-શાસનમાન્ય-સિદ્ધાંતોમાંથી શાસન રસિકો અને શાસન વિરોધિઓ જુદું કાઢે તેમાં નવાઈ નથી.

૯૮૮. કાયદા સરખા, ભણતરમાં સરખા, પરીક્ષાના પેપર સરખા, પાસ થયા પછી ડીગ્રી-(બી. એ. એલ. એલ. બી. વિગેરે) એ સરખી, છતાં કેસના અવસરે વાદિ-પ્રતિવાદિઓના વકીલ-બેરીસ્ટર સોલીસીટરોનું ધ્યેય જુદું હોય છે.

૯૮૯. કેસના ચુકાદા સુધી વકીલ વિગેરે જવબદાર જોખમદાર છે, અને અસીલ કેસના ચુકાદાના ભોગવટા પર્યંત જવાબદાર જોખમદાર છે.

૯૯૦. સોનુ, ચાંદી, હીરા પન્ના અને માણેક વિગેરે ઝવેરાતની કિંમત જેવી મગજમાં છે, તેના કોડમા હિસાબે દેવ-ગુરૂ-ધર્મની કિંમત સમજમાં આવતી નથી, તેથીજ ધર્મ પ્રવૃત્તિમાં તમને રસ નથી. જેવી રીતે ડાળી-ડાળાં-પાંદડાં-ફલ-ફુલ વારંવાર લેઇ લીધા, છતાં ટકેલા મૂળથી નવેસરથી પુનઃ પાંદડાદિ મળે છે, તેવી રીતે મૂળ સમાન ધર્મ રહેશે તો બધું રહેશે અને બધું મલશે.

૯૯૨. “ સો દવા અને એક હવા” આ કહેવતનું યથાર્થ પાલન કર્યા વગર રોગી નિરોગી થઈ શકતોજ નથી, તેવી રીતે કર્મરોગના રોગી માટે શાસનમાન્ય-વાતાવરણ શુદ્ધ હોય તો આરાધનાથી કર્મ રોગ જલ્દી વિરામ પામે છે.

૯૯૩. જે ક્ષેત્રમાં ધાર્મિક વાતાવરણ અતીવ વિશુદ્ધ હોય છે, તે ક્ષેત્રના શ્રદ્ધાળુઓની શ્રદ્ધા કાર્ય સાધક બનવામાં વગર વિલંબે આગળ વધે છે.

૯૯૪. સાનુકૂળ સંયોગોમાં હર્ષ ઘેલા થનારાઓને વિયોગની વાતો કર્ણગોચર થતી નથી, આથીજ પ્રતિકૂળ સંયોગોમાં શું કરવું ?; એ પ્રથમ સમજવાની જરૂર છે.

૯૯૫. સંયોગનો અને વિયોગનો યથાર્થ લાભ લેઇ શકે છે, તેજ સંયોગ-વિયોગની સાધન-સામગ્રીને પચાવી શકે છે.

૯૯૬. વીતરાગ શાસનના રંગથી રંગાયેલાઓ સંયોગ-વિયોગની વાસ્તવિક જડને જાણી શકે છે.

૯૯૭. બીજાને સુખી કરવાની આવડત ભલે ન હોય, પણ બીજાને દુઃખી કરવાની કાળજી જેના કાળજામાં સર્વાંશે વિરમી ગઈ છે; તેવા આત્માઓ ઉન્નતિના અમોઘ પંથે વિચરી રહ્યા છે.

૯૯૮. બીજાને દુઃખી કરવાના દુઃખદ વિચારો અને વર્તનો વાસ્તવિકરીતિએ ત્યારેજ વિરામ પામે છે કે જ્યારે તેઓના હૈયાં મૈત્ર્યાદિ ચાર ભાવનાથી ભાવિત થયેલાં હોય છે.

મુદ્રકઃ—**મૂલચંદ કસનદાસ કાપડીયા**, “જૈન વિજય” પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, **સુરત.**
પ્રકાશકઃ—તન્ત્રી-**પાનાચંદ રૂપચંદ ઝવેરી**, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, ૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ-મુંબઈ

# સુધા-વર્ષા.

આલેખનકારઃ—પૂ. આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિ.

૯૭૫. "શાસન-માન્ય-દેવાધિદેવ-ગુરૂ અને ધર્મ તારનારા છે," આ વાક્ય જેના હૃદયમાં અંકિત થાય છે, તે જીવ પોતાની જવાબદારી અને જોખમદારી સમજતો થાય છે.

૯૭૬. શાસનમાન્ય-તારનારાઓનું વાસ્તવિક જ્ઞાન થયા પછી સંસારનો ભય શરૂ થાય છે.

૯૭૭. "કરે તે ભોગવે" એ અધુરો સિદ્ધાંત મિથ્યાત્વીઓના ઘરનો છે.

૯૭૮. "કરે તે ભોગવે, કરાવે તે ભોગવે, અનુમોદના કરે તે ભોગવે, અને શાસનહિત-વર્ધક-કાર્યોની ઉપેક્ષા કરે તે પણ કર્મ બાંધીને ભોગવે;" એ શાસનમાન્ય સિદ્ધાંતને સમજતાં શીખો!

૯૭૯. "વિરમે તે બચે" એ સિદ્ધાંતની ઉંડાણમાં "વિરતિની પ્રતિજ્ઞા લીધા વગર કોઈ બચી શકતોજ નથી." આ ભાવ રહેલા છે.

૯૮૦. જ્ઞાનાવરણીય-કર્મના ક્ષયોપશમથી જ્ઞાન થાય છે એ વાત સાચી છે, પણ સમ્યગ્દર્શન વગરનું તે જ્ઞાન પણ અજ્ઞાન છે.

૯૮૧. મોહનીય કર્મના ક્ષયોપશમથી વર્તન થાય, પણ સમ્યગ્દર્શન વગરનું તે વર્તન અસદ્ વર્તન છે.

૯૮૨. સમ્યક્દર્શન સાથેનું જ્ઞાન સમ્યક્ જ્ઞાન છે, અને સમ્યક્દર્શન સાથેનું વર્તન સમ્યક્ વર્તન છે; પરંતુ તે સિવાયના સૃષ્ટિભરના જ્ઞાન-વર્તન તે બધાં મિથ્યાજ્ઞાન અને મિથ્યા-વર્તન કહેવાય છે.

૯૮૩. મિથ્યા જ્ઞાન-જ્ઞાનિઓ અને જ્ઞાનનાં સાધનો આજે વિશ્વભરમાં ઉભરાય છે, પણ તેના સંપર્કમાં સ્વ પરનું લવલેશ હિત નથી.

૯૮૪. ઇષ્ટ પ્રાપ્તિના સાધન તરીકે અને અનિષ્ટ નિવારણના સાધન તરીકે જૈન દર્શને જ્ઞાનની મહત્તા સ્વીકારી છે.

૯૮૫. વકીલની જવાબદારી જોખમદારીમાં અને અસીલની જવાબદારી-જોખમદારીમાં આભ અને જમીન જેટલું અંતર છે.

૯૮૬. આજના કહેવાતા જ્ઞાનિઓ શાસનની વાસ્તવિકરીતિએ તો તે અજ્ઞાનિઓ વકીલ જેવા છે, અને શાસનમાન્ય-પરિણતિજ્ઞાનમાં પરિપકવ બનેલાઓ અસીલ જેવા છે.

[ વધુ માટે જુવો ટાઇટલ પેજ ૩ જુ ]